
દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 24 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ સુદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 January 2026, Thursday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
ગુરુવાર, ૨૯ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# બારામતી પાસે વિમાન તૂટી પડતાં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને અન્ય ચારનો જીવ ગયો

## અજિત અનંતરાવ પવાર

૨૨-૭-૧૯૫૯ ■ ૨૮-૧-૨૦૨૬

# ટ્રેજિક અંત



બારામતીઃ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને અન્ય ચાર લોકોનાં બુધવારે પુણે નજીક બારામતીમાં વિમાન અકસ્માતમાં નિધન થયાં હતાં.

પુણે જિલ્લામાં જિલ્લા પરિષદની ચૂંટણીના પ્રચાર માટે ચાર રેલીઓ સંબોધવા અજિત પવાર સવારે મુંબઈથી રવાના થયા હતા.

એક અધિકારીએ એવી માહિતી આપી હતી કે એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો (એએઆઈબી)ની એક ટીમ વિમાન તૂટી પડવાના સ્થળની મુલાકાત લેશે અને અકસ્માતની તપાસ હાથ ધરશે. મૃતકોમાં બે ક્રૂ સભ્યોનો પણ સમાવેશ થાય છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

ફ્લાઈટ રડાર મુજબ દિલ્હી-સ્થિત વીએસઆર વેન્ચર્સ કંપનીનું આ લિયરજેટ વિમાન સવારે ૮.૧૦ વાગ્યે મુંબઈથી રવાના થયું હતું અને ૮.૪૪ વાગ્યે રડારમાંથી

(જુઓ પાનું ૨)

## દિગ્ગજોની અંજલિ

### વંચિતોના સશક્તીકરણની લગન હતી



અજિત પવારના અવસાન અંગે ઘેરા શોકમાં છું અને તેમના પરિવાર માટે સહાનુભૂતિ છે. અજિત પવાર જમીન સાથે જોડાયેલા હતા અને તેઓ લોકોના નેતા હતા. તેમનું અવસાન આઘાતજનક છે. અજિત પવાર ઉદ્યમી અને મહારાષ્ટ્રના લોકોની સેવામાં અગ્રણી હતા. વહીવટી બાબતોની તેમની સૂઝબૂઝ તેમ જ ગરીબો અને સમાજના વંચિત વર્ગના લોકોનું સશક્તીકરણ કરવાની તેમની લગન નોંધપાત્ર હતી.

**- નરેન્દ્ર મોદી, વડા પ્રધાન**


### અંગત ખોટ પડી



અજિત પવારના નિધનથી મને અંગત ખોટ પડી છે. આખું એનડીએ અજિત પવારના પરિવાર સાથે છે. તેમના મૃત્યુના સમાચારથી મને આઘાત લાગ્યો છે. ઇશ્વર અજિત પવારને તેમના ચરણોમાં સ્થાન આપે એવી પ્રાર્થના.

**- અમિત શાહ, કેન્દ્રીય ગૃહ પ્રધાન**


### સારો મિત્ર ગયો...



મેં એક સારો મિત્ર ગુમાવ્યો છે.અજિત પવારના અવસાનથી એક એવો ખાલીપો સર્જાયો છે જે ક્યારેય ભરાશે નહીં. ભેગા રહી કામ કર્યા પછી હવે આપણી વચ્ચે તેઓ નથી એ માનવું જ મુશ્કેલ છે. અજિત પવાર લોક નેતા હતા જે રાજ્યને સારી પેઠે ઓળખવા ઉપરાંત મહારાષ્ટ્રના મુદ્દાઓની ઊંડી સમજ ધરાવતા હતા. આવા નેતૃત્વના નિર્માણ અને સ્થાપનામાં ઘણા વર્ષો લાગે છે. આ શોકની ઘડીમાં સમગ્ર રાજ્ય પવારના પરિવાર અને તેમના પક્ષ એનસીપીની પડખે ઊભું છે.

**- દેવેન્દ્ર ફડણવીસ, મુખ્ય પ્રધાન**

### મોટો ભાઈ ગુમાવ્યો



અજિત પવારના અવસાન સાથે મેં મોટો ભાઈ ગુમાવ્યો છે. આ અત્યંત પીડાદાયક ઘટના છે. ખોટ કેવળ પવાર પરિવારને નહીં, સમગ્ર રાજ્યને પડી છે. .પવાર સાફ દિલના અને સરળ તેમજ નીડર નેતા હતા. વહીવટ પર તેમની જબરી પકડ હતી. અમારા (શિંદે, પવાર અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ) સંબંધ રાજકીય હોદ્દાથી વિશેષ હતા.

**- એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન**

- પાઈલટ અનુભવી હતા, વિમાન સુરક્ષિત હતું, હવામાન સારું હતું, તો પછી કેમ ક્રેશ થયું?
- વિમાનની માલિકી કંપનીએ દુર્ઘટના બાદ વૅબસાઈટ બંધ કરી

મૃત્યુ રહસ્ય જ રહેશે?

## ૮.૪૩- લૅન્ડિંગ ક્લિયરન્સ, ૮.૪૪- પ્લૅન ક્રેશ



**અગનગોળોઃ** મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને લઈ જતું વિમાન બારામતી પાસે તૂટી પડ્યા પછી તેમાં આગ લાગી હતી. (એજન્સી)

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને અન્ય મુસાફરો સાથેના વિમાનને બારામતી વિમાનમથકે ઉતરાણ માટે ઍર ટ્રાફિક કન્ટ્રૉલે બુધવારે સવારે ૮.૪૩ વાગ્યે મંજૂરી આપી હતી, પરંતુ તેની એક મિનિટમાં જ એટલે કે સવારે ૮.૪૪ વાગ્યે આ વિમાન તૂટી પડીને સળગી ગયું હતું. આ વિમાનના બન્ને પાઇલટ અનુભવી હતા, અગાઉ ડિરક્ટરેટ જનરલ ઑફ સિવિલ ઍવિયેશન (ડીજીસીએ) દ્વારા વિમાનના કરાયેલા ઑડિટમાં વિમાનમાં સલામતીને લગતી કોઇ ગંભીર ખામી નહોતી જણાઇ, હવા શાંત હતી અને વિઝિબિલિટી અંદાજે ૩,૦૦૦ મીટરની હતી, તો પછી આ દુર્ઘટના શું કામ થઇ? તે રહસ્ય છે.

મુલકી ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે અજિત પવાર અને અન્યને લઇને મુંબઈથી બારામતી ગયેલા આ લિયરજૅટ ૪૫ વિમાનના પાઇલટોને સરખી વિઝિબિલિટી હોય ત્યારે તેઓની મુનસફીએ વિમાનનું ઉતરાણ કરવા ઍર ટ્રાફિક કન્ટ્રૉલ દ્વારા સૂચના અપાઇ હતી. ઉતરાણ વખતે હવા શાંત હતી અને વિઝિબિલિટી આશરે ૩,૦૦૦ મીટર હોવાની જાણ ક્રૂને કરાઇ હતી, પરંતુ પાઇલટોએ 'રનવૅ દેખાતો નથી' હોવાનું કહ્યું હતું અને ચકરાવો લગાવ્યો હતો. બાદમાં, પાઇલટોને રનવૅ અંગે પુછાયું ત્યારે તેઓએ કહ્યું હતું કે 'હજી રનવૅ નથી દેખાતો. રનવૅ દેખાશે ત્યારે જાણ કરીશું.'

(જુઓ પાનું ૨) ▶▶

## અજિત પવારનું પ્લૅન ક્રેશ થયા પછી વિરોધ પક્ષોની માગણી

## સુપ્રીમ કોર્ટની નિગરાની હેઠળ કરાવો તપાસ

### ...તપાસ કરાવાશે જઃ એકનાથ શિંદે

પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ બુધવારે માગણી કરી હતી કે રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નેતા અજિત પવારના મરણની તપાસ સુપ્રીમ કોર્ટની નિગરાની હેઠળ થવી જોઈએ

મમતાએ આક્ષેપ કર્યો હતો કે બીજી બધી એજન્સીએ સમાધાન કર્યું હોવાથી આ તપાસ સર્વોચ્ચ અદાલતની દેખરેખમાં થવી જોઈએ. કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને વિરોધ પક્ષના બીજા નેતાઓએ આ માગણીને ટેકો આપ્યો હતો. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ તેમના સાથીદાર અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનાં મરણને દુઃખદ અને કમનસીબ ગણાવીને કહ્યું હતું કે પવારનો જાન લેનાર પ્લેનના અકસ્માતની તપાસ થશે. આ યાતનારૂપ અકસ્માત છે. મહારાષ્ટ્ર માટે આ અતિશય દુઃખદ અને કમનસીબ બનાવ છે. વિમાન તૂટી પડવાની તપાસ થશે.

કોલકતામાં બોલતા મમતાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે હાલની યંત્રણા હેઠળ સત્ય બહાર નહીં આવે અને સર્વોચ્ચ અદાલતની દેખરેખ હેઠળની તપાસ જ વિશ્વસનીય હશે. તેમણે પત્રકારને કહ્યું હતું કે અમે ફક્ત સર્વોચ્ચ અદાલતમાં જ વિશ્વાસ રાખીએ છીએ. બીજી બધા એજન્સીઓ શરણે થઈ ગઈ છે. મમતાએ એવો અણસાર આપ્યો

(જુઓ પાનું ૨) ▶▶

## અકસ્માત જ, પ્લીઝ નો પોલિટિક્સ

### શરદ પવાર

પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીને સ્પષ્ટપણે નારાજ કરતાં એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારે બુધવારે કહ્યું હતું કે તેમના ભત્રીજા અજિત પવાર અને અન્ય ચાર લોકોનો વિમાન તૂટી પડવામાં નિધન થયું તે હોનારત એક અકસ્માત જ હતો જેનું રાજકારણ ન કરવું જોઈએ.

પત્રકારોને સંબોધતા, તેમણે

(જુઓ પાનું ૨) ▶▶

## 'લાગતું હતું કે વિમાન તૂટી જ પડશે'

સાક્ષીઓના જણાવ્યા અનુસાર નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને લઈને જઈ રહેલું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા અગાઉ રનવેની દિશામાં જઈ રહ્યું હતું અને રનવેથી ૧૦૦ ફૂટના અંતરે તૂટી પડ્યું હતું.

વિમાન જ્યારે ઉતરાણ કરી રહ્યું હતું ત્યારે જ લાગી રહ્યું હતું કે તે તૂટી પડશે અને અંતે તે તૂટી પડી આગના ગોળામાં ફેરવાઈ ગયું હતું જેને પગલે સ્થાનિક લોકો ઘટનાસ્થળે ધસી ગયા હતા અને વિમાનમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો.

જોકે વિકરાળ આગને કારણે તેઓ પ્રવાસીઓને મદદ કરી નહોતા શક્યા. પવારને લઈને મુંબઈથી ઉપડેલું વિમાન ઉડ્ડયન ભર્યાના અંદાજે એકાદ કલાકમાં જ દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. ઉતરાણ સમયે પાઈલટે વિમાન પરનું નિયંત્રણ ગુમાવ્યું હતું. (એજન્સી)■

અકસ્માત ને આઘાત
૩ ૧૦

## એવું જ પ્લૅન, પેટર્ન ને હવામાન...

### ત્રણ વર્ષ પહેલાં થયેલા અકસ્માતમાં આબાદ બચી ગયા હતા છ લોકો

સપ્ટેમ્બર ૨૦૨૩માં મુંબઈ એરપોર્ટ પર બનેલી આવી જ એક વિમાન દુર્ઘટનાની યાદ તાજી થઈ રહી છે, ૨૦૨૩માં પણ આ જ મોડલનું વિમાન અકસ્માતનો ભોગ બન્યું હતું.

ત્રણ વર્ષ પહેલાં એટલે કે ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ 'લિયરજેટ 45એક્સઆર' મોડલનું એક નાનું ખાનગી જેટ (રજિસ્ટ્રેશન નંબર વીટી-ડીબીએલ) વિશાખાપટ્ટનમથી મુંબઈ આવી રહ્યું હતું ત્યારે લેન્ડિંગ દરમિયાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું.

અહેવાલમાં કરવામાં આવેલા દાવા અનુસાર ૧૪મી સપ્ટેમ્બરના સાંજે આશરે ૫.૦૨ વાગ્યે મુંબઈ એરપોર્ટના રનવે ૨૭ પર લેન્ડિંગ કરતી વખતે ભારે વરસાદ અને ઓછી વિઝિબિલિટીને કારણે પાયલટે વિમાન પરથી કન્ટ્રોલ ગુમાવ્યું હતું, જેને કારણે વિમાન રનવેની સીમા ઓળંગીને બહાર નીકળી ગયું હતું. એ સમયે વિમાનની પાંખ અલગ થઈ ગઈ હતી અને મેન બોડીને નુકસાન પહોંચવાને કારણે આગ લાગી હતી. જોકે, સદનસીબે આ અકસ્માતમાં સવાર તમામ છ લોકોનાં જીવ બચી ગયા હતા. ■

## ૨૬ મિનિટ ને પાંચ સવાલ

મુલકી ઉડ્ડયન મંત્રાલયના અહેવાલ મુજબ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને અન્યને લઇને અહીં આવેલા વિમાને બારામતીના ઍર ટ્રાફિક કન્ટ્રૉલનો પ્રથમ વખત સંપર્ક બુધવારે સવારે ૮.૧૮ વાગ્યે કર્યો હતો, પરંતુ તેના પાઇલટ્સે રનવૅ ૧૧ દેખાતો નહિ હોવાનું કહીને વિમાનને ચકરાવો મરાવ્યો હતો.

બાદમાં, આ પાઇલટ્સે રનવૅ દેખાયો હોવાનું કહ્યું હતું અને ઍર ટ્રાફિક કન્ટ્રૉલે ઉતરાણ માટે સવારે ૮.૪૩ વાગ્યે ક્લિઅરન્સ આપ્યું હતું, પરંતુ પાઇલટ્સે (કન્ટ્રૉલને) જવાબ નહોતો આપ્યો અને ૮.૪૪ વાગ્યે આ વિમાન રનવૅ ૧૧ના કિનારે તૂટી પડીને સળગતું જોવા મળ્યું હતું.

### આ દુર્ઘટનાના સંબંધમાં નીચે મુજબના પાંચ સવાલ ઊભા થાય છે

▶ **(૧) ઉતરાણ માટે અંતિમ ક્લિયરન્સ અપાયું, તે પછી શું થયું?:**

ઍર ટ્રાફિક કન્ટ્રૉલે વિમાનને ઉતરાણ માટે સવારે ૮.૪૩ વાગ્યે અંતિમ મંજૂરી આપી, પરંતુ પાઇલટ્સે કન્ટ્રૉલને કોઇ જવાબ નહોતો આપ્યો અને વિમાન સવારે ૮.૪૪ વાગ્યે સળગતું જોવા મળ્યું હતું. ડિરક્ટરેટ જનરલ ઑફ સિવિલ ઍવિયેશને વિમાન તૂટી પડવાનો સમય અંદાજે સવારે ૮.૪૫ વાગ્યાનો હોવાનું કહ્યું હતું.

આ દુર્ઘટનાના સંદર્ભે એવો સવાલ થાય છે કે દુર્ઘટના વિમાનની સિસ્ટમ્સમાં અચાનક ખામી સર્જાવાથી કે અંકુશ ગુમાવાથી અથવા કૉકપિટ ઇમર્જન્સીને લીધે થઇ હતી?

▶ **(૨) અનકન્ટ્રૉલ્ડ ઍરફીલ્ડ ખાતે વિઝિબિલિટી ખરાબ હોય તો શું કામ ઉતરાણ કર્યું?**

પાઇલટ્સે રનવૅ દેખાતો નહિ હોવાનું શરૂઆતમાં કહ્યું હતું અને વિમાનનો ચકરાવો માર્યો હતો. બારામતી અનકન્ટ્રૉલ્ડ ઍરફીલ્ડ છે અને ત્યાં ફ્લાઇંગ સ્કૂલ્સ પાઇલટ્સ કે ઇન્સ્ટ્રક્ટર્સને ટ્રાફિકને લગતી માહિતી પૂરી પાડે છે. ઉતરાણના પ્રથમ પ્રયાસ વખતે રનવૅ નહોતો દેખાયો, તો શું બીજી વખતે સ્પષ્ટ દેખાતું હતું?

▶ **(૩) વિમાનને ઉતરાણ માટે ક્લિયરન્સ અપાયું, તે પછી પાઇલટે જવાબ શું કામ નહોતો આપ્યો?**

(જુઓ પાનું ૨) ▶▶

## એનસીપીના ભાવિ સામે મોટો પ્રશ્નાર્થ

### કોઈ સ્પષ્ટ સેકન્ડ-ઈન-કમાન્ડ ન હોવાથી પક્ષ પર સંકટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના બુધવારે વિમાન દુર્ઘટનામાં થયેલા દુઃખદ અને અકાળ નિધનથી ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકારમાં ખાલીપો જ નહીં, પણ એનસીપીના ભવિષ્ય પર પણ સંકટના વાદળો ઘેરાયાં છે. રાજકીય નિરીક્ષકો કહે છે કે અજિત પવારના મૃત્યુ પછી રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી) નેતૃત્વ સંકટનો સામનો કરે તેવી શક્યતા છે, કારણ કે કોઈ સ્પષ્ટ સેકન્ડ-ઇન-કમાન્ડ નથી. 'ઘડિયાળ' પ્રતીકે તેના નિર્વિવાદ નેતા ગુમાવ્યા હોવાથી, પાર્ટીના અસ્તિત્વ અને સ્થાપક શરદ પવાર

(જુઓ પાનું ૨) ▶▶



બારામતીના વિદ્યા પ્રતિષ્ઠાન કોલેજ ગ્રાઉન્ડમાં અજિત પવારના અંતિમ દર્શન માટે ભેગા થયેલા લોકો. (એજન્સી)

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અજિત પવાર વિવાદાસ્પદ વ્યક્તિત્વ ધરાવતા નેતા હતા

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના આકસ્મિક અને અકાળ નિધને આખા દેશને સ્તબ્ધ કરી દીધો. માત્ર ૬૬ વર્ષના અજિત પવાર વતન બારામતીમાં જાહેરસભાને સંબોધવા જતા હતા ત્યારે પ્રાઈવેટ પ્લેનમાં લેન્ડિંગ વખતે જ કંઈક ખામી સર્જાતાં બારામતીના એરપોર્ટ પર જ વિમાન સળગી ગયું ને અજિત પવારની સાથે પ્લેનમાં મુસાફરી કરી રહેલા પાંચેય લોકોનું મૃત્યુ થયું હતું. બારામતીની જિલ્લા પરિષદની ચૂંટણીના પ્રચાર માટે પહોંચનારા અજિતની બારામતીમાં લોકો રાહ જોઈ રહ્યા હતા પણ અજિતના બદલે તેમના મોતના સમાચાર મળ્યા.

અજિત પવાર મહારાષ્ટ્રના રાજકારણમાં વિવાદાસ્પદ વ્યક્તિત્વ ધરાવતા નેતા હતા. શરદ પવારે ઊભી કરેલી રાજકીય મૂડીના જોરે રાજકીય કારકિર્દી બનાવનારા અજિતદાદા મોટા ભાગનો સમય કાકા શરદ પવારની નિશ્રામાં રહ્યા તેથી કાકાના બધા ગુણો તેમણે બરાબર આત્મસાત કર્યા હતા. કાકાની જેમ જ સત્તા માટે ગમે તેવાં સમાધાન કરી લેવાથી માંડીને ગમે ત્યારે ગુલાંટ લગાવવા સુધીનું બધું અજિતદાદાએ કર્યું. ભ્રષ્ટાચારમાં પણ તેમનું નામ બરાબર ખરડાયું અને એક તબક્કે તો ભાજપે અજિત પવારને મહાભ્રષ્ટાચારી ગણાવીને બરાબરનો ઉપાડો લીધો હતો. ભાજપની સરકારે તેમની સામે કેસો પણ કરેલો પણ જેવા અજિતદાદા ભાજપની પંગતમાં બેઠા કે તેમનાં બધાં પાપ ધોવાઈ ગયાં.

કોઈ પણ મોટા નેતાનું અકસ્માત કે બીજી કોઈ પણ રહસ્યમય રીતે મોત થાય એટલે તરત કોન્સ્પિરસી થિયરીઝ વહેતી થઈ જતી હોય છે. નેતાજીને કાવતરું કરાવીને પતાવી દેવાયા હોવાની વાતો ફરતી થઈ જાય છે. અજિત પવારના મોત પછી પણ એવી વાતો વહેતી થઈ જ છે. સોશ્યલ મીડિયા પર તો એ બધું ચાલે જ છે પણ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ પણ અજિતના મોત અંગે શંકા વ્યક્ત કરી છે. મમતાનું કહેવું છે કે, અજિત પવાર અને શરદ પવારની પાર્ટી એકબીજામાં ભળી જવાની હતી ને કાકો-ભત્રીજો એક થઈ જવાના હતા તેથી ઘણાંના પેટમાં દુઃખવા માંડેલું. મમતાએ વિમાન દુર્ઘટનાની તપાસ કરાવવામાં આવે એવી માગણી કરી છે. મમતાએ એમ પણ કહી દીધું છે કે, કેન્દ્ર સરકારની એજન્સીઓ વેચાયેલી છે તેથી સુપ્રીમ કોર્ટના નિરીક્ષણ હેઠળ તપાસ થવી જોઈએ.

કેન્દ્ર સરકારની એજન્સીઓ ભાજપ સરકારના ઈશારે કામ કરે છે એવું મમતા સહિતના વિપક્ષી નેતાઓ છાસવારે કહ્યા કરે છે. મમતાએ અત્યારે પણ એ જ ઈશારો કર્યો છે તેથી મમતાનો કહેવાનો મતલબ એ છે કે, અજિત પવારને પતાવી દેવામાં ભાજપનો હાથ હોઈ શકે. મમતાની વાત કહેતા બી દીવાના ઓર સુનતા ભી દીવાના જેવી છે. અજિત પવાર ભાજપના સાથી હતા ને ભાજપને કોઈ રીતે નડતા જ નહોતા પછી ભાજપ તેમનો કાંટો શું કરવા કાઢી નાખે? અજિત પવાર અને શરદ પવાર એક થઈ જવાના હતા કે નહીં એ ખબર નથી પણ બંને એક થાય તો પણ ભાજપને તેનાથી કોઈ ફરક પડવાનો નહોતો. મહારાષ્ટ્ર વિધાનસભામાં અત્યારની સ્થિતિએ ભાજપ અને એકનાથ શિંદેની શિવસેનાને ત્રીજા કોઈની જરૂર જ નથી તેથી માનો કે, અજિત પવાર પાછા પોતાના કાકા સાથે જતા રહે તો પણ ભાજપને કોઈ ફરક પડવાનો નહોતો. અજિત પવારને દૂર કરવા માટે બીજું કોઈ કારણ પણ નથી તેથી મમતાની વાત રાજકીય રોટલો શેકવા માટેની ફેંકાફેંકથી વિશેષ કંઈ જ નથી.

મમતાએ તપાસની માગ કરી છે એ ઠીક છે પણ એ તપાસ તો થવાની જ છે ને? મમતાએ સુપ્રીમ કોર્ટના સુપરવિઝનમાં તપાસની માગણી કરી છે પણ તેની જરૂર નથી. અજિત પવારનું પ્લેન કઈ રીતે તૂટી પડ્યું તેની તપાસ લાગતા વળગતા સત્તાવાળા કરશે જ ને તેમાં સત્ય બહાર આવશે જ. પ્લેન ક્રેશ થાય એ ગંભીર મુદ્દો છે પણ તેને માટે રાજકીય કારણ જ જવાબદાર હોય એ જરૂરી નથી. ભારતમાં વ્હીકલ્સનું મેન્ટેનન્સ ગંભીર સમસ્યા છે જ ને આ વાત સામાન્ય માણસથી માંડીને મોટી કંપનીઓ સુધી બધાંને લાગુ પડે છે. પવાર જે પ્લેનમાં મુસાફરી કરી રહ્યા હતા તેનું યોગ્ય મેન્ટેનન્સ ના થયું હોય ને તેનો ભોગ અજીત પવાર બની ગયા હોય એ શક્ય છે. ભાંગફોડ પણ કારણ હોઈ શકે પણ કોઈ પણ તારણ પર પહોંચતાં પહેલાં તપાસના રિપોર્ટની રાહ જોવી જોઈએ.

અજિત પવારના મોતથી મહારાષ્ટ્રના રાજકારણનાં સમીકરણો બદલાયાં છે અને હવે શું થાય છે એ મુદ્દો મહત્ત્વનો છે. શરદ પવારની પાર્ટીમાં ભંગાણ પડાવવા માટે ભાજપે અજીત પવારને નાયબ મુખ્ય પ્રધાન બનાવીને લીલા તોરણે પોંખ્યા હતા પણ હવે નાયબ મુખ્ય પ્રધાન પદનો હોદ્દો એનસીપીને મળે છે કે ભાજપ અજિતદાદા ગયા એટલે બધું ગયું એમ સમજીને એનસીપીને લટકાવી દે છે એ જોવાનું રહે છે. એનસીપી પાસે નાયબ મુખ્ય પ્રધાન બને એવો બીજો નેતા નથી પણ ભાજપ દયા ખાઈને અજિતદાદાના દીકરા કે પત્નીને નાયબ મુખ્ય પ્રધાન પદ આપી દે એવું બને પણ ભાજપની નીતિને જોતાં એવી શક્યતા નહિવત છે.

અજિત પવારની વિદાય પછી એનસીપીનું શું થાય છે એ પણ જોવાનું રહે છે. અજિત પવાર શરદ પવારના હાથ નીચે પળોટાયેલા હતા ને ગુરુ કરતાં શિષ્ય સવાયો હોય એ હિસાબે શરદ પવારને આંટી મારીને સત્તાસ્થાને બેસી ગયા હતા. અજિતદાદાની અકાળ વિદાયથી એનસીપી નોંધારી થઈ ગઈ છે કેમ કે એનસીપી પાસે બીજો કોઈ ધુરંધર નેતા નથી. અજિત પવારનો દીકરો પાર્થ અને પત્નિ બંને રાજકારણમાં છે ખરાં પણ અજિતદાદા જેવી કાબેલિયત તેમની પાસે નથી તેથી એનસીપીનું રાજકીય ભાવિ શું હશે એ પણ સવાલ છે. અજિતનો પરિવાર પાછો શરદ પવારની નિશ્રામાં જતો રહે ને બંને એનસીપી એક થાય એવું પણ બને. ભાજપ પણ અત્યારે તો એવું જ ઈચ્છતો હશે કે જેથી ટાઢે પાણીએ ખસ જાય ને એનસીપીનાં મંત્રીપદ પોતાના ધારાસભ્યોમાં વહેંચીને તેમને રાજી કરી શકાય. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, ગુરુવાર, તા. ૨૯–૧–૨૦૨૬, જયા એકાદશી (શેરડી)

- ભારતીય દિનાંક ૯, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ સુદ–૧૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ સુદ–૧૧
- પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૮મો રશ્ને, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૧મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર રોહિણી સવારે ક. ૦૭–૩૧ સુધી, પછી મૃગશીર્ષ મધ્યરાત્રિ પછી ક. ૨૯–૨૮ સુધી (તા. ૩૦મી), પછી આર્દ્રા
- ચંદ્ર વૃષભમાં સાંજે ક. ૧૮–૩૦ સુધી, પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૨, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૩, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ સવારે ક. ૦૭–૪૬, રાત્રે ક. ૨૧–૫૭
- ઓટઃ બપોરે ક. ૧૪–૪૧, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૦૨ (તા. ૩૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માઘ શુક્લ – એકાદશી. જયા એકાદશી (શેરડી), ભીષ્મ દ્વાદશી, ભદ્રા સમાપ્તિ ક. ૧૩–૫૫.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત–પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, ચંદ્ર–ગુરુ ગ્રહદેવતાનું પૂજન, ખેરનું વૃક્ષ વાવવું, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, સાંસારિક માંગલિક કાર્યો વર્જ્ય છે, પરંતુ નિત્ય થતાં પશુ લે–વેંચ, નૌકા, દસ્તાવેજ, દુકાન–વેપાર સ્થાવર લેવડદેવડ, ખેતીવાડીના કામકાજ થઈ શકે, ચંદ્રબળ જોઈ સીમંત સંસ્કાર.
- આચમનઃ બુધ–શુક્ર યુતિ ખુશમિજાજી, ચંદ્ર–શનિ ચતુષ્કોણ નિષ્ફળતાનો ભય. ખગોળ જ્યોતિષઃ બુધ–શુક્ર યુતિ, ચંદ્ર–શનિ ચતુષ્કોણ (તા. ૩૦)
- ગ્રહગોચરઃ સૂર્ય–મકર, મંગળ–મકર, માર્ગી બુધ–મકર (બુધ અસ્ત), વક્રી ગુરુ–મિથુન, શુક્ર–મકર (શુક્ર અસ્ત), માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# જહન્નમની જવાળાઓને સુકૃત્ય દ્વારા મઘમઘતા બાગમાં ફેરવી નાખીએ

**'અશ્રફુલ મખ્લૂકાત...!'**

– અરબી શબ્દના આ વાક્યનું સરળ ગુજરાતીમાં અર્થ થાય છે કે

* સૃષ્ટિના તમામ જીવોમાં સૌથી શ્રેષ્ઠ જીવ મનુષ્યનું છે.
* મનુષ્ય, અલ્લાહનો બંદો જે કંઈ કહે છે,
* જે કંઈ કરે છે,
* જે કંઈ પણ રંગઢંગ અપનાવે છે, તેની છબી, તસવીર પરલોક, બીજા જગતમાં સાફ-સ્વચ્છ નજરે પડે છે, એમ કહી શકાય કે આ દુનિયામાં જીવનની ફિલ્મ લેવાઈ રહી છે જે બીજી દુનિયામાં રજૂ થશે અને એને નકારી શકાશે નહીં, જુઠલાવી શકાશે નહીં.

– ઈન્સાનના દરેકે દરેક કાર્યો, કામો અને તેની દરેક હલનચલનની સાક્ષી તેના જ અવયવો આપશે,

* આપશે અને
* આપશે જ, તેને અવગણી શકાશે નહીં.

જરા વિચારો અને લાંબે નજર કરો, પરિણામનો ખ્યાલ રાખો, જે ભયંકર અંજામ ભોગવનાર છે તેને યાદ કરો. હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (આપના પર અલ્લાહના આશીર્વાદ રહે) પોતાના સાથીઓને ઘણીવાર મોટા સાદે સંબોધીને ફરમાવ્યા કરતા હતા કે – 'અલ્લાહ તમારા પર રહમ (દયા) ફરમાવે, પોતાની મુસાફરીનો કાંઈ સામાન તૈયાર કરી લો. કુચનો અવાજ તમારા કાને પડી ચૂકયો છે. દુનિયાના ઈન્ટરવલને લાંબો માની ન લો અને તમારા હાથમાં જે કંઈ સારામાં સારું ભાથું છે તેને લઈને અલ્લાહની તરફ પલટો. આગળ એવા એવા હેબતનાક અને ભયંકર તબક્કાઓ છે, જયાં ઊતર્યા અને રોકાયા વિના છૂટકો નથી. તમારે જાણી લેવું જોઈએ કે મૌતની નજર તમારા પર પડી ચૂકી છે બલકે એમ કહો કે તેના કારમા પંજા તમારા પર પડી જ ગયા છે અને મૃત્યુની ઘડી તમારા પર છવાઈ ગઈ છે. દુનિયા સાથેના તમામ સંબંધોને કાપી નાખો અને તકવા (સદાચાર, સંયમ)ના ભાથાથી પોતાની મદદ કરો...!

– 'કબરની ભીંસ અને બરઝખ (મૃત્યુ પછીની દુનિયાની) મુશ્કેલીઓ અને તકલીફોથી ગાફેલ (બેખબર) ન બનો. કમ સે કમ, ઓછામાં ઓછું જહન્નમ (દોઝખ)નું યકીન કરો. અગર માણસને ખાતરી થઈ જાય કે આકેબત (ન્યાયનો દિવસ) નિશ્ચિત છે તો પછી તે પોતે જ પોતાનું ચાલચલણ આ દુનિયામાં જ બદલી નાખે. પરલોક પર મીટ માંડનારાઓ સદા સુલેહ સફાઈથી રહે છે. એમના મનમાં ખુદા અને તેના બંદાઓનો પ્રેમ કે જે રબનો જ એક પ્રતિબિંબ છે, અલ્લાહની મહોબ્બતનો એક સાયો – પડછાયો છે.

સમય પોકારી રહ્યો છે કે સાવધ થઈ જાઓ, ભાનમાં આવી જાઓ અને પોતાની જાતને એમ કહીને છેતરો નહીં કે દુનિયાદારીમાં તો આમ જ ચાલ્યા કરે છે, આમાં કશું ખોટું કે અજુગતું નથી. કમજોરો પર મરદુદ સેતાન હાવી થઈ જાય, સંપૂર્ણ કબજો કરી લે તે પહેલાં હોશિયાર થઈ જાઓ. તે ઈન્સાનને ખોટા કામોમાં પરોવી લે છે. ઈન્સાનનો નફસ (કામવાસના) અંદરથી જહન્નમ (દોઝખ) છે. નફસના તાબે થઈ જવું એ જહન્નમને સ્વીકારવા – તાબે થઈ જવાનું છે. એજ વેળાએ ઈન્સાન આ દુનિયામાંથી પોતાના ગાંસડા બાંધી લે છે...!'

* ફરમાવવામાં આવ્યું કે – 'તે બધાં કામો જે માણસના હાથે આ દુનિયામાં થાય છે અને જે આ જગતમાં જોવામાં આવે છે તે બધા તેની સામે સાકાર બનીને આવી જાય છે, તો જેણે એક રજ જેટલી પણ ભલાઈ કરી હશે તેને તે જોઈ લેશે અને જેણે જરા સરખી પણ બુરાઈ કરી હશે તે જોઈ લેશે...!'

**બોધઃ**

દોઝખ, જહન્નમ મનુષ્યોની જ બુરાઈઓ, ભુંડાપાને કારણે સળગી રહી છે.

– જહન્નમની આ જવાળાઓને ઠંડી પાડવી હોય તો આદમી સૌ પ્રથમ ઈન્સાન બને અને સુકૃત્ય દ્વારા તેને મઘમઘતા બાગમાં ફેરવી નાખે. આમીન, તથાસ્તુ, ઈશ્વર, અલ્લાહ સૌનું ભલું કરે.

* * *

**ઉત્તમ વ્યવહાર બુલંદી પર પહોંચાડે**

માત્ર બુદ્ધિપૂર્વકની દલીલો પર સ્થાપિત થએલા, માનવ સમાજના સુખી જીવન માટેનું બંધારણ એટલે શરીઅત! ઈસ્લામી આચારસંહિતા! કોડ ઑફ એથિક્સ!

– મોમીન સમૂહ – ઉમ્મતે ઈસ્લામ આવી અમૂલ્ય શરીઅતને ભૂલી ન જાય તે માટે અલ્લાહત્આલાએ તેને કુરાન મજીદના સ્વરૂપમાં ઈન્સાનજાતને તૌફા – ભેટ આપીને એવી વ્યવસ્થા કરી કે કોઈ બંદો એમ ન કહી શકે સુખી જીવન જીવવા માટેની હિદાયત – બોધ – માર્ગદર્શનથી પોતે વંચિત રહી જવા પામ્યો. આ વ્યવસ્થાનો હજુ વધારે અભ્યાસ કરીએ તો જગતકર્તાને તેની મૂળ મકસદ, હેતુને સ્પષ્ટ સમજી શકાય છે કે દીને ઈસ્લામની ધર્મ અંગેની આજ્ઞા – આદેશ થકી ઈન્સાની જીવનને બદીથી દૂર રાખી સ્વચ્છ પવિત્ર – પાક જીવન બનાવ્યું છે. અલ્લાહના આવા હેતુને મુસલમાન પ્રજા જીવનમાં વણી લે તો તે સાચો મોમીન લેખાશે અને તેની અવગણના કરશે તો અલ્લાહના માર્ગદર્શન પર ન ચાલવાનું જે પરિણામ આજે ભોગવી રહ્યો છે તે હજુ વધારે ખમવાનો સમય આવશે, આવશે અને આવશે જ!

– દીને ઈસ્લામી આચાર સંહિતા (શરીઅત) ધાર્મિક નિયમોનું માર્ગદર્શન તો છે જ પરંતુ આગળ વાત કરી તેમ તેની સાથે બુદ્ધિને પણ જોડવામાં આવી છે અને અકલની મદદથી વિકસેલું વિજ્ઞાન પણ તેની સાથે જોડાઈ શકે છે. કોઈ પણ વસ્તુના સદોપયોગથી હંમેશાં ફાયદો થાય છે જ્યારે દુરોપયોગથી ગુનાહો સર્જાય છે. વિજ્ઞાનની બાબતમાં પણ આજ સિદ્ધાંત લાગુ પડે છે.

* માનસશાસ્ત્ર એ વિજ્ઞાનની એક શાખા છે. જો તેનો અભ્યાસ કરીને ઈન્સાન તેના પર અમલ કરે તો કુટુંબ, સમાજ અને દેશનું ભલું કરી શકે. માનસશાસ્ત્રની ગુરૂચાવી છે પ્રોત્સાહન. પ્રોત્સાહન એટલે ખુશામત કે ખોટા વખાણ નહીં, પરંતુ દરેક ઈન્સાનના સ્વભાવ અને વર્તમાનમાં જે સારી બાજુ હોય છે તેને હકારાત્મક અભિગમ અને વિચારો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે તો તે વ્યક્તિના જીવનનો ઉત્સાહ અનેકગણો વધી જાય છે, જેમ કે –

* પ્રોત્સાહન માનવીની છૂપાએલી શક્તિને બહાર ખેંચી લાવી જડને ચેતન બનાવે છે.
* જ્યારે ઈન્સાનને કોઈ તરફથી સહાનુભૂતિ – પ્રોત્સાહન મળે ત્યારે જીવનનું વૃક્ષ કરમાઈ જાય છે, પ્રોત્સાહનના બે શબ્દો સંજીવનીનું કામ કરે છે.
* નિરાશાની દરિદ્રતામાંથી ઉમ્મીદની બુલંદી પર પહોંચાડવાની અદ્‌ભુત શક્તિ – કરામત પ્રોત્સાહનમાં છે.

પયગંબર હઝરત મુંહમ્મદ (સ.અ.વ.) ફરમાવે છે કે – 'લોકો સાથેનો તમારો વ્યવહાર નમ્રતા, અદબ અને પ્યાર – મહોબ્બત સાથે હોવો જોઈએ. મલકાતા ચહેરે લોકોના (માણસ માત્રના) સારા સ્વભાવ, ગુણ અને કામની તારીફ કરો. આવો વ્યવહાર (આચરણ) શરીઅત-ઈસ્લામી નિયમોના દાયરામાં રહીને અમલે સાલેહ (ઉત્તમ વ્યવહાર)નો ભાગ ગણાશે અને સમાજ સુધારણાના પ્રયાસોમાં મદદરૂપ થશે...!'

ધર્મ અને વિજ્ઞાનની આવી અસરકારક હિદાયત (માર્ગદર્શન)ને મોમિનો જીવનમાં ઉતારે તો એક સમયે બુલંદી પર પહોંચેલા ઈસ્લામને ફરી તે સ્થાન હાંસલ કરવા કોઈ રોકી નહીં શકે!

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

* વિશ્વાસઘાત કરનાર ઈમાનદાર સત્યવાદી; તાબેદારી નથી.
* નાદારી, બીમારી, મોત ન હોત તો માનવી કોઈને નમતું આપત નહીં.
* તંદુરસ્તી ચાલી જાય તે પૂર્વે સદ્‌કાર્યો કરી લેજો.

– હદીસ ■

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રેજિક અંત

ગુમ થઈ ગયું હતું. અજિત પવાર સહિત આ વિમાનમાં કુલ પાંચ લોકો હતા. જેમાં તેમના અંગત સુરક્ષા અધિકારી અને એક અટેન્ડન્ટનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત બે ક્રૂ મેમ્બર (પાઈલોટ ઈન કમાન્ડ અને ફર્સ્ટ ઓફિસર) પણ વિમાનમાં હતા, એમ એક ડીજીસીએના અધિકારીએ માહિતી આપી હતી. તા.

પવારના પરિવારમાં પત્ની સુનેત્રા પવાર, જેઓ રાજ્યસભાના સાંસદ છે, અને બે પુત્રો પાર્થ અને જયનો સમાવેશ થાય છે.

અજિત પવારની પાર્ટી એનસીપીએ તાજેતરમાં આયોજિત પુણે અને પિંપરી ચિંચવડ મનપાની ચૂંટણી કાકા શરદ પવારની સાથે મળીને લડી હતી.

અજિત પવારના અવસાનની ઘટના દુઃખદ અને હૃદયદ્રાવક છે. મહારાષ્ટ્રના વિકાસ અને કલ્યાણમાં તેમણે આપેલા યોગદાનને લોકો કાયમ યાદ રાખશે, એમ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું.

મહારાષ્ટ્ર સરકારે ત્રણ દિવસનો રાજ્યનો શોક જાહેર કર્યો છે. આમ ૩૦મી જાન્યુઆરી સુધી રાજ્યમાં રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવશે.

એનસીપી-એસપીના વડા શરદ પવારે બારામતી એરપોર્ટની મુલાકાત લીધી હતી અને અકસ્માતના સ્થળેથી અજિત પવારના મૃતદેહને જ્યાં લઈ જવામાં આવ્યો તે મેડિકલ કોલેજમાં પણ તેઓ પહોંચ્યા હતા. એનસીપી સ્થાપકના પુત્રી અને લોકસભાના સાંસદ સુપ્રિયા સુળે તેમના પિતરાઈ ભાઈના આકસ્મિક નિધન બાદ ભારે દુઃખી જોવા મળ્યા હતા.

પરિવારના નજીકના સૂત્રોએ એવી માહિતી આપી હતી કે તેમની અંતિમ ક્રિયા બારામતીના વિદ્યા પ્રતિષ્ઠાન ગ્રાઉન્ડમાં ગુરુવારે કરવામાં આવશે. ■

### સુપ્રીમ કોર્ટની

હતો કે અજિત પવાર તેમના કાકાની આગેવાની હેઠળના નેશનાલિસ્ટ કૉંગ્રેસ પાર્ટી (એનસીપી)ના જૂથમાં પાછા ફરવા માગતા હતા. તાજેતરના અહેવાલોએ આવી હિલચાલ તરફ નિર્દેશ આપ્યો હતો. મમતાએ કહ્યું હતું કે હવે તો શાસક પક્ષના નેતા પણ સલામત નથી.

ખડગેએ અજિત પવારના મરણ અંગે શોક વ્યક્ત કરતા મમતાની માગણીને ટેકો આપ્યો હતો. ખડગેને કહ્યું હતું કે આ અકસ્માત હોવાથી આમાં તપાસ થવી જોઈએ. ખડગેએ કહ્યું હતું કે બધા નેતાઓ તાકીદનાં કામ માટે મુસાફરી કરે છે. આપણે એ જોયું કે અમદાવાદમાં મોટું વિમાન તૂટી પડ્યું. પવારનું વિમાન નાનું હતું તો આ કેવી રીતે બન્યું. આની તપાસ થવી જોઈએ. (એજન્સી) ■

### અકસ્માત જ,

કહ્યું હતું કે અજિત પવારનું મૃત્યુ મહારાષ્ટ્ર માટે એક મોટો આઘાત હતો, જેણે એક મહેનતુ અને કાર્યક્ષમ નેતા ગુમાવ્યો છે અને આ નુકસાન ભરપાઈ ન થઈ શકે તેવું છે. 'બધી બાબતો આપણા હાથમાં નથી હોતી,' એમ તેમણે ઉમેર્યું હતું.

'કોલકાતાથી એવી થિયરી સામે આવી હતી કે આ ઘટનામાં થોડું રાજકારણ સામેલ છે, પરંતુ આવું કંઈ નથી. તેમાં કોઈ રાજકારણ નથી. તે એક અકસ્માત હતો. હું આ પ્રકરણમાં રાજકારણ ન લાવવાની વિનંતી કરું છું,' એમ તેમણે જણાવ્યું હતું.

મમતા બેનરજીએ અજિત પવારના મૃત્યુની સુપ્રીમ કોર્ટ દ્વારા દેખરેખ હેઠળ તપાસની માગણી કરતાં એવો આરોપ લગાવ્યો હતો કે 'અન્ય બધી એજન્સીઓ' 'સંપૂર્ણપણે સધાઈ ગયેલી' છે. ■

### ૨૬ મિનિટ

ઍર ટ્રાફિક કન્ટ્રોલે વિમાનને ઉતરાણ માટે અંતિમ મંજૂરી આપી, પરંતુ પાઇલટ્સે તેનો કોઇ જવાબ નહોતો આપ્યો. શું તેના પરથી એવું માની શકાય કે સંદેશવ્યવહારમાં ખામી સર્જાઇ હતી? ક્રૂ અસક્ષમ હતી? શું વિમાનમાં ઇલેક્ટ્રિકલ કે ઍવિયોનિક્સ (ઇલેક્ટ્રૉનિક્સ) સાધનમાં ખામી સર્જાઇ હતી?

(૪) યાંત્રિક કે એન્જિનમાં ખામી ઊભી થઇ હતી?

વિમાનમાં કોઇ ખામી નહિ હોવાનું સર્ટિફિકેટ પણ હતું. તો શું વિમાનનું એન્જિન અચાનક બગડી ગયું હતું? શું ઉતરાણ વખતે તેની સાથે પક્ષી અથડાયું હતું? શું ઇંધણનું ગળતર થયું હતું? ઇલેક્ટ્રિકલ સાધનમાં આગ લાગી હતી?

(૫) શું ઉતરાણ વખતે નિયમનું પાલન કરાયું હતું?

પાઇલટ્સને વિઝિબિલિટી સારી હોય ત્યારે મુનસફી મુજબ ઉતરાણ કરવા કહેવાયું હતું. ક્રૂએ રનવે દેખાતો નહિ હોવાનું શરૂઆતમાં કહ્યું હતું, પરંતુ ક્લિઅરન્સની થોડી મિનિટ પહેલાં જ રનવે દેખાતો હોવાની સ્પષ્ટતા કરી હતી. શું વિમાન ઉતરાણ વખતે બહુ જ ઝડપી ગતિએ હતું? તેણે ઉતરાણ વખતના સામાન્ય નિયમનું પાલન કર્યું હતું? આવા અનેક સવાલ ઊભા થાય છે. ■

### ૮.૪૩- લૅન્ડિંગ

મુલકી ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે વિમાનને રનવે ૧૧ ઉપર ઉતરાણ કરવાની પરવાનગી અપાઇ હતી... પરંતુ પાઇલટોએ ઉતરાણ માટેના ક્લિઅરન્સનો વળતો કોઇ જવાબ નહોતો આપ્યો અને તેની એક મિનિટમાં જ એટલે કે સવારે ૮.૪૪ વાગ્યે રનવે પર વિમાન તૂટી પડ્યું હતું અને તેમાં આગ લાગી હતી.

મંત્રાલયે જણાવ્યું હતું કે બારામતી 'અનકન્ટ્રોલ્ડ ઍરફીલ્ડ' છે એટલે કે ત્યાં ફ્લાઇંગ સ્કૂલ્સ ઍર ટ્રાફિક કન્ટ્રોલ ઑપરેટ (સંચાલન) કરે છે. ઍરક્રાફ્ટ ઍક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરો (એએઆઇબી) આ દુર્ઘટનાની તપાસ કરી રહી છે. આ બ્યૂરોના વડા દુર્ઘટના સ્થળે જવા તાત્કાલિક નીકળી ગયા હતા.

વીટી-એસએસકે તરીકે રજિસ્ટર થયેલું લિયરજૅટ ૪૫ વિમાન દિલ્હીની વીએસઆર વૅન્ચર્સ પ્રાઇવેટ લિમિટેડ ઑપરેટ કરે છે, પરંતુ તેણે દુર્ઘટના બાદ પોતાની વૅબસાઇટ બંધ કરી દીધી હતી. તેના માલિકો – વી. કે. સિંહ અને રોહિત સિંહનો આ દુર્ઘટનાને લગતો અભિપ્રાય જાણવા ઇ-મેલ કરાયો હતો.

એક અધિકારીએ જણાવ્યું હતું કે વીએસઆર વૅન્ચર્સ એક નોન-શેડ્યુલ્ડ ઑપરેટર છે અથવા તેને માગ (ડિમાન્ડ) મુજબ ઑપરેટ કરવાનું લાઇસન્સ ધરાવતી ઍવિયેશન કંપની કહી શકાય. આ કંપની પોતાના વિમાનની જાળવણી માટે જવાબદાર હતી.

ડિરક્ટરેટ જનરલ ઑફ સિવિલ ઍવિયેશનના રેકૉર્ડ્સ મુજબ લિયરજૅટ ૪૫ વિમાનનું ઉત્પાદન ૨૦૧૦માં થયું હતું અને તેને મુંબઈથી ૨૫૦ કિલોમીટર દૂર આવેલા બારામતી સુધી અનુભવી પાઇલટો ઉડાવતા હતા. પાઇલટ-ઇન-કમાંડ અને કૉ-પાઇલટ પાસે અનુક્રમે ૧૫,૦૦૦થી વધુ અને ૧,૫૦૦ ફ્લાઇંગ (ઉડ્ડયનના) કલાકો હતા તેમ જ બધી ફરજિયાત જરૂરિયાત સંતોષાયેલી હતી. આ વિમાનને ઍર ઑપરેટર પરમિટ ૨૦૧૪ના એપ્રિલમાં પ્રથમ વખત અપાઇ હતી અને તેને ૨૦૨૩ના એપ્રિલમાં રિન્યૂ કરાઇ હતી અને આ પરમિટ ૨૦૨૮ સુધીની હતી.

વીએસઆર વૅન્ચર્સ આઠ લિયરજૅટ ૪૫, પાંચ એમ્બ્રાર ૧૩૫બીજે, ચાર કિંગ ઍર બી૨૦૦ અને એક પિલાટસ પીસી-૧૨ સહિત કુલ ૧૭ વિમાન ઑપરેટ છે. ડિરક્ટરેટ જનરલ ઑફ સિવિલ ઍવિયેશન (ડીજીસીએ) દ્વારા આ વિમાનનું છેલ્લે ઑડિટ ૨૦૨૫ના ફેબ્રુઆરીમાં કરાયું હતું અને તેમાં સલામતીને લગતી કોઇ ખામી નહોતી જણાઇ. વીટી-ડીબીએલ તરીકે રજિસ્ટર થયેલું વીએસઆર વૅન્ચર્સ લિયરજૅટ ૪૫ મુંબઈ વિમાનમથકે ૨૦૨૩ના સપ્ટેમ્બરમાં તૂટી પડ્યું હતું અને તેમાંના બધા મુસાફર ઘાયલ થયા હતા. ■

### એનસીપીના ભાવિ

સાથેના તેના ભાવિ સમીકરણ પર સવાલો ઊભા થયા છે, જેમનો રાજ્યસભાનો કાર્યકાળ આ વર્ષે એપ્રિલમાં સમાપ્ત થાય છે. એવી અટકળો ચાલી રહી છે કે શું એનસીપી શરદ પવારની આગેવાની હેઠળની એનસીપી (એસપી) સાથે ફરી એક થઈ શકે છે. અહીં ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક વખતથી એનસીપીના બંને જૂથો વચ્ચેના સંબંધોની ખટાશ ઓસરી ગઈ છે અને મહાનગરપાલિકા પછી હવે જિલ્લા પરિષદની ચૂંટણીઓ પણ બંને એનસીપી સાથે મળીને લડી રહી છે, ત્યારે એવું માનવામાં આવે છે કે અજિત પવારના ૪૦થી વધુ વિધાનસભ્યો મહાયુતિને છોડીને શરદ પવાર પાસે પાછા ફરી શકે છે.

રાજકીય વિશ્લેષકો કહે છે કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સુનિશ્ચિત કરવું પડશે કે અજિત પવાર સાથે જોડાયેલા ૪૧ વિધાનસભ્યો શરદ પવાર તરફ પાછા ન વળે, અજિત પવારના પત્ની સુનેત્રા હાલમાં રાજ્યસભાના સભ્ય છે અને રાજકીય રીતે સક્રિય છે, જોકે તેમની પાસે વહીવટી અનુભવનો અભાવ છે. એનસીપી પાસે એક લોકસભા સભ્ય, સુનીલ તટકરે અને બે રાજ્યસભા સાંસદો – પ્રફુલ્લ પટેલ અને સુનેત્રા પવાર છે.

રાજ્ય એનસીપીના પ્રમુખ સુનીલ તટકરે અને રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ પ્રફુલ્લ પટેલ સિવાય, પાર્ટી પાસે અજિત પવારના અનુગામી બનવા માટે સક્ષમ એવા વરિષ્ઠ નેતાનો અભાવ છે. એકમાત્ર અન્ય જનાધાર ધરાવતા નેતા, છગન ભુજબળ છે, જે તાજેતરમાં મની લોન્ડરિંગ કેસમાં નિર્દોષ જાહેર થયા છે અને હાલમાં બીમાર છે. પટેલ અને તટકરે મુખ્યત્વે સંગઠનાત્મક કામ કરનારા વ્યક્તિઓ રહ્યા છે, પરંતુ તેમની પાસે રાજ્યવ્યાપી પાયાના સ્તરના જોડાણનો અભાવ છે જે અજિત પવારે સંભાળ્યું હતું.

૨૦૨૪ની વિધાનસભાની ચૂંટણીમાં જંગી બહુમતી મેળવનાર શાસક મહાયુતિમાં, ભાજપ પાસે ૧૩૨ વિધાનસભ્યો છે, ત્યારબાદ એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના પાસે ૫૭ અને પવારની એનસીપી પાસે ૪૧ વિધાનસભ્યો છે. ■

# સુરતમાં ગજેરા પરિવારના લક્ષ્મી ડાયમંડ અને મહાકાલ ગ્રૂપનાં અનેક સ્થળ પર આઈટીના દરોડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિ ગજેરા પરિવારની માલિકીના લક્ષ્મી ડાયમંડ ગ્રૂપ અને મહાકાલ ગ્રૂપ સહિતના ભાગીદારો પર ૨૮ જાન્યુઆરી બુધવારના રોજ વહેલી સવારથી આવકવેરા વિભાગે સુરતમાં વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ડાયમંડ, એજ્યુકેશન અને રિયલ એસ્ટેટ ક્ષેત્રે મોટું નામ ધરાવતા આ ગ્રૂપના ગુજરાતભરમાં આવેલા ઠેકાણાઓ પર ૧૫૦થી વધુ અધિકારીઓની અલગ-અલગ ટીમોએ એકસાથે ત્રાટકીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. આવકવેરા વિભાગની ડીડીઆઈ (ડિરેક્ટર ઓફ ઇન્કમ ટેક્સ ઇન્વેસ્ટિગેશન) વિંગ પાસે આ ગ્રૂપના વ્યવહારો અંગે અગાઉથી જ સચોટ માહિતી ઉપલબ્ધ હતી, જેના આધારે આ ઓપરેશન માટે છેલ્લા ઘણા દિવસોથી ગુપ્ત રીતે તૈયારીઓ ચાલી રહી હતી અને વહેલી સવારે જ ટીમો નિર્ધારિત સ્થળો પર પહોંચી ગઈ હતી.

અધિકારીઓએ ગજેરા પરિવારના મુખ્ય ભાગીદારો વસંત ગજેરા, ચિનુ ગજેરા અને ધીરુ ગજેરા સહિત પરિવારના તમામ સભ્યોની પૂછપરછ અને તેમના આર્થિક વ્યવહારોની ઊંડી તપાસ શરૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત, આઇટી વિભાગ દ્વારા લેટેસ્ટ 'હવાલા નેટવર્ક'નાં જોડાણો અંગે પણ તપાસનો દોર લંબાવવામાં આવ્યો છે.

ગજેરા પરિવાર ઉપરાંત તેમની સાથે સંકળાયેલા અન્ય ભાગીદારો પર પણ તંત્રએ ગાળિયો કસ્યો હતો. જેમાં અનિલ બગદાણા, તરુણ ભગત અને પ્રવીણ ભૂતનાં રહેણાક મકાનો, ઓફિસો અને રિયલ એસ્ટેટના સાઈટ પ્રોજેક્ટ્સ સહિત અનેક સ્થળોએ ટીમો દ્વારા દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી.

ગજેરા પરિવાર જેવી મોટી હસ્તીઓ પર આઈટીના દરોડા પડતા જ સુરતના હીરા બજાર અને બિલ્ડર લોબીમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. પ્રાથમિક અંદાજ મુજબ આ તપાસમાં મોટા પાયે બેનામી વ્યવહારો અને કરચોરી પકડાઈ શકે તેવી શક્યતા છે.

ગજેરા પરિવાર પર આઈટીના દરોડાને રાજકીય એન્ગલથી પણ જોવામાં આવી રહ્યો છે. કારણ કે ગજેરા પરિવારના ધીરુ ગજેરા રાજકીય સંબંધો માટે જાણીતા છે. અગાઉ ભાજપમાં રહ્યા બાદ તેઓ કોંગ્રેસમાં જોડાયા હતા અને ફરી પાછા ભાજપમાં પરત ફર્યા હતા. જોકે, છેલ્લા કેટલાક સમયથી તેઓ સોશ્યિલ મીડિયા પર ભાજપના નેતાઓ અને કામગીરી વિરુદ્ધ આડકતરી રીતે નિશાન સાધતા હોવાથી સતત ચર્ચામાં રહ્યા છે. આ સંજોગોમાં આઈટી વિભાગની કાર્યવાહીએ બિઝનેશ અને રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે. ■

# અમદાવાદ-મહેસાણા ૫૧ કિ.મી. હાઈવેને ₹ ૨,૬૩૦ કરોડના ખર્ચે આઠ માર્ગી કરવાના પ્રોજેક્ટને મંજૂરી

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મળેલી કેબિનેટની બેઠકમાં કેટલાક મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમાં અમદાવાદ અને ઉત્તર ગુજરાતને જોડતા મહત્ત્વના એવા અમદાવાદ-મહેસાણા વચ્ચેના ૫૧ કિમીના હાઇવેને રૂ. ૨,૬૩૦ કરોડના ખર્ચે આઠ માર્ગીય કરવાના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી. આ કામગીરી પૂર્ણ થવાથી ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ તથા બનાસકાંઠા જિલ્લાની પ્રજાને આ સુવિધાનો લાભ મળવાની સાથે વર્ષો જૂની માગ સંતોષાશે તેમ, પ્રવક્તા પ્રધાન જીતુ વાઘાણીએ જણાવ્યું હતું.

જીતુ વાઘાણીએ કહ્યું હતું કે, અડાલજથી પાલાવાસણા સર્કલ, મહેસાણા સુધીના કુલ ૫૧.૬૦ કિ.મી.ના માર્ગને આઠ માર્ગીય કરાશે. અમદાવાદ અને ઉત્તર ગુજરાતને જોડતા આ હાઇવેને વર્ષ ૧૯૯૯માં ચાર માર્ગીય બનાવવામાં આવ્યો હતો. જેમાં રસ્તાની સળંગ લંબાઈમાં રસ્તાની બંને બાજુ સર્વિસ રોડની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. તાજેતરના ટ્રાફિક સર્વે મુજબ એક દિવસમાં અંદાજે કુલ ૧ લાખથી વધારે વાહનો આ માર્ગ ઉપર અવર જવર કરે છે. જેથી રસ્તા પરના ટ્રાફિક ભારણને ધ્યાને લઇ હયાત ચાર માર્ગીય રસ્તાને આઠ માર્ગીયકરણ કરવાના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. જેમાં મુખ્ય રસ્તાને આઠ માર્ગીયકરણ તથા રસ્તાની બંને બાજુ ૭.૦૦ મીટર પહોળા સર્વિસ રોડ બનાવવામાં આવશે જેથી ટ્રાફિકની સમસ્યાના નિરાકરણની સાથે ઝડપી અને સલામત પરિવહન શક્ય બનશે. પ્રોજેક્ટ અંગે વધુ વિગતો આપતા પ્રવક્તા પ્રધાને કહ્યું હતું કે, અમદાવાદ-મહેસાણા માર્ગ વચ્ચે આવતા કલોલ શહેરના ટ્રાફિકનું ભારણ ઘટાડવા શહેરમાંથી પસાર થતી લંબાઈમાં સામાવિષ્ટ પાંચ ઓવરબ્રિજ/ ફ્લાય ઓવરને જોડતો કુલ ૬.૧૦ કિ.મી. લંબાઈનો એલીવેટેડ કોરિડોરને તૈયાર કરાશે. જેથી સ્થાનિક શહેરના આંતરિક ટ્રાફિકના કોઇપણ અવરોધ વિના હાઇવે પરનો ટ્રાફિક પસાર થઇ શકે. વધુમાં રસ્તા પરના તમામ બ્રિજ સ્ટ્રકચર/પાઈપ કલવર્ટ/બોક્ષ કલવર્ટને આઠ માર્ગીય કરવાની કામગીરી કરવામાં આવશે. આ ઉપરાંત આઠ ફ્લાયઓવરમાં મુખ્યત્વે શેરથા ખાતે બે, રાજપુર ભાસરીયા, જગુદણ, મેવડ ખાતે મળી કુલ ૬ નવા ફ્લાયઓવર જ્યારે કલોલ અને છત્રાલ ખાતે વધારાના ચાર માર્ગીય ફ્લાયઓવર બનશે. ■

# સહકારી મંડળીઓની ચૂંટણી આગામી છ મહિના મોકૂફ, એસઆઈઆરની કામગીરી ચાલુ હોઈ સરકારનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સમગ્ર દેશ સહિત રાજ્યમાં એસઆઈઆરની અગત્યની કામગીરી ચાલુ છે. જે અન્વયે રાજ્યના મહેસૂલી વિભાગ દ્વારા નિર્દિષ્ટ પ્રકારની સહકારી મંડળીઓની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણીનું આયોજન કરવુ મુશ્કેલ હોઈ આ તમામ પ્રકારની ચૂંટણી પ્રક્રિયા સરકારે પ્રસિદ્ધ કરેલા જાહેરનામાની તારીખથી આગામી છ માસ સુધી યોજવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

આ અંગે વધુ વિગતો આપતા પ્રવક્તા પ્રધાન જીતુ વાઘાણીએ કહ્યું હતું કે, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલી સત્તા અન્વયે અધિનિયમની કલમ-૭૪(ગ) હેઠળની તમામ પ્રકારની નિર્દિષ્ટ સહકારી મંડળીઓ કે જેની ચૂંટણીઓની પ્રક્રિયા ચાલુ છે અથવા ચૂંટણીઓની પ્રક્રિયા હાથ ધરવાની થાય છે, તેઓને આ જાહેરનામાની તારીખથી આગામી છ માસ સુધી આ અધિનિયમની કલમ-૭૪ (ગ) તથા કલમ-૧૪૫ (ક) થી (વ)ની જોગવાઇઓમાંથી મુક્તિ આપી, અધિનિયમની કલમ-૭૪(ગ) હેઠળની તમામ પ્રકારની નિર્દિષ્ટ પ્રકારની સહકારી મંડળીઓની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી પ્રક્રિયા આ જાહેરનામાની તારીખથી આગામી છ માસ સુધી યોજવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

વધુમાં, જે નિર્દિષ્ટ સહકારી મડળીઓની ચૂંટણી પ્રક્રિયા ન્યાયિક હુકમ/ચુકાદાના અનુસંધાને હાથ ધરાઇ હોય કે ધરવાની રહેતી હોય તે સહકારી મંડળીઓને આ જાહેરનામામાંથી બાકાત રાખવામાં આવે છે. ■

# સુરત મનપા ખરીદશે ૩૮,૦૦૦ લિટરની ક્ષમતાવાળું દેશનું સૌથી મોટું ફાયર ટેન્કર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ટેક્સટાઈલ્સ સિટી તરીકે જાણીતા સુરતમાં આગની ઘટના બને તો પહોંચી વળવા માટે શહેરની મહાનગરપાલિકાએ ૩૮,૦૦૦ લિટર ક્ષમતા ધરાવતું ફાયર ટેન્કર ખરીદવાનો નિર્ણય લીધો હતો. આ ટેંકર ખરીદવામાં આવશે ત્યારબાદ સુરત ભારતમાં આટલી ઉચ્ચ ક્ષમતા ધરાવતું ફાયર ટેન્કર તહેનાત કરનારું પ્રથમ મ્યુનિસિપલ કોર્પોરેશન બનશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

હાલમાં, મનપા મહત્તમ ૧૫,૦૦૦ લિટર ક્ષમતાવાળા પાંચ ટેન્કર ચલાવે છે. જો કે, અધિકારીઓએ નોંધ્યું છે કે મોટા પાયે આગની ઘટનાઓ દરમિયાન, આ ટેન્કરોમાં ઘણીવાર પાણી ઝડપથી ખતમ થઈ જાય છે, જેના કારણે આગ બુઝાવવામાં વિલંબ થાય છે. બીજું ટેન્કર આવે ત્યાં સુધીમાં, સતત પાણીપુરવઠામાં વિક્ષેપને કારણે આગ વારંવાર તીવ્ર બને છે.

શિવશક્તિ માર્કેટ અને રાજ માર્કેટમાં તાજેતરમાં લાગેલી આગ દરમિયાન મોટા ટેન્કરની જરૂરિયાત ખૂબ જ અનુભવાઈ હતી, જ્યાં ફાયર ટીમોએ આગને કાબૂમાં લેવા માટે કલાકો સુધી સંઘર્ષ કરવો પડ્યો હતો.

મહાનગરપાલિકાની યોજના મુજબ, આગામી ૩૮,૦૦૦ લિટરનું ટેન્કર સ્થિર પાણી અનામત તરીકે કામ કરશે, જેનાથી નાના ફાયર વાહનો લાંબા સમય સુધી કામગીરી દરમિયાન સ્થળ પર જ પાણી ભરી શકશે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન અગ્નિશામક માળખાના સંદર્ભમાં રાજ્યમાં સૌથી અદ્યતન છે. હાલમાં તે ગુજરાતની એકમાત્ર મનપા છે જે ૯૦-મીટર હાઇડ્રોલિક ટર્નટેબલ, ત્રણ વધારાના ટર્નટેબલ યુનિટથી સજ્જ છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

# અમદાવાદ એરપોર્ટ અને ગ્રામ્ય કોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી, શંકાસ્પદ વસ્તુ ન મળતા હાશકારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: છેલ્લા કેટલાક દિવસોથી અમદાવાદ શહેરની શાળાઓ, કોર્ટ, હાઈ કોર્ટ સહિતને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી રહી છે. બુધવારે સવારે શહેરના સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ અને ગ્રામ્ય કોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી હતી. જો કે, ચેકિંગના અંતે કોઈપણ શંકાસ્પદ વસ્તુ ન મળતા હાશકારો અનુભવ્યો હતો. સવારે અમદાવાદ એરપોર્ટને અજાણ્યા શખસે બૉમ્બથી ઉડાવવાની ધમકી આપી હતી. આ શખસે ઈ-મેલ દ્વારા ધમકી આપીને જણાવ્યું હતું કે એરપોર્ટના લગેજ સેક્શનમાં બૉમ્બ છે જે બ્લાસ્ટ થશે. ઈ-મેલ મળતા સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ કરવામાં આવી હતી, પરંતુ કંઈ ન મળતા ખોટો મેસેજ જાહેર કરવામાં આવ્યો હતો. આ અંગે એરપોર્ટ સિક્યુરિટી દ્વારા એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જો કે થ્રેટ મેલ મળતા જ સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ હતી. સુરક્ષા એજન્સીઓએ એરપોટમાં સઘન તપાસ કરી હતી. બોમ્બ થ્રેટ કમિટી પણ મળી હતી જેમણે તપાસ કરતા આ મેસેજ નોન સ્પેશિફિક બૉમ્બ થ્રેટ જાહેર કરવામાં આવ્યો હતો. ખોટો મેસેજ હોવાથી એરપોર્ટ સિક્યુરિટીએ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસ સામે ફરિયાદ નોંધાવી છે.

તે જ પ્રકારે અમદાવાદમાં ગ્રામ્ય કોર્ટને ફરી એકવાર બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં ખળભળાટ મચી ગયો હતો. માત્ર ૨૫ દિવસના ટૂંકા ગાળામાં બીજી વખત ન્યાય સંકુલને નિશાન બનાવવામાં આવતા સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી. ઇન્કમટેક્સ ખાતે આવેલી અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં સવારે કોર્ટ રજિસ્ટ્રારના ઇમેઇલ ઉપર બૉમ્બની ધમકી મળી હતી. જેમાં આત્મઘાતી બોમ્બથી હુમલો કરવાની વાત કરવામાં આવી હતી. જે સંદર્ભે કોર્ટે સલામતી એજન્સીઓનો સંપર્ક કર્યો હતો. જેથી ફાયર ફાઈટર્સ, પોલીસ, બૉમ્બ ડિટેક્ટ એન્ડ ડિસ્પોઝબલ સ્ક્વોડ ડોગ સ્ક્વોડ વગેરે અમદાવાદ ગ્રામ્ય કોર્ટ પહોંચ્યા હતા. સમગ્ર કોર્ટમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. જો કે કોઈપણ વાંધાજનક વસ્તુ મળી નહોતી. તપાસ દરમિયાન પણ કોર્ટનું કામકાજ ચાલુ રહ્યું હતું. પોલીસ અધિકારએ જણાવ્યું હતું કે નજીકના ભૂતકાળમાં અવારનવાર કોર્ટ્સને બૉમ્બની ધમકીઓ મળી રહી છે. જેમાં તપાસના અંતે કશું મળતું નથી. તેમ છતાં સલામતીના કારણોસર તપાસ પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત અઠવાડિયે જ અમદાવાદની ૧૫થી વધુ સ્કૂલોની બૉમ્બથી ઉડાવવાની ધમકી મળી હતી. ■

# અંબાજીમાં ત્રણ દિવસીય ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનું આયોજન, શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઊમટશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના શક્તિપીઠ અંબાજી ખાતે આગામી ૩૦ જાન્યુઆરીથી ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન ભવ્ય ૫૧ શકિતપીઠ પરિક્રમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં ભાગ લેવા માટે બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, પાટણ, ગાંધીનગર અને અરવલ્લી સહિતના જિલ્લાઓમાંથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાશે. શ્રદ્ધાળુઓની સુવિધા માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વ્યાપક વ્યવસ્થાઓ કરવામાં આવી છે. યાત્રાળુઓ માટે અંબિકા ભોજનાલય, જીએમડીસી, માંગલ્યવન, આરટીઓ સર્કલ અને આર્ટસ કૉલેજ ખાતે વિનામૂલ્યે ભોજનની વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે.

આ પરિક્રમા મહોત્સવ દરમિયાન પરિક્રમા પથ, શક્તિપીઠ સંકુલ તથા મુખ્ય મંદિર પરિસરને આકર્ષક અને દિવ્ય માહોલ સર્જે તે રીતે વિશેષ રંગીન લાઈટિંગ, ડેકોરેશન અને ઇલ્યુમિનેશનથી શણગારવામાં આવશે. રાત્રિના સમયે સમગ્ર પરિક્રમા માર્ગ ઝગમગાટથી ઝળહળી ઊઠશે, જે શ્રદ્ધાળુઓ માટે અનોખો આધ્યાત્મિક અનુભવ આપશે. આ સાથે મહોત્સવને લોક સંસ્કૃતિનો રંગ આપવા માટે પરંપરાગત આદિવાસી નૃત્ય, ઢોલ-નગારાં, લોક વાદ્યો અને લોક કલાકારોના કાર્યક્રમો યોજાશે, જેમાં ગુજરાતની સમૃદ્ધ આદિવાસી સંસ્કૃતિ અને ભક્તિ ભાવનું સુંદર સંમિશ્રણ દર્શાવવામાં આવશે. આ ભવ્ય આયોજનથી અંબાજીમાં ભક્તિ, આસ્થા અને લોક સંસ્કૃતિનો અનન્ય ત્રિવેણી સંગમ સર્જાશે. ત્રણ દિવસીય કાર્યક્રમોના આયોજનો પર એક નજર કરીએ તો, ૩૦ જાન્યુઆરીના રોજ સવારે ૯. ૩૦ કલાકે પાલખી યાત્રા, ધજા યાત્રા અને સાધુ-સંતોના આશીર્વચન સાથે મહોત્સવનો શુભારંભ થશે. ત્યારબાદ પ્રાસંગિક પ્રવચનો, ભજન સત્સંગ અને આનંદ ગરબાનું આયોજન કરાશે. ૩૧ જાન્યુઆરીએ ત્રિશુલ યાત્રા અને પાદુકા યાત્રા સાથે દિવસનો પ્રારંભ થશે. આ દિવસે વિશેષ રૂપે શક્તિપીઠ સંકુલોમાં 'શક્તિ યાગ' (યજ્ઞ) અને દર્શન પરિક્રમા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ૦૧ ફેબ્રુઆરીએ જ્યોત યાત્રા, ચામર યાત્રા અને મશાલ યાત્રાના આયોજન સાથે ભક્તિમય માહોલમાં મહોત્સવનું સમાપન થશે. ■

# રાજયના આદિવાસી વિસ્તારોના ૧,૬૧૪ પરાઓને ₹ ૨,૬૦૦ કરોડના ખર્ચે પાકા બારમાસી રસ્તાથી જોડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના આદિવાસી વિસ્તારોમાં આવેલા પરાઓને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત એકપણ વાર જોડાણ મળ્યું ન હોય તેવા ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૫૦૦થી વધુ વસ્તીના નોર્મલ એરિયા તથા ૨૫૦થી વધુ વસ્તી ધરાવતા ટ્રાયબલ એરિયાના ૧,૬૧૪ પરાઓને પ્રથમવાર પાકા બારમાસી રસ્તાથી જોડવાનો નિર્ણય રાજય કેબિનેટની બેઠકમાં લેવામાં આવ્યો હતો. પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ સરકારના આ નિર્ણય અંગે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, રાજ્યના આદિવાસી વિસ્તારોમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના-૪ અંતર્ગત કરવામાં આવેલા સર્વેમાં ૪,૭૮૧ પરાઓ પૈકી પ્રથમ તબક્કામાં ૧,૬૧૪ પરાઓ પસંદ કરવામાં આવ્યા છે. આ પરાઓમાં કુલ ૨,૦૨૦ કિલોમીટરના રસ્તા બનાવવામાં આવશે. આ રસ્તા અંદાજિત કુલ રૂ. ૨,૬૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવશે. ■

# ગુજરાતમાં ઠંડીમાં ઉતાર-ચઢાવ, નલિયા સાત ડિગ્રીએ ઠર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ઠંડીનો પારો ઉપર-નીચે થયા કરે છે. મંગળવારે ઠંડીનું જોર થોડું ઘટ્યું હતું, જ્યારે બુધવારે ફરી અમુક શહેરોમાં ઠંડીનો પારો ગગડ્યો હોવાનું હવામાન ખાતાએ જણાવ્યું હતું.

મધ્ય અને ઉત્તર ગુજરાતની સરખામણીમાં સૌરાષ્ટ્રમાં ઠંડી વધુ પડી રહી છે. બુધવારે નલિયામાં સાત ડિગ્રી લઘુતમ તપામાન નોંધાયું હતું, જ્યારે પોરબંદરમાં ૧૧.૪ ડિગ્રી તપામાન નોંધાયું હતું. ડિસા અને રાજકોટમાં ૧૦.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

અમદાવાદમાં પારો ૧૩ ડિગ્રી, જ્યારે વડોદરામાં ૧૧.૪ ડિગ્રી લઘુતમ તાપામન નોંધાયું હતું. ભુજમાં ૧૧ ડિગ્રી અને સુરતમાં ૧૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. મોટાભાગના શહેરોમાં એકથી ત્રણ ડિગ્રી જેટલું તાપમાન સામાન્ય કરતા ઓછું નોંધાયું હતું. જોકે મહત્તમ તાપમાનમાં ૨૫થી ૨૮ વચ્ચે રહ્યું હતું. આથી સવાર-સાંજ ઠંડી અને દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ઠંડા પવનોના સૂસવાટા બોલે છે અને મોડી સાંજ પડતા લોકો ઘરમાં રહેવાનું પસંદ કરે છે, જ્યારે શહેરી વિસ્તારોમાં ગીચતાને કારણે મોડી રાત્રે ઠંડીનો માહોલ ખડો થાય છે. સતત બદલતો રહેતો તાપમાનનો પારો બીમારીઓ પણ લાવી રહ્યો હોવાનું તબીબો જણાવી રહ્યા છે. ■

# અમદાવાદ ગાંધી આશ્રમ ટ્રસ્ટમાં હર્ષ સંઘવીની વાઈસ ચેરમેન તરીકે નિમણૂક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારના દ્વારા એક મહત્વના સરકારી ઠરાવ દ્વારા 'મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટ' (એમજીએસએમટી)ના ગવર્નિંગ કાઉન્સિલમાં ઉચ્ચ સ્તરીય નિમણૂકો કરવામાં આવી હતી. જેમાં નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીને પણ મહત્વની જવાબદારી સોપવામાં આવી છે. સરકારના નવા આદેશ અનુસાર હર્ષ સંઘવીને સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટના ગવર્નિંગ કાઉન્સિલમાં વાઇસ-ચેરમેન (ઉપાધ્યક્ષ) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત નિવૃત્ત આઈએસ અધિકારી અને હાલના ઓફિસર ઓન સ્પેશ્યિલ ડ્યૂટી (ઓએસડી) આઈ.કે. પટેલને ટ્રસ્ટના ગવર્નિંગ કાઉન્સિલમાં મેમ્બર સેક્રેટરી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. સાબરમતી આશ્રમના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ અને ટ્રસ્ટની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે સરકારનો આ નિર્ણય ઘણો મહત્ત્વનો માનવામાં આવી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બર ૨૦૨૧ના મૂળ ઠરાવમાં સુધારો કરીને આ નવી નિમણૂકો કરવામાં આવી છે. ■

# વડોદરા મનપા આગામી ચાર માસમાં ₹ ૨૦૦ કરોડના 'બ્લ્યુ બોન્ડ' લોન્ચ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા મહાનગરપાલિકા દ્વારા ગ્રીન બોન્ડ બહાર પાડ્યા બાદ હવે બ્લ્યુ બોન્ડ જાહેર કરવાની તૈયારીઓ તેજ થઈ છે. આ બ્લ્યુ બોન્ડ દ્વારા પાણી સંબંધિત કામો (વોટર વર્ક્સ) માટે ભંડોળ ઊભું કરવામાં આવશે. આ બોન્ડ દ્વારા પાણી પુરવઠા, ડ્રેનેજ, સ્વચ્છતા અને સંબંધિત પર્યાવરણીય પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડવામાં આવશે. પર્યાવરણ પૂરક વિકાસ માટે 'ગ્રીન બોન્ડ' લોન્ચ કરીને દેશભરમાં મૉડેલ બનેલી પાલિકા હવે આગામી ચાર માસમાં રૂ. ૨૦૦ કરોડના 'બ્લ્યુ બોન્ડ' લોન્ચ કરવાની તૈયારીમાં છે. લાંબા સમયની કવાયત અને તકનીકી અભ્યાસ બાદ આ બોન્ડનો ડ્રાફ્ટ તૈયાર કરી લેવામાં આવ્યો છે, જેનો મુખ્ય હેતુ શહેરની પાણી સંબંધિત સમસ્યાઓનો દીર્ઘકાલીન અને ટકાઉ ઉકેલ લાવવાનો છે.

વડોદરા શહેરની વસ્તી સતત વધી રહી છે અને તેના અનુસંધાને આગામી ૨૫ વર્ષ માટેની પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે મોટા પાયે રોકાણ જરૂરી બન્યું છે. અત્યાર સુધી બજેટ આધારિત વિકાસ પર નિર્ભર રહેનારી પાલિકાએ હવે મ્યુનિસિપલ બોન્ડના માધ્યમથી બજારમાંથી ભંડોળ એકત્ર કરવાનો નવો અને પ્રગતિશીલ અભિગમ અપનાવ્યો છે. આ બ્લ્યુ બોન્ડથી એકત્ર થનારા રૂ. ૨૦૦ કરોડનો ઉપયોગ વોટર વર્ક્સના આધુનિકીકરણ, નવી પાણીની ટાંકીઓનું નિર્માણ, જૂની અને લીકેજવાળી પાઈપલાઈન બદલવા તેમજ મોટા જળ સંચય પ્રોજેક્ટ્સ માટે કરવામાં આવશે.

પાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર, બ્લ્યુ બોન્ડના ડ્રાફ્ટમાં પર્યાવરણ સંરક્ષણ અને પાણીના ટકાઉ ઉપયોગને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તેમાં વરસાદી પાણીના સંગ્રહ, તળાવો અને નદીકાંઠાના પુનઃઉદ્ધાર તેમજ પાણીના પુનઃઉપયોગ જેવી યોજનાઓનો સમાવેશ થવાની સંભાવના છે. આગામી ૧૨૦ દિવસની અંદર આ બોન્ડને શૅરબજારમાં લિસ્ટ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ગ્રીન બોન્ડને મળેલા સારા પ્રતિસાદ અને રોકાણકારોના વિશ્વાસને ધ્યાનમાં રાખીને પાલિકા તંત્રને આશા છે કે બ્લ્યુ બોન્ડ પણ સફળ સાબિત થશે. આ બોન્ડ દ્વારા માત્ર પાણી પુરવઠા નહીં, પરંતુ ગંદા પાણીના શુદ્ધિકરણ અને રિસાઈક્લિંગ પ્રોજેક્ટ્સને પણ આર્થિક બળ મળશે. ■

# વલસાડ જિલ્લાના રોહિણા ગામે પાંચ દિવસમાં બીજો દીપડો પકડાયો, લોકોએ રાહતનો શ્વાસ લીધો

## દોઢ વર્ષના દીપડાનો કબજો લઈ ખડકીસ્થિત નર્સરીમાં ખસેડાયા બાદ પશુ ચિકિત્સક દ્વારા મેડિકલ ચેકઅપ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વલસાડ જિલ્લાના પારડી તાલુકાના રોહિણા ગામે દીપમાળ ફળિયામાં દીપડો લટાર મારતો હોવાની ફરિયાદ બાદ વન વિભાગે પાંજરું ગોઠવી પાંચ દિવસ અગાઉ પકડી પાડયા બાદ બુધવારે આજ ફળિયામાં આવેલી વાડીમાં બીજો દીપડો પાંજરે પુરાતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. પારડી નજીકના રોહિણા ગામે છેલ્લા લાંબા સમયથી રહેણાક વિસ્તારમાં દીપડો ફરતો હોવાની ફરિયાદ બાદ વન વિભાગ દ્વારા દીપમાળ ફળિયામાં અઠવાડિયા અગાઉ પાંજરૂ ગોઠવ્યું હતું. પાંચ દિવસ અગાઉ ગોઠવેલા પાંજરામાં દીપડો પુરાતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. જો કે હજુ બીજો દીપડો દીપમાળ ફળિયામાં જ ફરતો હોવાની વાતને પગલે લોકોમાં ફફડાટ ફેલાયો હતો. ગામના સરપંચ રવિન્દ્ર પટેલે પારડી વન વિભાગને જાણ કરાયા બાદ અજિતભાઈ દેવાભાઈ પટેલની વાડીમાં પાંજરૂ ગોઠવ્યું હતું. બુધવારે ગોઠવેલા પાંજરામાં કદાવર દીપડો પુરાયો હતો. દીપડો પાંજરે પુરાયો હોવાની વાત ફેલાતા સરપંચ સહિત લોકો ઘટનાસ્થળે દોડી ગયા હતા. વન વિભાગના અધિકારી અને ટીમ ઘટના સ્થળે પહોંચી લગભગ દોઢ વર્ષના દીપડાનો કબજો લઈ ખડકીસ્થિત નર્સરીમાં ખસેડાયા બાદ પશુ ચિકિત્સક દ્વારા મેડિકલ ચેકઅપ કરાયું હતું. ઝબ્બે કરાયેલા દીપડાને જંગલ વિસ્તારમાં છોડવાની વન વિભાગે કવાયત આદરી હતી. ■

# સનાતન ધર્મના મૂલ્યોને જાળવવા નિષ્ફળ સરકાર સત્તા પર ફરી નથી આવતી: અમિત શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની મુલાકાતે આવેલા કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહે એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે જે સરકાર સનાતન ધર્મના મૂલ્યોને જાળવી રાખતી નથી તે સત્તા પર ફરી આવી શકતી નથી, તેના અનુયાયીઓને નિરાશ કરે છે, તે સત્તા પર આવી શકતી નથી.

તેમણે જણાવ્યું હતું કે સનાતન પરંપરાઓના અનુયાયીઓએ લાંબા સમય સુધી એવી સરકારની રાહ જોઈ છે, જે સનાતન ધર્મને મહત્ત્વ આપે અને તેના સિદ્ધાંતો અનુસાર શાસન કરે.

અમિત શાહે જણાવ્યું હતું કે આદિ શંકરાચાર્યએ ભારતીય ઓળખ સ્થાપિત કરી અને સનાતન ધર્મનો ધ્વજ બધી દિશામાં ઊંચો ફરકતો રહે તેની ખાતરી રહી. આદિ શંકરાચાર્યના ગ્રંથાવલીના ગુજરાતી સંસ્કરણનું વિમોચન કર્યા બાદ આ કાર્યક્રમને સંબોધતા અમિત શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો કે અદ્વૈત વેદાંત વિદ્વાનના સંપૂર્ણ કાર્યોનો ગુજરાતના યુવાનોના જીવન અને કાર્ય પર ઊંડો પ્રભાવ પડશે.

શંકરાચાર્યનો ઉલ્લેખ કરતા શાહે કહ્યું કે આટલા ટૂંકા જીવનકાળમાં બહુ ઓછા લોકો આટલું બધું પ્રાપ્ત કરી શક્યા છે. શંકરાચાર્યે આખા દેશમાં પગપાળા પ્રવાસ કર્યો અને એક રીતે એક મોબાઇલ યુનિવર્સિટી તરીકે સેવા આપી. તેમણે માત્ર પગપાળા પ્રવાસ જ નહીં, પરંતુ તેમણે ભારતની ઓળખ પણ સ્થાપિત કરી, ચારેય દિશામાં ચાર મઠો સ્થાપ્યા, જ્ઞાનના કેન્દ્રો બનાવ્યા અને ધ્યાન રાખ્યું કે સનાતન ધર્મનો ધ્વજ બધી દિશામાં ઊંચો ફરકતો રહે.

તેમણે કહ્યું કે સંતોના આશીર્વાદથી તેમને વિશ્વાસ છે કે સનાતન ધર્મના મૂલ્યોને નબળી પાડતી કોઈપણ સરકાર સત્તામાં પાછી નહીં આવે. તેમણે કહ્યું કે આજે દેશમાં એવી સરકાર છે જે સનાતન ધર્મના સિદ્ધાંતો અનુસાર શાસન કરી રહી છે અને સાંસ્કૃતિક વારસાને મજબૂત બનાવી રહી છે. ■

# મુંબઈ મહાનગરપાલિકાના મુખ્યાલયની શિવસેનાની ઑફિસ કોને મળશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસની બહાર આવેલા મુંબઈ મહાનગરપાલિકાના મુખ્યાલયમાં રાજકીય પાર્ટીઓને તેમના નગરસેવકો માટે ઓફિસ આપવામાં આવે છે, જેમાં ગઈ વખતે સંયુક્ત શિવસેનાને મળેલી ઓફિસ પર ફરી એક વખત શિંદેસેના દાવો કરવાની હોવાનું ચર્ચાઈ રહ્યું છે. તો ઉદ્ધવ ઠાકરેની શિવસેના અગાઉ જ પાલિકાના મુખ્યાલયમાં આવેલી પાર્ટી ઓફિસ પર પોતાનો દાવો કરી દીધો છે. તેથી પાલિકા પ્રશાસન આગામી દિવસોમાં આ ઓફિસ કોને આપે છે, તેના પર સૌ કોઈની નજર મંડાયેલી છે. રાજકીય પાર્ટીઓને તેમના નગરસેવકોને પાલિકામાં બેસવા માટે પાલિકા પ્રશાસન તરફથી ઓફિસ આપવામાં આવતી હોય છે. તે માટે દરેક પક્ષ તરફથી પ્રશાસનને વિનંતી કરી દેવામાં આવી છે, જેમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ પણ પ્રશાસનને તેમને ગઈ વખતે આપવામાં આવેલી ઓફિસનું તાળુ ખોલીને તેમના નગરસેવકોને બેસવા માટે આપવી એવી રજૂઆત કરી છે.

પાલિકાના મુખ્યાલયમાં આવેલી આ ઓફિસ પર જોકે શિંદે સેનાની પણ નજર હોવાનું કહેવાય છે. સંયુક્ત શિવસેનાના ભાગલા થયા બાદ પક્ષનું સિમ્બોલ અને નામ તેમને મળ્યું હોવાથી પાલિકા મુખ્યાલયમાં આવેલી ઓફિસ તેમની હોવાનો દાવો કરીને શિંદે સેનાના કાર્યકર્તાઓ શિવસેના ભંગાણ બાદ આ ઓફિસ પર કબજો કરવાનો પ્રયાસ કર્યો હતો, તેની સામે યુબીટીના કાર્યકર્તાઓ પણ ફોર્ટની પાલિકાની ઓફિસમાં પહોંચી ગયા હતા. બંને શિવસેના વચ્ચે થયેલી ધમાલ બાદ પ્રશાસને આ ઓફિસને સીલ કરી દીધી હતી.

હવે જોકે પાલિકાની ચૂંટણીમાં ભાજપના ૮૯ નગરસેવકો અને ઉદ્ધવની સેનાએ ૬૫ નગરસેવકો સાથે બાદ બીજા નંબરે સૌથી વધુ નગરસેવકો સાથે ઊભરી છે, તેથી પ્રશાસને તાળુ મારીને બંધ કરેલી આ ઓફિસ ફરી તેમના નગરસેવકો માટે ખોલી આપે એવી બે દિવસ અગાઉ રજૂઆત યુબીટીના નવા ચૂંટાયેલા નગરસેવકોએ કમિશનરને કરી હોવાનું કહેવાય છે. તો શિંદેસેનાના પણ ૨૯ નગરસેવકો ચૂંટાયા છે, તેથી તેમને પણ નિયમ મુજબ બેસવા માટે ઓફિસ આપવી જ પડવાની છે.

ગઈ વખતમાં સંયુક્ત શિવસેનાના નગરસેવકોનું બળ ૯૦થી વધુ હોવાથી સભ્ય સંખ્યાને આધારે તેમને મોટી ઓફિસ આપવામાં આવી હતી પણ હવે તેમના નગરસેવકો ૬૫ થઈ ગયા છે, તેથી તેમને આપવામાં આવેલી પક્ષની ઓફિસનું ક્ષેત્રફળ વધુ છે. તેથી આ ક્ષેત્રફળ ઘટાડીને શિવસેનાને ત્યાં ઓફિસ બનાવી શકાય કે નહીં તે બાબતે પ્રશાસન વિચાર કરી રહી હોવાનું જાણવા મળ્યું હતું ત્યારે શિંદેસેનાએ તેમની સેના જ સાચ્ચી શિવસેના છે, તેથી પાલિકા મુખ્યાલયની શિવસેનાની ઓફિસ તેમના પક્ષને જ મળવી જોઈએ એવો દાવો કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

### હાઇ કોર્ટે ગૃહ વિભાગને ફટકાર લગાવી

# માનવ અધિકાર ઉલ્લંઘનના કેસોમાં વળતર તરીકે સાડાત્રણ કરોડ જમા કરાવવાનો આદેશ આપ્યો

મુંબઈઃ માનવ અધિકાર ઉલ્લંઘનના પીડિતોને વળતર આપવા માટે મહારાષ્ટ્ર રાજ્ય સરકાર માનવ અધિકાર પંચ દ્વારા કરાયેલી ભલામણનો અમલ ન કરવાના રાજ્ય સરકારના વલણ સામે હાઇ કોર્ટે મંગળવારે નારાજગી વ્યક્ત કરી હતી. હાઇ કોર્ટે ગૃહ વિભાગના મુખ્ય સચિવને દસ દિવસમાં ૩.૫૦ કરોડ રૂપિયા કોર્ટના રજિસ્ટ્રાર પાસે જમા કરાવવાનો આદેશ આપ્યો હતો.

પંચે ૧૮૬ પ્રકરણમાં રાજ્ય સરકારને ૩.૩૯ કરોડ રૂપિયા વળતર તરીકે આપવાનો આદેશ આપ્યો હતો. પંચની ભલામણો બંધનકારક છે. તેમ છતાં આ રકમ ક્યારેય વહેંચવામાં આવી નથી, એવો દાવો કરતી જનહિત અરજી વકીલ સત્યમ સુરાણાએ દાખલ કરી છે, જેના પર મુખ્ય ન્યાયમૂર્તિની અધ્યક્ષતા હેઠળ ખંડપીઠ દ્વારા મંગળવારે સુનાવણી હાથ ધરાઇ હતી. એ સમયે વળતર બાબતે કોર્ટે રાજ્ય સરકારને પૂછ્યું હતું. ત્યારે સંબંધિત પ્રકરણોની વિગતો ભેગી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા વધારાનો સમય માગવામાં આવ્યો હતો.

જોકે આ પ્રકરણમાં ત્રણ મહિના અગાઉ નોટિસ જારી કરવામાં આવી હોવા છતાં સરકાર હજી સુધી માહિતી રજૂ કરી શકી નથી, જે અત્યંત ગંભીર બાબત છે, એવું જણાવીને હાઇ કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. એ ઉપરાંત ગૃહ વિભાગના મુખ્ય સચિવને દસ દિવસમાં ૩.૫૦ કરોડ કોર્ટમાં જમા કરાવવાનો આદેશ આપ્યો હતો.

સુરાણાની અરજી અનુસાર ૨૦૧૩થી ૨૦૨૫ દરમિયાન પંચે ૧૮૦ ભલામણો કરી હતી અને વળતર તથા અન્ય ભથ્થાં તેમ જ સુવિધાઓ આપવાનો આદેશ આપ્યો હતો. આમાંથી માત્ર ૪૪ (લગભગ ૨૪ ટકા) ભલામણોનો અમલ કરવામાં આવ્યો છે, જ્યારે બાકીની ૧૩૬ (લગભગ ૭૬ ટકા)માં કોઇ કાર્યવાહી કે અહેવાલ આપવામાં આવ્યો નથી. પેન્ડિંગ કેસોમાં વળતરની કુલ રકમ ૩.૩૯ કરોડ રૂપિયા છે અને વિવિધ સરકારી વિભાગો સાથે સંકળાયેલા પીડિતોને ત્રાસ સહન કરવો પડી રહ્યો છે, એવો દાવો અરજીમાં કરાયો છે.

# જ્વેલર્સની દુકાનમાંથી ₹ ૧૮ લાખના દાગીના તફડાવી જનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પાલઘર જિલ્લામાં ખરીદીને બહાને જ્વેલર્સની દુકાનમાં ઘૂસીને ૧૮ લાખ રૂપિયાના સોનાના દાગીના તફડાવી રફુચક્કર થયેલો આરોપી ભિવંડીમાં પકડાયો હતો.

પાલઘર પોલીસની લોકલ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડેલા આરોપીની ઓળખ મોહમ્મદ કલામ સલામુદ્દીન અન્સારી (૪૨) તરીકે થઈ હતી. કોર્ટે તેને ૩૦ જાન્યુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. વધુ કાર્યવાહી માટે આરોપીને વિક્રમગડ પોલીસના તાબામાં સોંપાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ દાગીના ચોરીની ઘટના ૧૪ જાન્યુઆરીએ બની હતી. આરોપી દાગીના ખરીદવાને બહાને વિક્રમગડ પરિસરમાં આવેલી મહાલક્ષ્મી જ્વેલર્સ દુકાનમાં ગયો હતો. આરોપી દાગીના પસંદગીનું નાટક કરી રહ્યો હતો ત્યારે દુકાનનો એક કર્મચારી કેશ કાઉન્ટર પાસે ગયો હતો, જ્યારે બીજા કર્મચારીઓ કામમાં વ્યસ્ત હતા. કોઈ કર્મચારીનું ધ્યાન ન હોવાની તક સાધી આરોપીએ કાઉન્ટરમાંથી દાગીના ભરેલું પ્લાસ્ટિકનું પાઉચ તફડાવી લીધું હતું.

આરોપીના ગયા પછી કાનના સોનાના ટૉપ્સનું પાઉચ ગુમ હોવાનું કર્મચારીના ધ્યાનમાં આવ્યું હતું. સીસીટીવી ફૂટેજમાં જોતાં ગ્રાહકે પાઉચ તફડાવ્યાની ખાતરી થતાં દુકાનમાલિક આદિનાથ કચરેએ વિક્રમગડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. અંદાજે ૧૮ લાખ રૂપિયાના દાગીના ચોરવા પ્રકરણે પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો, જેની સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ફૂટેજમાં નજરે પડતો શખસ ભિવંડીમાં રહેતો હોવાની માહિતી પોલીસને મળી હતી. પોલીસે ભિવંડીમાં કારીવલી રોડ ખાતેથી અન્સારીને તાબામાં લીધો હતો. તેની પાસેથી કાનના ટૉપ્સની ૩૯ જોડી હસ્તગત કરવામાં આવી હતી. આરોપી વિરુદ્ધ બુલઢાણા, થાણે ગ્રામીણ, થાણે શહેર, પાલઘર, મીરા-ભાયંદર અને રાયગડ પોલીસમાં ૧૩ જેટલા ગુના નોંધાયેલા હોવાનું તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું.

# મુંબઈ-અમદાવાદ હાઈવે પર કન્ટેઈનર ઊંધું વળતાં ટ્રાફિક જૅમ સર્જાયો

મુંબઈઃ મુંબઈ-અમદાવાદ હાઇવે પર સસૂનવઘર નજીક બુધવારે વહેલી સવારે કન્ટેઇનરને અકસ્માત નડ્યા બાદ તે ઊંધું વળી ગયું હતું, જેને કારણે હાઇવે પર ટ્રાફિક જૅમ સર્જાતાં વાહનચાલકો કલાકો સુધી અટવાઇ ગયા હતા.

મુંબઈ-અમદાવાદ હાઇવે મુંબઈ, થાણે, મીરા-ભાયંદર, વસઇ-વિરાર, પાલઘર, ગુજરાત તથા અન્ય વિસ્તારોને જોડતો મુખ્ય હાઇવે છે. છેલ્લાં અમુક વર્ષથી આ હાઇવે પર પાણી ભરાઇ જવા, ખાડા, ટ્રાફિક જૅમ, અકસ્માત જેવી વિવિધ સમસ્યાઓ ઊભી થઇ રહી છે.

બુધવારે વહેલી સવારના પાંચ વાગ્યાની આસપાસ હાઇવે પર મિક્સર ટ્રક સાથે ભટકાયા બાદ કન્ટેઇનર ઊંધું વળી ગયું હતું અને તેમાંનો ભારે સામગ્રી રસ્તા પર પડી હતી, જેને રસ્તા પરથી હટાવવાનું મુશ્કેલ થઇ પડ્યું હતું અને તેને કારણે હાઇવે પર ટ્રાફિક જૅમ સર્જાયો હતો.

હાઇવે પર ટ્રાફિક જૅમને કારણે સસૂપાડા અને નાયગાંવ દરમિયાન વાહનોની લાંબી લાઇન લાગી હતી. આઠ કલાક વીતી ગયા છતાં ઊંધા વળી ગયેલા કન્ટેઇનરને ત્યાંથી હટાવી શકાયું નહોતું, એમ મુસાફરોએ જણાવ્યું હતું. ટ્રાફિક જૅમને કારણે શાળાના વિદ્યાર્થીઓ, મજૂર વર્ગ અને વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી હતી.

# પશ્ચિમ રેલવે ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬થી વધુ ચાર ઉપનગરીય ટ્રેન સેવાઓ શરૂ કરશે

પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા વધારવા અને ઉપનગરીય કનેક્ટિવિટી વધારવાના ઉદ્દેશ્ય સાથે ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૦૪ વધારાની ૧૨-કોચવાળી નોન-એસી ઉપનગરીય ટ્રેન સેવાઓ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ વધારાની સેવાઓ શરૂ થતા, પશ્ચિમ રેલ્વેના મુંબઈ ઉપનગરીય વિભાગ પર કુલ ઉપનગરીય સેવાઓની સંખ્યા ૧૪૦૬ થી વધીને ૧૪૧૦ થશે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, કાંદિવલી-બોરીવલી વચ્ચે છઠ્ઠી લાઇનનું કાર્ય પૂર્ણ થવાથી આ વધારો શક્ય બન્યો છે.

છઠ્ઠી લાઇન શરૂ થયા પછી, બોરીવલી અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે બાંદ્રા ટર્મિનસ તરફ જતી/આવતી બધી લાંબા અંતરની ટ્રેનોને પાંચમી અને છઠ્ઠી લાઇન પર ખસેડવામાં આવી છે, જેનાથી કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો થયો છે.

આ ૦૪ નવી સેવાઓમાંથી, ૦૨ સ્લો અપ દિશામાં અને ૦૨ સ્લો ડાઉન લાઇન પર હશે. અપ દિશામાં એક સેવા ભાયંદરથી બાંદ્રા સુધીની હશે, જે સવારે ૧૧:૩૯ વાગ્યે ઉપડશે.

જ્યારે બીજી સેવા ભાયંદરથી ચર્ચગેટ સુધીની હશે, જે બપોરે ૧૨:૧૪ વાગ્યે ઉપડશે. તેવી જ રીતે, ડાઉન દિશામાં, બાંદ્રા ટર્મિનસથી ભાયંદર સુધી ૦૨ વધારાની સેવાઓ હશે, જે બાંદ્રા ટર્મિનસથી અનુક્રમે ૧૬:૩૦ કલાકે અને ૧૩:૨૧ કલાકે ઉપડશે.

# થાણેમાં શુક્રવારે છ કલાક પાણીપુરવઠો બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે મહાનગરપાલિકાની પોતાની પાણી પુરવઠા યોજનાની મુખ્ય પાઈપલાઈનના સમારકામ કરવામાં આવવાનું છે. તેથી થાણે તેમ જ ઘોડબંદરના વિસ્તારમાં છ કલાક માટે શુક્રવારે પાણીપુરવઠો બંધ રહેશે. એ સિવાય મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન (એમઆઈડીસી) મારફત પાઈપલાઈનનું સમારકામ કરવામાં આવવાનું હોવાથી કલવા, દિવા અને મુંબ્રા શહેરમાં શુક્રવારે પાણી પુરવઠો બંધ રહેશે.

થાણે મહાનગરપાલિકાની કિરવલીમાં રહેલી મુખ્ય પાઈપલાઈનમાં ગળતર થઈ રહ્યું છે. તેથી આ ગળતરને બંધ કરવાની સાથે જ ઈંદિરાનગરમાં પાઈપલાઈનની સફાઈ કરવામાં આવવાની છે. તેથી શુક્રવારે,૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ના સવારના નવ વાગ્યાથી બપોરના ત્રણ વાગ્યા સુધી છ કલાક માટે પાણીપુરવઠો બંધ રાખવામાં આવશે.

શુક્રવારે સવારના નવ વાગ્યાથી બપોરના ત્રણ વાગ્યા સુધી ઘોડબંદર રોડ, વર્તકનગર, ઋતુપાર્ક, જેલ વિસ્તાર, ગાંધી નગર, રુસ્તમજી, સિધ્ધાંચલ, સમતાનગર, જોન્સન, ઈંદિરાનગર, શ્રીનગર, લોકમાન્યનગર, સાવરકરનગર, રૂપાદેવી પાડા અને કિસનનગર જેવા વિસ્તારોમાં છ કલાક માટે પાણીપુરવઠો બંધ રહેશે.

સમારકામ બાદ બે દિવસ સુધી ઓછા દબાણ સાથએ પાણીપુરવઠો થશે. તેથી નાગરિકોને પાણી સંભાળીને વાપરવાની સલાહ આપવામાં આવી છે.

# ઉમરગામથી મુંબઈ સુધીનો માર્ગ તૈયાર, ટૂંક સમયમાં શરૂ થશે

વલસાડ/મુંબઈઃ દક્ષિણ ગુજરાત અને મુંબઈ વચ્ચેની મુસાફરીને વધુ ઝડપી બનાવવા માટે નિર્માણાધીન દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના કામકાજમાં મોટા સમાચાર સામે આવ્યા છે. મહારાષ્ટ્ર સેક્શનમાં પેકેજ ૧૧ અને ૧૨નું કામ પૂર્ણ થઈ ગયું છે, જ્યારે પેકેજ ૧૩માં વૈતરણા નદી પરના પુલનું કામ અંતિમ તબક્કામાં છે. આ એક્સપ્રેસ-વે નેશનલ હાઈવે-૪૮ પરના ટ્રાફિકના ભારણને ઘટાડવા માટે આશીર્વાદરૂપ સાબિત થશે. મળતી માહિતી મુજબ વડોદરાથી ચીખલી સુધીનો માર્ગ કાર્યરત થયા બાદ હવે ઉમરગામથી મુંબઈ વચ્ચેના પેકેજ પણ પૂર્ણતાના આરે છે. તલાસરી, દહાણું અને પાલઘર તરફનો રસ્તો બનીને તૈયાર થઈ ગયો છે.

આ સિવાય તરણા નદી પરનો ત્રીજો પુલ અને તેની આસપાસનો નાનો હિસ્સો આગામી પાંચથી છ મહિનામાં પૂર્ણ થવાની ધારણા છે. જોકે જમીન સંપાદન અને અન્ય ટેકનિકલ કારણોસર વલસાડ જિલ્લાનો ભાગ હજુ બાકી છે. શક્યતા છે કે વલસાડનું કામ પૂરું થાય તે પહેલાં ઉમરગામથી મુંબઈનો રસ્તો વાહનવ્યવહાર માટે ખોલી દેવામાં આવશે.

હાલમાં નેશનલ હાઈવે-૪૮ પર વાહનોના ભારે દબાણને કારણે કલાકોના જામ સર્જાય છે, જેમાંથી મુક્તિ મળશે. વાપી, સરીગામ, બોઈસર અને પાલઘર જેવા ઔદ્યોગિક હબને મુંબઈ અને જેએનપીટી (જેએનપીટી) પોર્ટ સાથે સીધી અને ઝડપી કનેક્ટિવિટી મળશે. માર્ચ મહિના સુધીમાં જેએનપીટી સ્પુર પેકેજ પૂર્ણ થવાથી લોકોના સમય અને ઇંધણમાં મોટો ઘટાડો થશે.

## હિન્દુ મરણ

કચ્છ ગામ વાંકુ હાલે પેન નિવાસી ચંદુલાલ ઈન્દરજી રૂપારેલના ધર્મપત્ની અ.સૌ. જ્યોતિબેન (ઉ.વ. ૭૮) તા. ૨૭-૧-૨૬ના રામશરણ પામેલ છે તે સરસ્વતીબેન તુલસીદાસ શંકરલાલ રાયમંગીયા ગામ મોથારાની સુપુત્રી. મીના પરેશ ચગસોતા, માયા જીતેન્દ્ર જૈન, પ્રીતિ વિનોદ ઘેરાઈ, જીગ્નેશ અને રવિના માતુશ્રી. તે જિનલ અને ઉમાના સાસુમા. તે સ્વયમ અને દર્શના દાદીમા. તે રાજુલ, કાર્તિક, આશિકા, આકાશ અને આસ્થાના નાનીમા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૦-૧-૨૬ને શુક્રવારના સાંજે ૪.૦૦ થી ૫.૩૦. ઠે. ગુજરાતી સમાજ હોલ, શારદા મંદિર, વિઠ્ઠલ આળી, પેન રાયગડ મધ્યે છે. લૌકિક વ્યવહાર બંધ છે.

સ્વ. શાંતિલાલ કેશવજી કુંડલીયા તથા સ્વ. ગુણવંતીબેન કુંડલીયાના પુત્ર રમેશભાઇ કુંડલીયા (ઉ.વ.૬૭) તે ગીતાબેનના પતિ. કેતનભાઇ, સંતોષભાઇના પિતા. જ્યોત્સનાબેન અરુણકુમાર ચોટાઇ, પ્રમિલાબેન વિજયકુમાર રામાણી, જીતેન્દ્રભાઇ, અજયભાઇના ભાઇ. બિંદિયાબેન, વિભુતિબેનના સસરા. નરભેરામભાઇ કલ્યાણજીભાઇ મિરાણી (મોરબી)ના જમાઇ. ૨૬.૧.૨૬ સોમવારના અવસાન થયેલ છે. તેમનું બેસણું તથા પિયર પક્ષની સાદડી ૨૯.૧.૨૬ ગુરુવાર સાંજે ૫ થી ૬. સ્થળ : ડી-૫૦૪, મિલેનિયમ હાઇટ્સ, સનસિટી હેવનની પાછળ, શાંતિનગર શેરી નં.૩, રાજકોટ.

**જામનગર ગિરિનારાયણ બ્રાહ્મણ**

આનંદ કે. વ્યાસ (ઉ.વ.૫૬), તે ભારતીબેન અને કુન્દનભાઈ વ્યાસના પુત્ર. હિરલબેનના પતિ. રેશમ અને ઉષ્માના પિતા. રેણુકાબેન રશ્મિકાંતભાઈ પુરોહિતના જમાઈ. અમિત અને રાહુલના ભાઈ. ૨૪.૧.૨૬ના રોજ નવી દિલ્હી મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ૩૦.૧.૨૬ શુક્રવાર, સાંજે પાંચથી સાત વાગ્યા દરમિયાન, શ્રી મુંબઈ પાટીદાર સમાજ, ૬, ફ્રેન્ચ બ્રિજ, મફતલાલ બાગ, મુંબઈ-૭ ખાતે રાખવામાં આવી છે.

**હાલાઈ લોહાણા**

જામનગર નિવાસી, હાલ મુંબઈ, દિનેશ બચુભાઈ ઠક્કરનાં ધર્મપત્ની ભારતીબેન ઠક્કર (ઉ.વ. ૭૫) તા. ૨૭.૧.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વેલાબેન બચુભાઈ શામજીના પુત્રવધૂ. સ્વ. ખીમજી મથુરાદાસ દતાણીના સુપુત્રી. તે સ્વ. હંસાબેન અનુભાઈ ઠક્કરના દેરાણી. તે નીરવ, ધવલના માતુશ્રી. તે સ્વ. લીલાબેન ધીરેન્દ્રભાઈ કોટક અને ઈન્દુબેન રમેશભાઈ ત્રિવેદીના ભાભી. લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ**

ભાવનગર હાલે મુલુંડ, રેખાબેન ચેતન મોદી (ઉ.વ. ૭૩) તા. ૨૬.૧.૨૬ના અવસાન પામ્યા છે. જશવંતીબેન નવનીતલાલ મોદીના પુત્રવધૂ. તે ચેતનભાઈના ધર્મપત્ની. તે નિતુલ, રિદ્ધિના માતુશ્રી. તે છાયાબેન સતીષભાઈ મોદીના જેઠાણી. તે હેતલના સાસુજી. પિયર પક્ષે કચ્છ-પત્રીના લક્ષ્મીબેન જીવરાજ પુંજાભાઈ દેઢીયાના સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ઘેલાશા બરવાળાવાળા હાલ મુંબઈ, સ્વ. પ્રભાબેન અનંતરાય ભૂતાના સુપુત્ર જ્યોતિન્દ્ર (ઉ.વ. ૮૨) તે પ્રતિમાબેનના પતિ. તે નિમીષા, આશિષ અને વૈશાખીના પિતા. તે સોમિલ, કાજલ અને ધ્રુવના સસરા. તે સ્વ. છોટાલાલ જીવરાજ શેઠ (ગલિયા કોટવાળા)ના જમાઈ તા. ૨૬.૧.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૯.૧.૨૬ ગુરવારના રોજ હોલ ઓફ હારમની, નહેરુ સેન્ટર, વરલી સાંજે ૫ થી ૭ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. પાવર્તબેન વલ્લભજી મુરજી ઠક્કર (રાયમંગ્યા) (ઉ.વ. ૮૫) કચ્છ ગામ મઉ (મોટી) હાલે ડોમ્બીવલી વાળાના પુત્ર જમનદાસ વલ્લભજી સોમવાર તા. ૨૬.૧.૨૬ના રામશરણ પામેલ છે તે દમયંતીબેનના પતિ. તે સ્વ. ગીરીશ, સ્વ. સુરેશ નીતા દીપક સોમૈયા અને વિપુલના પિતાશ્રી. તે સ્વ. ઝવેરબેન રતનશી ગણાત્રા, ભાનુબેન તુલશીદાસ, વિનોદભાઈ, જીતેન્દ્રભાઈ વિજયાબેન મહેશભાઈ પલણ અને સ્વ. પ્રતાપભાઈના ભાઈ. તે સ્વ. ઓધવજી લીલાધર ગટ્ટાના જમાઈ. તે સ્વ. માલતીબેન, નિર્મલાબેન અને ગં. સ્વ. પૂજાબેનના જેઠ. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૯.૧.૨૬ના ૫ થી ૭. ઠે. શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. પુષ્પાબેન (અમૃતબેન) પ્રતાપ ઠક્કર (નૈન સોમૈયા) (ઉ.વ. ૮૪) તે સ્વ. પ્રતાપભાઈ ઠક્કરના પત્ની તા. ૨૭.૧.૨૬ના સ્વર્ગવાસ પામ્યા છે. મૂળ ગામઃ ઝરૂ (કચ્છ), હાલ મુલુંડ તે સ્વ. કાશીબેન અને સ્વ. પુરુષોત્તમ સુંદરજી ઠક્કરના મોટા પુત્રવધૂ. પિયર પક્ષઃ તે સ્વ. લક્ષ્મીબેન રામજીભાઈ હરીરામ અનમ (ગામઃ વરસામેડી)ના સુપુત્રી. તે નિલેશ, જીતેન્દ્ર અને મનોજ ઠક્કરના માતુશ્રી. તે મીના નિલેશ, સ્વ. કાશ્મીરા જીતેન્દ્ર અને નીતા મનોજ ઠક્કરના સાસુ. તે ચિંતન, રાજ અને જેનિલના દાદી. પ્રાર્થનાસભાઃ ગોપુરમ હોલ, જ્ઞાન સરિતા સ્કૂલ પાસે, આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ) તા. ૨૯.૧.૨૬ ગુરવાર, ૫.૩૦થી ૭.૦૦.

**હાલાઈ લોહાણા**

ગામ બામણાસા, હાલ કાંદિવલી ગં. સ્વ. જ્યોત્સનાબેન વલ્લભદાસ શીરોદરીયા (ઉ. વ. ૮૬), તે સ્વ. વલ્લભદાસ ધરમશી શીરોદરીયાના ધર્મપત્ની તા. ૨૭-૧-૨૬ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગસ્થ થયેલ છે. તે વિનોદ, સુનીલ, જયશ્રી, કમલેશ, ભુપેશ તથા જયેશના માતુશ્રી. તે પ્રવિણા, ચંદા, શીતલ, પારૂલ તથા તેજલના સાસુ. તે સ્વ. પિતાંબરદાસ જીવનદાસ ઠકરારના દીકરી. તે હિરલ ચિરાગ પારપાની, નીલ, હાર્દિક, દિતી મોક્ષેશ મસાલીયા, સૃષ્ટિ, જયના તથા વિરાલીના દાદી. તે વૈદેહી (બોબી), શ્વેતાના દાદીજીસાસુ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

વિલે પાર્લે નિવાસી પંકજભાઈ સંપટ (ઉ.વ. ૭૩) ૨૭મી જાન્યુઆરી, મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ચંદ્રલક્ષ્મી સ્વ. ચાંપસી સંપટના પુત્ર. સ્વ. ચેતના સંપટના પતિ. સ્વ. હિના જયસિંહ આશર તથા ગં.સ્વ. નીતા સુભાસ કાપડિયાના ભાઈ. સ્વ. લીલમણી સ્વ. કૃષ્ણરાજ સંપટના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૨૯મી જાન્યુઆરીના ગુરુવારે ૫થી ૬. નિવાસસ્થાને રાખેલ છે. ઠેઃ ૫૦૨, મહેશ્વર મેનસન, ૬૩, બાપુભાઈ વશી રોડ, વિલે પાર્લે (વેસ્ટ). (લૌકિક વ્યવહાર બંધ છે.)

**કપોળ**

ડેડાણ નિવાસી, હાલ ઘાટકોપર સ્વ. હરકું વરબેન કાનજી ચિતલિયાના પુત્ર બળવંતરાય (ઉ.વ. ૮૫) મંગળવાર, તા. ૨૭-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સરોજબેનના પતિ. હેમલ-સંજય કાણકિયા, મીતલ-સંજય વળિયા અને સૌરભ-હિમાના પિતાશ્રી. સ્વ. મથુરભાઈ-ઈલાબેન, સ્વ. વસંતભાઈ-સ્વ. જશવંતીબેન, ભોગીભાઈ-જયશ્રીબેન, સ્વ. ઈન્દુબેન નરેન્દ્રભાઈ મહેતા અને પ્રવિણાબેન અમરીશભાઈ ગાંધીના ભાઈ. બરોડાવાળા, સ્વ. વ્રજલાલ છોટાલાલ મહેતાના જમાઈ. સ્વ. મહેન્દ્રભાઈ, શૈલેષભાઈ અને જ્યોતિબેન પ્રફુલ્લભાઈ દેસાઈના બનેવી. તેમની પ્રાર્થનાસભા, લાયન્સ કલબ ઓફ ઘાટકોપર, લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઈ)ના શુક્રવારે તા. ૩૦-૧-૨૬ના પથી ૭.

**રાજયપુરોહિત બ્રાહ્મણ**

ગામ જામનગર, હાલ મુંબઈ, રમેશભાઈ જયંતિલાલ ભટ્ટ (ઉ.વ.૭૩) ૨૪/૧/૨૬નાં કૈલાશવાસ થયેલ છે. તે સ્વ. જયંતિલાલ માવજી ભટ્ટ અને સ્વ. કમળાબેનના જયેષ્ઠ પુત્ર. રસીલાબેનના પતિ. દિપલ, સંદીપ અને સ્વ. પ્રેમના પિતાશ્રી. ટેલિફોનીક બેસણા તા. ૨૯/૧/૨૬ના ગુરુવાર સાંજે ૫ થી ૬.

**કચ્છી લોહાણા**

મૂળ ગામ કચ્છ કોઠારા, હાલ મુલુંડ, જનકભાઈ (ઉ.વ.૬૭) સ્વ. નિર્મળાબેન કરમશી ધીરાવાણીના પુત્ર. તે નિશાબેન (નિમા)ના પતિ. સ્વ. પુષ્પાબેન મોતીરામ સેજપાલના જમાઈ. સ્વ. સરોજ અરવિંદભાઈ સોમૈયા, અ.સૌ. ભારતી શરદ ચોથાણીના નાનાભાઈ. કરણ, પાર્થના પપ્પા, ખુશ્બૂ કરણ ધીરાવાણીના સસરા. તા. ૨૭.૧.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૯/૧/૨૬ના સાંજે ૫.૩૦ થી ૭. સ્થળ- પવાણી હોલ, કચ્છી લોહાણા મહાજન વાડી, આર.આર.ટી. રોડ, મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સતાવીસ ભાવસાર**

મુંબઈ નિવાસી હાલ બોરીવલી, ગં.સ્વ. તરુલતા ભાવસાર (ઉં વ.૮૮) તે સ્વ. મહેન્દ્રભાઈ ભાવસારના ધર્મપત્ની. સ્વ. મણિલાલ ભાવસારના દીકરી. સંજય, કેતન, રૂપેશ તથા સ્વાતિના માતુશ્રી. જશ, વિધિ, કરણ, રિશી, કૃતિ તથા ક્રિનાના દાદી. ૨૬/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૨૯/૧/૨૬ના રોજ ૪ થી ૬. જૈનમ બેન્કવેટ હોલ, અય્યપા મંદિર, સિંધી કોલોની રામનગર બોરીવલી વેસ્ટ.

**દશા મોઢ માંડલિયા**

ભેરાઇ નિવાસી હાલ બોરીવલી, ગં.સ્વ. શાંતાબેન દોશી (ઉં વ.૯૮) તે સ્વ. નટવરલાલ ગીરધરલાલ દોશીના ધર્મપત્ની. જસદણ નિવાસી મોહનલાલ ત્રિકમજી કલ્યાણીના દીકરી. ધનશ્યામ, કલ્પેશ, સ્વ. ભાવેશ, જ્યોત્સના ભુપેન્દ્રભાઈ શાહ, ઉર્મિલા કિરણ શાહ, ઈલા રાજેશ મૂછાળા, માયા હર્ષદભાઈ સોનીના માતુશ્રી. વીણા તથા સુનિતાના સાસુ. નેહા હર્ષ શ્રોફ, દિશા મલય વશી, હિયા તથા રોનિતના દાદી. ૨૬/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગુજ્જર સુથાર**

ગામ કોઠારીયા માણાવદર હાલ કાંદિવલી, કાંતિલાલ કેશવજી તલસાણીયા (ઉં વ.૮૫) ૨૭/૧/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. વલ્લભભાઈ, રવજીભાઈ, જમનભાઈના ભાઈ. મુક્તાબેનના પતિ. તુલસીદાસ કથ્રેચાના જમાઈ. કૈલાશબેન, સ્વ. હરેશ, મહેશભાઈ તથા સ્વ. કુંદનના પિતા, શિલ્પા, ભાવના તથા જોગેશ બકરાણીયાના સસરા. તેમનું બેસણું ૨૯/૧/૨૬ના રોજ ૪ થી ૬. હરિનામ મંદિર ટ્રસ્ટ, એંશીયન બેકરીની બાજુમાં, શાંતિલાલ મોદી રોડ, ઈરાની વાડી, કાંદિવલી વેસ્ટ.

**દિવેચા બ્રાહ્મણ**

સ્વ. કેદારનાથ કેશવલાલ મામતુરા તથા હંસાબેનના પૌત્ર તથા નીલય તથા મીરા મામતુરાના પુત્ર. ધનિશ (ઉં વ.૫) ૨૭/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે નિમીષાના ભત્રીજા. તેમની પ્રાર્થનાસભા ૨૯/૧/૨૬ના ૪.૩૦ થી ૬. સોનીવાડી, શીમ્પોલી સિગ્નલ, અદાણી ઇલેક્ટ્રિક ઓફિસની સામે, બોરીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી**

મહુવા નિવાસી હાલ બોરીવલી, અનંતરાય રામજી મહેતાના ધર્મપત્ની નિર્મળાબેન (ઉ.વ.૮૫) પિયરપક્ષે ડુંગર નિવાસી સ્વ. વેણીલાલ મહેતાના દિકરી. ચંદ્રેશ, વિપુલ, ઉમા નિતિન શાહ, છાયા દિપક માવાણીના માતુશ્રી. હિના પિનાકીનીના સાસુ. તે દીપા રીમા, તન્વી દિશા રિયાના દાદી. ૨૭/૧/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૯/૧/૨૬ના રોજ ૪ થી ૬. સ્વામિનારાયણ મંદિર અજમેરા સ્કૂલની સામે, યોગીનગર બોરીવલી વેસ્ટ.

**વૈષ્ણવ ખડાયતા**

ઉભરાણ વાળા હાલ બોરીવલી, દિનેશચંદ્ર નટવરલાલ શાહ (ઉ.વ.૭૨) તે મીનાબેનના પતિ, વિશાલ ધવલ પ્રિજલ મેગાના પિતા. મિષ્ટી અને રીધમના દાદા. સાસરાપક્ષે સ્વ. રતિલાલ જમનાદાસ શાહ તા. ૧૯/૧/૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે બંને પક્ષની પ્રાર્થનાસભા ૩૦/૧/ ૨૬ના રોજ ૪ થી ૬. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ ડાયમંડ ટોકીઝની સામે, એલટી રોડ, બોરીવલી વેસ્ટ.

**માંગરોળ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

માંગરોળ નિવાસી હાલ બોરીવલી, દિલીપભાઈ ભગત તે સ્વ મનસુખલાલ ભગત તથા સ્વ. ગુણવંતીબેનના પુત્ર. હેમલત્તાબેનના પતિ. ધ્રુમિલ તથા ધૃતિના પિતા. શિવાની અને રાજેશના સસરા. હરીશભાઈ અને રાજુભાઈના મોટાભાઈ. તા. ૨૬/૧/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી લોહાણા**

સાવરકુંડલાવાળા કાંદીવલીના હાલ સુરત, ગં.સ્વ. ભાવનાબેન સૂચક (ઉ.વ.૭૦) તા. ૨૭/૦૧/૨૬ના રોજ અવસાન થયેલ છે. સ્વ. મનુભાઈ જીવરાજભાઈ સૂચકના ધર્મપત્ની. સ્વ. રણછોડદાસ નાનજીભાઈ ઉનડકટ નાગલીવાળાના દીકરી. ચિરાગ તથા રોશીની માતુશ્રી. મનીષાબેન સૂચક તથા વિશાલભાઈ પારેખના સાસુ. સદ્ગતનું બેસણું તા. ૨૯/૦૧/૨.૨૬ ગુરુવાર સાંજે ૫ થી ૬. સ્થળઃ ડી-૪૦૧, ગ્લોબલ વ્યુ, ઉગત ભેસાન રોડ, એસજીએમઆર મેડિકલ કોલેજ પાસે, જહાંગીરાબાદ, સુરત.

**કચ્છી ભાટિયા**

ગામ મુંબઈ હાલ કાંદિવલી, જીતેન્દ્ર (રાજુ) સુંધાની (ઉ.વ.૬૨) તે સ્વ. જયસિંહ જમનાદાસ સુંધાની અને સ્વ. જયશ્રીબેન સુંધાનીના પુત્ર. મીનાબેનના પતિ. ભાવિનના પિતાશ્રી. રોશનીના સસરા. હર્ષા એને પારુલના ભાઈ. તુલસીદાસ જસમત ભરખડાના જમાઈ. તા. ૨૬/૧/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩૦/૦૧/૨૬ના શુક્રવાર સાંજે ૫ થી ૭. સ્થળ : લોહાણા મહાજન વાડી બીજે મળે, એસ. વી રોડ, કાંદિવલી પશ્ચિમ.

## પારસી મરણ

નઝીર એન. વકીલ (ઉં.વ. ૭૨) તા. ૬.૧.૨૦૨૬ના સિકંદરાબાદ ખાતે ગુજરી ગયા છે. તે મરહૂમ નવલ અને નરગિસ વકીલના દીકરા. તે પરવેઝના પતિ. તે નેદેન અને ઝહાનના પિતા. તે નૌશાદ એન. વકીલના ભાઈ.

## જૈન મરણ

**વાગડ બે ચોવિસી સ્થા. જૈન**

ચિત્રોડ નિવાસી હાલે માટુંગા, ગં. સ્વ. વાલુબેન કુંવરજી વોરા (ઉ.વ. ૯૨) ૨૫.૧.૨૬ના અરિહંતશરણ થયેલ છે. તે સ્વ. દામજી પાનાચંદના પુત્રવધૂ. તે સ્વ. વીરુબેન જેઠાલાલ કુબડીયાના સુપુત્રી. તે સ્વ. પ્રાણલાલ, ખીમજી, શાંતિલાલ, સેવંતીલાલ, રમણીકલાલ, પ્રવિણચંદ્ર, મહેન્દ્રભાઈ, દિલીપભાઈ તથા જવેરીબેન, કંચનબેનના માતુશ્રી. પ્રાર્થનાસભા તા. ૨૯.૧.૨૬ને ગુરુવાર, ૩.૩૦થી ૫.૦૦. ઠે. ગુર્જર વાડી લક્ષ્મીનારાયણ લેન માટુંગા, સે.રે. મધ્યે રાખવામાં આવેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બાબરા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. સુંદરજી કાનજી વોરાના સુપુત્ર દિલીપભાઈ વોરા (ઉ.વ. ૭૧) તે શીલાબેનના પતિ. તે બંસી ચિંતન બરવાલિયા તથા કિંજલ પુરવ મહેતાના પિતા. તે સ્વ. રમેશભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, લલિતભાઈ, ઈંદીરાબેન, ભારતીબેન, શોભનાબેન, નીરુબેન, જ્યોત્સનાબેન, બિનાબેનના ભાઈ. તે વિપુલ, ઉર્વિશ, ભદ્રેશ, ધવલ તથા દીપના કાકા. તે સ્વ. પ્રાણલાલભાઈ છગનલાલ મેઘાણી (ગોંડલવાળા)ના જમાઈ દેહાવસાન તા. ૨૭.૧.૨૬ના થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૯.૧.૨૬ના ગુરૂવાર, ૩.૩૦થી ૫.૩૦. ઠે. આનંદ મંગલ હોલ, બીજે માળે, આયંબિલ શાળાની ઉપર, હિંગવાલા ઉપાશ્રય, હિંગવાલા લેન, ઘાટકોપર (પૂર્વ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

રાજકોટ નિવાસી હાલ મુલુંડ હિતેષ ભોગીલાલ પારેખના ધર્મપત્ની અ.સૌ. છાયા (ઉ.વ. ૬૩) તે રિચા પુનિત ગુપ્તા, કુ. શ્રૈયાના માતોશ્રી. સ્વ. માનવંતાબેન ભોગીલાલ હિરાચંદ પારેખના પુત્રવધૂ. ચંદ્રકાંતભાઈ, ભારતીબેન મહેન્દ્ર ગોડા, રેખા અશોક શાહ તથા સ્વ. અતુલભાઈના ભાભી. મેંદરડા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. કંચનબેન ચંદુલાલ પોપટલાલ માવાણીની સુપુત્રી. ધર્મેશભાઈ, રાગીણી મુકેશ સોની, સ્વાતી ભરત કોઠારીના બહેન તા. ૨૬-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

અમરાપુર ધાનાણી નિવાસી હાલ (ચેંબુર/વડોદરા) સ્વ. જયાબેન ઉત્તમચંદ કપુરચંદ દેસાઈના પુત્ર અરવિંદભાઈ (ઉ.વ.૭૭) તા. ૨૪/૧/૨૬ના શનિવારે અરિહંતશરણ પામેલ છે. તે હર્ષાબેનના પતિ. સમીર, નિરવ તથા સોનલના પિતાશ્રી. સીમી તથા સમીરકુમાર કિર્તીકાંતભાઈ શાહના સસરા. બિપીનભાઈ, કિર્તીભાઈ, પ્રકાશભાઈ તથા ભાનુબેન કિશોરભાઈ ગોડાના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

બોટાદ નિવાસી હાલ મુંબઈ, સ્વ. પ્રિયવદનભાઈ લાલચંદભાઈ શેઠના ધર્મપત્ની પ્રેમીલાબેન શેઠ (ઉ.વ.૭૯) ૨૬/૧/૨૬ના દેવલોક પામેલ છે. તે રાખી કૌશલ સંઘવીના માતૃશ્રી. પૂર્ણિમા બિપીન સંઘવીના વેવાણ. અનિલભાઈ, સ્વ. વિજયભાઈ, સ્વ. નવીનભાઈ, સ્વ. કિરણભાઈ તથા સ્વ. કુસુમબેનના ભાભી. પિયરપક્ષે બકુલા, નયન તથા બીપીનભાઈના બેન. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લાખાપર હાલે હૈદ્રાબાદના કરણ સંજય ગાલા (ઉં.વ.૩૫) તા.૨૫.૧.૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી લક્ષ્મીબેન માવજી, માતુશ્રી જવેરબેન નાનજીના પૌત્ર. શીલા સંજયના સુપુત્ર. હાર્દિકના ભાઈ. પત્રીના માતુશ્રી અમૃતબેન શામજી નેણશી ધરોડના દોહિત્ર. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. નિ. સંજય ગાલા, ૩૦૪ કનક લક્ષ્મી એપાર્ટમેન્ટ, સ્ટ્રીટ નં.૬, હિમાયત નગર, હૈદ્રાબાદ-૫૦૦૦૨૯.

પત્રીના ઝવેરબેન હીરજી ધરોડ (ઉં વ.૯૧) તા. ૨૬/૧/૨૬ના અવસાન પામ્યા છે. હીરબાઇ દેવજીના પુત્રવધુ. હિરજીના પત્ની. લાખાપરના ભાણજી કુરપારના સુપુત્રી. પ્રકાશ, જ્યોતીના માતુશ્રી. સમાઘોઘા લક્ષ્મી મણીલાલ, ભુજપુરના હેમલતા નાગજી, નવીનારના પ્રિતી પ્રવિણ, લાખાપર ઉત્તમચંદ રમણીક વસનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. જ્યોતી કાલીશ્વર આશીર્વાદ રૂમ નં. ૨, ૪ સ્ટ્રીટ, કામરાજ નગર, નાની ચોકી કોલમ, મધુરાઇ ૬૨૫૦૦૨.

નવીનારના જ્યોત્સના (જયા) વિનય વોરા (ઉ.વ. ૭૯) ૨૭/૧/૨૬ના અવસાન પામેલ છે. સ્વ. વિનયના પત્ની. સ્વ. લક્ષ્મીબેન નાનજી શીવજીના પુત્રવધુ. સ્વ. જાગૃતિ / કૃતિકા, જસ્મીનના માતુશ્રી. વડાલાના મણીબેન નાગજી લધા દેઢિયાના પુત્રી. વડાલાના ભવાનજી, હરખચંદ, પત્રીના દેવકાબાઇ, લાયજાના રંજનબેનના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : જસ્મીન જીગ્નેશ, ૯૩૩૭/એ બિલ્ડીંગ નં. ૨૩૯, કન્નમવરનગર નં.૨, વિક્રોલી (ઇસ્ટ), મુંબઇ-૮૩.

કપાયાના ધનવંતીબેન શાંતિલાલ મામણીયા (ઉ.વ.૭૪) ૨૬-૧-૨૬ના અવસાન પામ્યા છે. રતનબેન લાલજીના પુત્રવધુ. શાંતિલાલના પત્ની. મનોજ, દિપ્તી, પ્રીતિ, હેમાલીના માતા. ભાણબાઈ દેવજીના પુત્રી. ટોકરશી, નાનજી, ચાંપશી, જયંતિલાલ, દિનેશ, કપાયા હેમલતા લક્ષ્મીચંદ, વસંતબાળા ના.ભાડિયા લીલાવંતી સુર્યકાંતના બેન. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦.

વીઢના શ્રી તરૂણ નરશી ગોસર (ઉં વ.૬૯) તા. ૨૬-૧-૨૬ના અવસાન પામેલ છે. દમયંતીબેન નરશીના પુત્ર. સરલાબેનના પતિ. હરખચંદ, મધુબેન, હંસાબેનના ભાઈ. ખેતબાઈ નેણશીના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. પ્રા. શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન સં. શ્રી જીરાવલ્લા દેરાસર વાડી, દેરાસર લેન, ઘાટકોપર (ઈ), મું. ૭૭. ટા. ૨ થી ૩.૩૦.

પત્રીના માતુશ્રી લક્ષ્મીબેન એડ. જીવરાજ પુંજાભાઈ દેઢિયાના સુપુત્રી રેખા ચેતન મોદી (ઉ.વ.૭૩) તા. ૨૬.૧.૨૬ના અવસાન પામ્યા છે. માતુશ્રી જસવંતીબેન નવનીતલાલ મોદીના પુત્રવધુ. સ્વ. ચેતન મોદીના ધર્મપત્ની. દિલીપ, મહેશ, ઉમેશ, ભરતના બહેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. નિતુલ મોદી : ૮૦૨, મેરેથોન મોન્ટે કારલો, એમ.એમ. માલવિયા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# લાડકી

વિશેષ
રાજેશ યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com

# પરદેશી પિતાની દીકરી કઈ રીતે બની ગઈ 'કાબિલ-એ-તારિફ' તવાયફ?

**આ એક એવી કલાકાર હતી કે જે પોતાના અવાજના જાદુથી એ જમાનામાં સુપરસ્ટાર બની. એ એવા સ્તર પર પહોંચી હતી કે બ્રિટિશ વાઈસરોયને પણ 'શટ અપ' કહી શકે... નામ હતું એનું ગૌહર જાન!**

તવાયફનું નામ લઈએ એટલે સભ્ય સમાજમાં આજે પણ લોકો નાકનું ટીચકું ચડાવે. આપણા મનમાં તવાયફની જે છબી કંડારાઈ છે,

તે મોટેભાગે ફિલ્મોમાં તેમના ચરિત્ર ચિત્રણના આધારે છે. તવાયફોના ચારિત્રને લઈને પણ સમાજમાં અભિપ્રાય સારો નહોતો .એવું માની લેવાયું હતું કે તવાયફ એટલે ગણિકા જ હોય! તેમ છતાં, એક હકીકત એ છે કે ભારતના ઇતિહાસમાં નોંધાયેલી અનેક તવાયફો આલા દરાજ્જાની કલાકાર હતી. શાસ્ત્રીય સંગીત અને શાસ્ત્રીય નૃત્યમાં પારંગત પણ હતી.

આજે એક એવી જ તવાયફની વાત કરવી છે. બાળપણમાં મુશ્કેલ પારિવારિક જીવન જોવા છતાં, તે કલાકાર તરીકે એ સ્તર પર પહોંચી હતી કે બ્રિટિશ વાઇસરોયને પણ તેનું મોઢું બંધ રાખવાનું કહી શકે! એ પોતાના અવાજના જાદુથી એ જમાનામાં સુપરસ્ટાર બની. આવી તારીફે-એ -તવાયફનું નામ હતું, ગૌહર જાન.

ગૌહર જાનનો જન્મ ૧૮૭૩માં આઝમગઢમાં થયો હતો. તેનું મૂળ નામ ગૌહર નહોતું. તેનો જન્મ આર્મેનિયન વંશના પરિવારમાં એલીન એન્જેલીના યેવોર્ડ તરીકે થયો હતો. પિતાનું નામ રોબર્ટ યેવોર્ડ અને તેની માતાનું નામ વિક્ટોરિયા...જે શાસ્ત્રીય નૃત્ય અને ગાયનમાં તાલીમ પામેલા અચ્છા ગાયક અને નર્તક હતાં .

ગૌહર માત્ર છ વર્ષની હતી ત્યારે તેના માતા-પિતાના લગ્નજીવનનો અંત થયો. બંને છૂટા પડ્યા. ત્યારબાદ વિક્ટોરિયા, દીકરી એન્જેલીના સાથે બનારસ ચાલ્યા ગયા. આ દરમિયાન તેમની મુલાકાત મુસ્લિમ ખુર્શિદ સાથે થઇ. તેણે મા-દીકરીને સહારો આપ્યો. વિક્ટોરિયાએ મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો અને મલકા જાન નામ ધારણ કર્યું. દીકરી એન્જેલિના બની ગૌહર જાન!


મલકા જાન મૂળે અચ્છી ગાયક અને નર્તક હતી એટલે જીવનનિર્વાહ માટે એ જ માર્ગ લીધો. આ રીતે તવાયફ તરીકેની એની જીવન યાત્રા અસ્તિત્વના સંઘર્ષમાંથી શરૂ થઇ. કલકત્તા તે વખતે તવાયફો માટે એટલું જ પ્રખ્યાત હતું જેટલું અવધ ગણાતું હતું. મલકા જાને ગૌહરને લઈને કલકત્તા સ્થળાંતર કર્યું. નવાબ વાજિદ અલી શાહના દરબારમાં મલકા જાનને સ્થાન મળ્યું. ત્રણ વર્ષમાં તેમની એટલી ખ્યાતિ થઇ કે તેણે એક આખું મકાન ખરીદીને પોતાનો કોઠો સ્થાપિત કર્યો.

તવાયફની દીકરી માટે બીજે ક્યાંય સામાન્ય જીવન જીવવું એ સમયે અશક્યવત હતું. એટલે અહીંથી જ શરૂ થઇ ગૌહરની પણ તવાયફ બનવાની યાત્રા. તેણે પટિયાલાના કાલે ખાન, ૩૯;કાલુ ઉસ્તાદ૩૯;,અને ઉસ્તાદ અલી બક્ષ જર્નૈલ (પટિયાલા ઘરાનાના સ્થાપક સભ્ય) પાસેથી શુદ્ધ અને હળવા શાસ્ત્રીય હિન્દુસ્તાની સંગીત શીખ્યા અને સુપ્રસિદ્ધ બ્રિન્દાદિન મહારાજ (બિરજુ મહારાજના પરદાદા કાકા) પાસેથી કથક શીખ્યા, ધ્રુપદ ધમાર શ્રીજનબાઈ પાસે અને બંગાળી કીર્તન ચરણદાસ પાસેથી શીખ્યા.

આવી સઘન નૃત્ય અને ગાયનની તાલીમ આવા દિગ્ગજો પાસેથી લીધી હોય તેને આપણે માત્ર તવાયફ કહીશું કે એક ઊંચા








ગૌહર જાનની જીવનકથા

દરજ્જાની કલાકારના સ્તરનું સન્માન આપીશું? કળાની તાલીમ તો પંડિત કક્ષાના કલાકારો પાસેથી ગૌહરને મળી, પણ કઠોર અને અન્યાયી સમાજ સામે અડગતાથી ઊભા રહેવાની તાલીમ તેને મળી પોતાની માતા પાસેથી અને જીવનના અનુભવ પાસેથી.

સમય વીતતા તેણે 'હમદમ' ઉપનામથી ગઝલો લખવાનું અને સંગીતબદ્ધ કરવાનું પણ શરૂ કર્યું. તે રવીન્દ્ર સંગીતમાં નિપુણ બની ગઈ. બનારસમાં નૃત્ય અને સંગીતની સઘન તાલીમ લઈને ગૌહર જાને ૧૮૮૮માં દરભંગા રાજના રાજવી દરબારમાં પોતાનું પહેલું નૃત્ય અને સંગીત રજૂ કર્યું અને તેને દરબારની નૃત્યાંગના તરીકે નિયુક્ત કરવામાં આવી. ૮ વર્ષ પછી, ૧૮૯૬માં કલકત્તામાં તેણે પોતાની કળા રજૂ કરવાનું શરૂ કર્યું. પાછળથી તેમની રેકોર્ડમાં તે 'પ્રથમ ડાન્સિંગ ગર્લ' તરીકે ઓળખવવામાં આવ્યાં. ૧૯૦૦ના દાયકાની શરૂઆતમાં, ગૌહર જાન ભારતના સૌથી કુશળ ગાયકોમાંના એક ગણાવા લાગ્યાં . .

ગૌહર પહેલી વાર ૧૯૧૦માં વિક્ટોરિયા પબ્લિક હોલમાં એક કોન્સર્ટ માટે મદ્રાસ ગયા અને ટૂંક સમયમાં તેમના હિન્દુસ્તાની અને ઉર્દૂ ગીતો તમિલ સંગીત પુસ્તકમાં પ્રકાશિત થયા હતા. ડિસેમ્બર ૧૯૧૧માં, તેમને દિલ્હી દરબારમાં રાજા જ્યોર્જ પંચમના રાજ્યાભિષેકમાં ગાયન માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું, જ્યાં તેમણે અલ્હાબાદની જાનકીબાઈ સાથે ' યે હૈ તાજપોશી કા જલસા, મુબારક હો મુબારક હો...'; નામનું યુગલગીત રજૂ કર્યું હતું.

સૌથી મહત્ત્વનો વળાંક ત્યારે આવ્યો જ્યારે તેમણે ગ્રામોફોન કંપની માટે પોતાના ગીતો રેકોર્ડ કરવા સંમતિ આપી, જેમાં શાસ્ત્રીય સંગીતના ગીતોની તેમણે ૨-૩ મિનિટની ટૂંકી રજૂઆતો પેશ કરી, જે ખૂબ પ્રખ્યાત થઈ અને તેમની રેકોર્ડ્સ ટૂંક સમયમાં જ ચપોચપ વેચવા લાગી. દાયકાના અંત સુધીમાં, ગૌહર પ્રતિ રેકોર્ડિંગ ₹૧૦૦૦ થી ૩૦૦૦ ચાર્જ કરતી હતી!

તેમના જીવનકાળ દરમિયાન, તેમણે ૧૯૦૨ થી ૧૯૨૦ સુધી દસથી વધુ ભાષાઓમાં ૬૦૦ થી વધુ ગીતો રેકોર્ડ કર્યા, જેમાં બંગાળી, હિન્દુસ્તાની, ગુજરાતી, તમિલ, મરાઠી, અરબી, ફારસી, પુશ્તો, ફ્રેન્ચ અને અંગ્રેજીનો સમાવેશ થાય છે. તે પ્રત્યેક રેકોર્ડિંગના અંતે 'માય નેમ ઈઝ ગોહર જાન!' બોલતા, જે તેમની આગવી ઓળખ બની ગયું હતું.

૧૯૨૦ના દાયકા દરમિયાન, જ્યારે પાશ્ચાત્ય શિક્ષણ મેળવેલા ભારતીય ઉચ્ચ વર્ગે તવાયફ વિરુદ્ધ ઝુંબેશ ચલાવી હતી અને આ વ્યવસાય પર પ્રતિબંધ મૂકવા માટે વાઈસરોયનો સંપર્ક કરવામાં આવ્યો હતો, ત્યારે ગૌહરે એવી તેજાબી ટકોર કરી હતી કે 'વાઇસરોયે પોતાના કામ પર ધ્યાન આપવું જોઈએ... કારણ કે મને એક મુજરા માટે જેટલો પુરસ્કાર મળે છે એટલો તો તેનો માસિક પગાર છે!'

એ જમાનામાં ભારતીયો માટે સાંજે ૫ થી રાત્રે ૯ વાગ્યા સુધી રસ્તા પર ફરવા કે વાહન ચલાવવાની મનાઈ હતી ત્યારે ગૌહર તેની પ્રખ્યાત 'ફિટન' કારમાં ડ્રાઇવ કરવા ગઈ. પેટ્રોલિંગ પર રહેલા બ્રિટિશ અધિકારીએ જોયું કે તે ભારતીય છે, ત્યારે તે તેની પાસે દોડી ગયો અને તેને ₹૫૦૦ દંડ ભરવા કહ્યું.

ગૌહરે તેને જોયો, તેની દાઢી પર હાથ પસવારીને કહ્યું : 'ઓહ, તું ખૂબ જ સુંદર દેખાય છે. હું તને ટીપમાં એક હજાર રૂપિયા આપત... ! ' એમ કહીને, તેણે બેદરકારીથી તેને ₹૫૦૦ આપ્યા લેખક વિક્રમ સંપથે તેના જીવનચરિત્રમાં ગૌહર જાનનું વિગતવાર વર્ણન કર્યું છે, તે ખૂબ કમાતી, પણ સાથે ખૂબ જ ઉડાઉ હતી. એ સમયે તેણે તેની બિલાડીઓ વચ્ચે લગ્ન ગોઠવવામાટે ₹૨૦,૦૦૦ ની પાર્ટીઓનું આયોજન કર્યું હોવાનું જાણીતું છે! બંગાળમાં તેના એક ચાહકે તેને એક ખાનગી ટ્રેન પણ ભેટમાં આપી હતી જેનો ઉપયોગ તેઓ ભારતભરમાં મુસાફરી કરવા માટે કરતી હતી, બોલો!

છેલ્લાં વર્ષોમાં, ખરાબ સ્વાસ્થ્યને કારણે ગૌહર જાન મૈસૂર રહેવાં ગયાં ત્યારે ત્યાંના શાસક કૃષ્ણ રાજા વાડિયાર ચોથાએ તેમના મહેલના સંગીતકાર તરીકે તેમને નિયુક્ત કર્યા.

૧૯૩૦માં માત્ર ૫૬ વર્ષની આયુમાં મૈસૂરમાં તેમનો ઈન્તેકાલ નિધન થયું એ સાથે એક આલા દરજ્જાની ગાયિકા-નૃત્યાંગનાની સંઘર્ષપૂર્ણ છતાં તવાયફ તરીકે એક રંગીન જીવનકથાનું પ્રકરણ પર પૂર્ણવિરામ લાગી ગયું ... ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# લો, બાજી ઊંધી વળી ગઈ



દૂરથી રમાડવા સહેલાં પણ જ્યારે નજીક આવે ત્યારે તો તોબા તોબા! તમે તોફાની ટપુડાઓને રમાડી જોયા છે? ન રમાડ્યા હોય તો એવા તોફાની બારકસોને રમાડી જોજો. તમને ધોળે દિવસે માત્રા તારા જ નહી. આખુ પ્લેનેટેરિયમ - તારાગૃહ બતાવી દેશે!

સન્મુખભાઈને બાળકો ગમે. આજુબાજુવાળા પડોશીઓનાં બાળકોને રમાડવા માટે ઘરે લઈ આવે. 'ઉદાર અને પરોપકારી સ્વભાવ પણ એક હદ સુધી જ સારો.' એવું વારંવાર સમજાવી ચૂકેલાં એમના પત્ની રમાબહેને હવે સન્મુખભાઈને સમજાવવાનું છોડી દીધું.

પડોશી નેહાબહેનને એકવાર અર્જન્ટ એક હૉસ્પિટલ જવાનું થયું. પણ એના બે ટપુડાને નવડાવી, ધોવડાવી, જમાડી કરીને જાય તો દૂર આવેલ હૉસ્પિટલે સમયસર ન પહોંચી શકાય એટલે નેહાને એક માત્ર પરોપકારી સન્મુખભાઈ નજર સન્મુખ આવ્યા. હજી ગઈકાલે જ સન્મુખભાઈએ નેહાબહેનને પ્રેમથી કહ્યું હતું,

'નેહાબહેન, તમારા બંને ટપુડા કેટલા સ્વીટ છે! એમને લઈને ઘરે આવોને. રમાને પણ સારું લાગશે. (મને પણ લાગશે જ હોં) અને હા નેહાબહેન, તમે તો હજી આ સોસાયટીમાં નવા રહેવા આવ્યાં છો. એટલે તમને ક્યાંથી ખબર હોય? પણ અહીં બધાને ખબર છે કે બાળકોને જાતજાતની રમતો રમાડવામાં અને નવું નવું શીખવાડવામાં હું નંબર વન છું. આ સોસાયટીના બધા બાળકોને રોજ સાંજે ગાર્ડનમાં હું જ રમાડું છું. હું તમારાથી ત્રીજે ઘરે જ રહું છું. રમા પણ તમારાં ખૂબ વખાણ કરતી હતી. મારી બાલ્કનીમાંથી હું તમને દરરોજ નિહાળું છું. તમે કેવી સરસ રીતે બાળકોને નવી નવી ઍક્ટિવિટી કરાવો છો, બાગમાં રમાડો છો. અને હા, તમારો કંઠ પણ ખૂબ સરસ છે. જાણે લતા મંગેશકરનો જ સ્વર જોઈ લો! અડધી રાતે પણ કોઈ કામ હોય તો મને જરૂર કહેજો.'

ચાર મહિનામાં નેહાનો આખો ઇતિહાસ જાણનાર સન્મુખભાઈનો લાભ લેવાનું નેહાને મન થયું. એટલે બંને તોફાની ટપુડાને લઈને સન્મુખભાઈના ઘરે પહોંચી. મોટા ટપુડાએ ચાર - પાંચ વાર ડોરબેલ વગાડી વગાડીને ઢીલો કરી દીધો. સન્મુખભાઈ ઠેઠ વાડામાંથી હાંફતા આવ્યા અને 'કોણ છે ભાઈ... જરા થોભો તો ખરા. એક મિનિટમાં કેટલી વાર ડોરબેલ વગાડ્યો. જરાક તો સબૂરી રાખો.'

બારણું ખોલતાં જ નેહાબહેનનું સુંદર મુખ જોઈને સન્મુખભાઈ બોખલાઈ ગયા અને પ્રેમથી બોલવા લાગ્યા :

'અરે વાહ! આજે તો બબ્બે રાજકુંવર સાથે નેહાબહેન તમે પધાર્યાં! વાહ વાહ! તમે મારું આમંત્રણ આટલું જલદી સ્વીકારીને... પધારો... પધારો. રમા, જરા જો. કોણ આવ્યું છે.'

જ્યારે જ્યારે સન્મુખભાઈ કોઈ બહેન માટે વિશેષણો અને અલંકારોના ફૂલો બાંધવા લાગે ત્યારે રમાબહેન મૌન ધારણ કરીને વિચારવા લાગે કે પચાસ વર્ષનાં લગ્નજીવનમાં કદીય આ માણસે એનાં વિશેષણો - અલંકારોના ખજાનામાંથી નામ માત્રનું એક સુધ્ધાં વિશેષણ કે અલંકાર મારે માટે વાપર્યું નથી. પણ આ નેહાને બારણે ઊભેલી જોઈને સ્નેહનાં તોરણો બંધાવા લાગ્યાં.

'રમા, તને ખબર છે? આ નેહાબહેનનો કંઠ તો લતા મંગેશકરના સ્વર કરતાં પણ સુરીલો છે. બાળકોને જે શિક્ષણ આપ્યું છે અને એવાં તો એમણે કેળવ્યા છે કે શું વાત કરું!'

(ક્યારે આ માણસે નેહાને આટલી નજીકથી જોઈ ભલા? પચાસ વરસે કદાચ આટલી મને જોઈ નથી.) અને ત્યાં જ ફ્લાવર વાઝ તૂટવાનો જોરથી અવાજ આવ્યો. પેરિસથી લીધેલો દસ હજારનો ફ્લાવર વાઝ કમ લેમ્પ કમ ઍન્ટીક પીસ કે જે જોઈને બધા મોંમાં આંગળા નાખી જતાં હતાં. એ લેમ્પ નજર સામે ટપુડાના એક જ ધક્કે તૂટી ગયો અને દીવાનખંડ કાચની કરચોથી ભરાઈ ગયો.

નેહાબહેન ટપુડાના કાન પકડી ગુસ્સો કરે એ પહેલાં સન્મુખભાઈએ નેહાબહેનનો હાથ પકડી લઈ પૂરી આદ્રતાથી કહ્યું, 'નેહાબહેન, એમાં એ બાળકનો શો વાંક? જે આવ્યું એણે એક દિવસ જવાનું નિશ્ચિત જ છે.'

હજી ગઈકાલે રમાબહેનથી એક કાચનો ચાનો કપ તૂટી ગયો એમાં સન્મુખભાઈએ બે કલાકનું મોંઘવારી, બેકારી અને એક કપ કેટલાનો થાય એના ઉપર ભાષણ ઠપકારેલું એ યાદ આવ્યું.

'રમા, જરા આ કાચ સમેટી લે. અને તમે નેહાબહેન, જરા પગમાં કાચ ખૂંપી ન જાય એ જોજો.'

હજી નેહાબહેન બંને ટપુડાને શિસ્ત અંગે બે વાત કરે તે પહેલાં જ નાના ટપુડાએ હમણાં જ કચરા - પોતાં કરેલ ફર્શ ઉપર સૂ...સૂ કરીને ઘર પાવન કર્યું. ઉતાવળમાં ડાયપર પહેરાવવાનું ભૂલી ગયેલાં નેહાબહેન થોડાં શરમાઈ ગયાં અને પોતાની હૉસ્પિટલ ઇમરજન્સી કહેવા લાગ્યાં. ડાયપરની બેગમાંથી ડાયપર કાઢીને સોફા ઉપર બેસી શિખામણ આપવા લાગ્યાં.

'નેહાબહેન, બાળકોને ખીજાશો નહીં. બાળકો તોફાન નહીં કરશે તો કોણ કરશે? અમારા બાળકો પણ નાનાં હતાં ત્યારે આમ જ તોફાન, તોડફોડ, સૂ સૂ... પૂ પૂ... ગંદકી થતી રહેતી. બાળકો તો ભગવાનનું રૂપ કહેવાય. તમે તમારે શાંતિથી બેસો. એ કહો તમે શું લેશો? ચા, કોફી, આઇસક્રીમ... અને નાસ્તામાં શું લેશો? રમા, આ સાફ કરીને કંઈક ગરમ નાસ્તો બનાવી દે. નેહાબહેનને હૉસ્પિટલે જવાનું છે. નેહાબહેન, હું એમ કહું કે બે બાળકોને લઈને તમે હૉસ્પિટલ કેવી રીતે જશો? આપણે એક કામ કરીએ. હું તમને મારા સ્કૂટર ઉપર લઈ જાઉં અને આ બંને બાળકોને તો રમા રાખશે. એને પણ ઘરમાં વસતિ લાગશે.'

(મને શું ગમશે? મારે શું કરવાનું છે? નેહાને કેવી રીતે પહોંચાડવી? બાળકોનું શું કરવું? એ બધો જ ભાર માથે લઈને ચાલતા આ માણસને ભગવાને કઈ માટીનો બનાવેલો છે એ જ સમજાતું નથી. માન ન માન, મૈં તેરા મહેમાન.)

'આ માણસ મારી મુશ્કેલી કેટલી સરળ કરી આપે છે અને મનની વાત પણ કેવી જાણી લે છે! બાળકોની સગવડ પણ કરી દીધી અને મને લિફ્ટ પણ આપે છે. ફેસિલિટી મળે છે તો લઈ લેવા જેવી છે. પછી એમને ખરતા મૂકી દેવાના. પણ સ્કૂટર ઉપર... ના બાબા ના...'

નેહાબહેનનું મનોમંથન શરૂ થઈ ગયું અને પેલી બાજુ રમાબહેન વિચારવા લાગ્યાં, 'બે બાળકો, તોફાની બારકસો મારા માથે મૂકીને ભાઈ નેહાડીને લઈને ડબલ સીટ ફરવા જવાના. બહેન માટે મારે ગરમ નાસ્તો બનાવવાનો. તૂટેલા કાચ સાફ કરો. સૂ...સૂ... પૂ... પૂવાળી ફર્શ સાફ કરો. ના બાબા ના... હવે આનાથી વધારે નહીં. સન્મુખને નેહાડીથી દૂર કર્યે જ છૂટકો.'

ત્યાં તો ફરી મોટા ટપુડાએ શો કેસ ખોલીને અંદર મૂકેલાં રમકડાં વારાફરતી કાઢવાનાં શરૂ કર્યાં અને પેલા નાનકાએ મોટેથી રડવાનું શરૂ કર્યું. રમકડાંમાંથી જે રમકડું મોટો રમે, તે જ રમકડું નાનકો જીદ કરીને માગે અને મોટેથી ભેંકવાનું શરૂ કરે. આખરે મોટાએ રમકડું ખેંચતાં નાનકો સોફા પરથી પડ્યો. નાનકાના ભીના કપડાં મૂકીને અંદર હાથ ધોવા ગયેલાં નેહાબહેન દોડતાં આવ્યાં અને બંને બાળકોને રડતાં ચિલ્લાતાં શાંત પાડવાના પ્રયત્નમાં લાગ્યાં. ત્યાં પરોપકારી સન્મુખભાઈ નાનકાને ઊંચકીને શાંત પાડવા જતાં તેણે સન્મુખને એક બચકું ભર્યું. એ જોઈ નેહાબહેન ગુસ્સો કરે તે પહેલાં સન્મુખભાઈ બોલ્યા.

'ઇટસ ઓલ રાઇટ. બાળકો કોને કીધાં?'

અને એ સાથે રમાબહેન બોલ્યાં, 'નેહાબહેન, મારા એકલાથી તો આ બે બાળકો ન રાખી શકાય. તમે એક કામ કરો. ઉબર કાર કરાવીને હૉસ્પિટલ જઈ આવો.' (અને પછી હું જરા આ માણસની ધુલાઈ કરી જ લઉં.) મારા કરતાં આ તમારા ભાઈ -સન્મુખભાઈને બાળકો રાખવાનો વધારે પડતો મહાવરો છે. એ ખૂબ પ્રેમથી સાચવશે તમારાં બાળકોને. ખરું ને સન્મુખ? મારે પણ જરા આજે ઍપોઇન્ટમેન્ટ લીધી છે એટલે જવું પડશે. તો સન્મુખ, તમે બાળકો સાથે મજેથી રમો ખાઓ- પીઓ અને મજા કરો. બાળકોમાં ભગવાનનો વાસ હોય છે. નાજુક ફૂલ જેવાં બાળકો... ઍન્જોય સન્મુખ, હું પણ નેહાબહેનની સાથે જ નીકળું છું. રસ્તામાં જ મારા ડૉક્ટરનું દવાખાનું છે અને પછી સાથે સાથે બ્યુટી પાર્લર પતાવીને જ આવીશ. બાય સન્મુખ.'

બાળકો ન જુએ એમ નેહા પણ સરકી ગઈ. એ પછી પરોપકારી માણસનું શું થયું હશે?

એ તમે જ વિચારો! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# सितारो से आगे जहां और भी है...


ડાન્સ એ કાયાનો શોખ નહીં, પેશન હતું. કોઈ નવા ગીત પર સ્ટેપ્સ બેસાડવા એ કલાકો મહેનત કરતી. સતત પ્રેક્ટિસ કરવી, પોતાને મનપસંદ ગીતો પર ડાન્સ કરવો અને અવનવી સ્ટાઈલ શીખતી રહેવું એ એનું સૌથી પ્રિય કાર્ય. ડાન્સ પર્ફોર્મન્સ માટે સ્ટેજ પર ઊભી રહેતા એ જાતને અનેકવાર જોતી. એક દિવસ પોતે સ્ટેજ પર્ફોર્મન્સ આપશે એવું સપનું સેવી કલ્પનાઓમાં રાચતી કાયા ત્યારે સીધી જમીન પર પછડાય છે. જ્યારે સ્કૂલના પ્રતિષ્ઠિત ગણાતા એક કાર્યક્રમ માટે એને ઓડિશનમાં બોલાવવામાં આવે છે. અને એ આવડત હોવા છતાં પર્ફોમ કરી શકતી નથી.

શા માટે? કારણ છે ડર. લોકો વચ્ચે જાતને અભિવ્યક્ત થવા દેવાનો ભય. ઓડિશનની આગલી રાત્રે કાયા સૂઈ શકી નહોતી.

પોતે કંઈક ગરબડ કરી બેસશે તો? શું એ સાચે આ તકને લાયક છે ખરી? જો એવું નહીં હોય તો બધા સામે પોતાનો કેવો રકાસ થશે.

આવા વ્યર્થ વિચારો એના મગજમાં ઘૂમરાવા લાગેલા, જે એને જંપવા દેતા નહોતા. એનું ચિત ક્યાંય ચોટતું નહોતું. રાત આખી આવા કાલ્પનિક વિચારોના વમળમાં એ ઘૂમેડાતી રહી અને સવારે સ્ટેજ પર એ કંઈજ ઉકાળી શકી નહીં.

ઓડિશન ખરાબ જવાના કારણે કાયા તદ્દન ભાંગી પડી. એણે હવે ડાન્સ ના કરવાનું નક્કી કરી લીધું હોય એમ એ પ્રેક્ટિસ કરવાનું ટાળતી. પોતે ફરી ફેઈલ થઈ જશે તો? એનું હાલતાં-ચાલતાં ગીતો ગણગણવાનું બંધ થયું. ડાન્સ ક્લાસ જવામાં એ કતરાતી. સ્ટેજ પર્ફોમર બનવાના સપનાને એણે પડીકું વાળી ફેંકી દીધું જાણે. કાયામાં આવેલો આ બદલાવ જોકે એના મિત્રો- પરિવારથી છાનો ના રહ્યો. 'શું થયું છે કાયા?' એવું એ લોકો વારંવાર પૂછતા. પણ, કાયા પોતાની મૂંઝવણને વર્ણવવા સક્ષમ નહોતી. સાવ તદ્દન કાલ્પનિક ગણાતા ભયને જાકારો આપી શકાતો હોય છે,એ હકીકતથી એનું ટીનએજ મન



હજુ અજાણ હતું.

એક દિવસ આ વાત એના ડાન્સ ટીચરના ધ્યાને ચડી કે કાયા હમણાંથી કોઈ વાત કરતી નથી. પોતાના કોઈ પ્રશ્નો પૂછવા આવતી નથી. વધુ પ્રેક્ટિસ કરવાની પરવાનગી પણ માગતી નથી. એમણે કાયાને બોલાવી, પાસે બેસાડી પ્રેમથી પૂછ્યું.: 'શું વાંધો પડ્યો છે?'

પહેલા કાયાએ જવાબ દેવાના ટાળ્યા. અંતે સાચું કારણ કહ્યું :

'હું એટલી સારી પર્ફોમર બની શકું એમ નથી. તમે પણ મને એટલે સિલેક્ટ નહીં કરી હોય. માટે ડાન્સ પાછળ ખોટો સમય બરબાદ કરવો હમણાંથી ગમતો નથી.'

'કાયા, મને ખ્યાલ છે કે તને તકલીફ થઈ રહી છે.' એમણે પ્રેમાળ સ્વરે કહ્યું : 'તને જે ડર લાગી રહ્યો છે એ સાચો હશે. હું ના નથી પાડતો. પણ એ કોઈ દુનિયાનો અંત નથી. ઊલટું કંઈક નવી વાતનો આરંભ પણ હોઈ શકે છે. જો હું તને મારી વાત કરું. તારા જેવડી ઉંમરે મારી સાથે પણ આવું કંઈક થયેલું....' આટલું કહી એ ભલા હૃદયના શિક્ષકે પોતાના સંઘર્ષની વાતો કરી. નિષ્ફળતાઓ જણાવી અને સાથોસાથ એ પણ જણાવ્યું કે, ત્યારબાદ મળેલી સફળતાના ફળ કેવાં મીઠાં લાગ્યાં હતાં. પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવાનો આનંદ કેટલો અનેરો હતો. દરેકને જીવનના કોઈના કોઈ તબક્કે અમુક ભયનો સામનો કરવાનો આવતો હોય છે અને એમાંથી ઘણું શીખવા મળે છે. તરુણાવસ્થાએ જો વ્યર્થ વિચારોને ત્યાગવામાં સફળતા મેળવી લો તો પછી તમને આગળ વધતાં કોઈ રોકી શકે નહીં....'

આટલું કહી સરે પીઠ થપથપાવતા એને કહ્યું, 'જા, તને એક તક આપી. હજુ ફાઈનલ પ્રોગ્રામને એક મહિનાની વાર છે. પૂરા ખંતથી તારું શ્રેષ્ઠ પર્ફોર્મન્સ લઈ આવવા પ્રયત્ન કર.'

કાયાને દિવસોથી પોતાના ખભ્ભા પર લદાયેલો ભાર હળવો થતો લાગ્યો. એ આંખમાં આંસુ સાથે એમને વંદન કરી ત્યાંથી બહાર નીકળી ગઈ.

બસ, બીજા દિવસથી એ મચી પડી. પોતે અને ડાન્સ ક્લાસ. બાકી બીજું કંઈ નહીં જેવા અભિગમમાં એ ફરી પ્રવેશતી ચાલી.

સપનાની હવેલીને લાગેલાં તાળાં ફરી ખૂલી ગયાં. નકારાત્મક વિચારોમાંથી બહાર આવતાંવેંત એનો આત્મવિશ્વાસ વધી ગયો. 'હું ફેઈલ થઈશ એના બદલે હું કંઈક નવું શીખીશ ' એવા વિચારો કાયાના સાથીદાર બન્યા.

અંતે કાર્યક્રમનો દિવસ આવી ઊભો રહ્યો. કાયા નર્વસ હતી, પણ સાથોસાથ એકદમ મક્કમ. પોતાનો વારો આવતાં ઊંડો શ્વાસ લઈ, સ્ટેજ પર પહોંચેલી કાયાએ પોતાના પર્ફોર્મન્સમાં પ્રાણ લગાવી દીધા. એના પગના છેલ્લા થડકાર સાથે ઓડિટોરિયમ તાળીઓના ગડગડાટ થકી ગૂંજી ઊઠ્યું. ઓડિયન્સની ચિચિયારીઓ વચ્ચે પોતાના પેરેન્ટ્સના ખીલેલા ચહેરા જોઈ કાયાએ સંતોષનો શ્વાસ લીધો. આજે એ સાચે જીતી ગયેલી.

કાયાને જે અદ્ભુ સફળતા મળી. ત્યારથી એણે પાછું વળી જોયું નથી. નાની ઉંમરે એની કારકિર્દીની ભવ્ય શરૂઆત થઈ ચૂકેલી.

નાની એવી સફળતા એની અંદર એક અજબ આત્મવિશ્વાસ અને હિંમત ઉમેરી ગયેલી. એને સમજાય ચૂકેલું કે,

'सितारो से आगे जहां और भी है!' ■

# પાછી વળીને જોઉં છું તો દેખાય છે મારો સંઘર્ષ

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

**નામઃ શેખ હસીના વાઝેદ**
**સમયઃ ૨૦૨૫**
**સ્થળઃ અજ્ઞાત સ્થળ, દિલ્હી, ભારત**
**ઉંમરઃ ૭૮ વર્ષ**

ભારત સાથેના સંબંધો ગમે તેટલા સારા હોય, પરંતુ આપણે આપણી મરજીથી કોઈ અન્ય દેશમાં રહીએ એ એક પસંદગી છે અને આપણે આપણા વતનમાં પાછા ન ફરી શકીએ એવી મજબૂરી હોય ત્યારે આપણી નિઃસહાયતાનું દુઃખ અલગ જ હોય છે. જે વ્યક્તિ ત્રણ-ત્રણ ટર્મ સુધી દેશની પ્રધાનમંત્રી રહી ચૂકી હોય, ૨૦૦૯થી ૨૦૨૪ સુધી જેણે દેશનું નેતૃત્વ કર્યું હોય અને ૨૦૨૪માં પણ ચોથી ટર્મમાં ચૂંટાયા પછી જો દેશ છોડવો પડે તો એની પીડા અને અપમાન શું હોઈ શકે એની કલ્પના કદાચ સામાન્ય વ્યક્તિને ન આવે. એક વખત સત્તા અને પાવર એન્જોય કર્યા પછી એના વગર જીવવું કેટલું અઘરું છે એ સત્ય તો એને જ સમજાય જેણે જીવનમાં આવા અપમાનનો ઘૂંટડો પીધો હોય. મને સહુ કહે છે કે, મારે બાંગ્લાદેશ પાછા ન ફરવું જોઈએ, પરંતુ મારું મન સતત કહ્યા કરે છે કે, આવી રીતે ડરીને, ભાગીને હું ક્યાં સુધી ભટકતી રહી શકીશ. મારા દેશના લોકો, આવામી લીગના મારા કાર્યકર્તાઓ, મારી તરફ જોઈ રહેલા બીજા કેટલાંય લોકો અત્યારે મારે વિશે શું વિચારતા હશે? મને એક ડરપોક, ભાગેડું, બીકણ વ્યક્તિ તરીકે જોતા હશે? જે લોકોએ ૧૯૮૧માં હું બાંગ્લાદેશ પાછી ફરી એ પહેલાં જ મને આવામી લીગની અધ્યક્ષ ઘોષિત કરી એમના વિશ્વાસને મેં ઠેસ પહોંચાડી છે? આવા સવાલો મને મૂંઝવી રહ્યા છે...

પાછી વળીને જોઉં છું તો દેખાય છે મારો સંઘર્ષ. જીતવાનો નહીં, જીવવાનો. મારા દેશની પ્રજાને એક સ્થિર શાસન આપવાનો પ્રયાસ... ૧૯૮૧માં પાછા ફર્યા પછી મેં આવામી લીગને પુનઃસંગઠિત કરી. સૈનિક શાસન વિરુદ્ધ એક લડાઈની શરૂઆત કરી. મને ખબર જ હતી કે, આ સરળ નથી. બાંગ્લાદેશમાં સૈનિક શાસનના મૂળ જે રીતે ઊંડા ઊતરી ગયા હતા એને ઊખેડી કાઢવા માટે વર્ષો લાગી જાય એમ હતું. બીએનપીએ જે રીતે કાયદામાં ફેરબદલ કરી હતી એને કારણે સૈનિક શાસનનું જોર એટલું બધું હતું કે, દેશમાં માત્ર સૈન્યનો જ ભય હતો. માર્શલ લો બાંગ્લાદેશનું પીડાદાયક અને કટુ સત્ય હતું. ઝિયા ઉર રહેમાનની હત્યા પછી ૧૯૮૨માં જનરલ એચ.એમ. ઈર્શાદે સૈનિક બળવો કર્યો. મેં અને આવામી લીગે માર્શલ લોનો ખુલ્લો વિરોધ કર્યો. લોકતંત્ર, સંવિધાન અને સિવિલ લોની માગ ઉઠાવી. બાંગ્લાદેશના અસ્થિર શાસનની વચ્ચે, અર્થતંત્ર હાલમડોલમ થઈ રહ્યું હતું અમારો આ સંઘર્ષ વધુ અઘરો હતો... લોકોને બે ટાઈમનું ભોજન નહોતું મળતું ત્યારે રાજકીય આંદોલનમાં અમારો સાથ કોણ આપે? ૧૯૮૩માં મને ગિરફતાર કરી લેવામાં આવી, પણ મેં જેલમાંથી આંદોલન ચાલુ રાખ્યું. કાર્યકર્તાઓએ મારો ભરપૂર સાથ આપ્યો, પણ એચ.એમ. ઈર્શાદ એમ ઝૂકે એવા નહોતા.

મેં મારા પિતાને યાદ કરીને મધ્યમવર્ગ, વિદ્યાર્થીઓ અને શ્રમિકોને એકઠા કર્યા... હું જાણતી હતી કે, સાચા વોટર એ લોકો જ છે. એમને જ આ દેશમાં ચાલી રહેલી તમામ પરિસ્થિતિનો ફાયદો કે નુકસાન થાય છે. મારા કાર્યકર્તાઓએ ઘેર ઘેર જઈને લોકોનું સમર્થન મેળવવાનો પ્રયાસ કર્યો. ૧૯૮૩માં મધ્યમવર્ગ, વિદ્યાર્થીઓ અને શ્રમિકોના આંદોલન, હડતાળ અને સંઘર્ષનું પરિણામ એ આવ્યું કે, મને છોડવી પડી.


શેખ હસીના

જેલમાંથી બહાર નીકળીને મેં આંદોલનને વધુ જોર આપ્યું. ઈર્શાદની સરકાર અને એના સૈન્યના સમર્થકો ડરી ગયા. એ જોઈ શકતા હતા કે, મધ્યમવર્ગ મારી વાત સમજી શકતો હતો. ભવિષ્યની પેઢી મારી સાથે જોડાઈ રહી હતી. ૧૯૮૪માં મને ફરી ગિરફતાર કરવામાં આવી. આ વખતનો જેલવાસ સરળ નહોતો. મને ડરાવવા, ધમકાવવામાં આવી. મારા પતિ એમ.એ. વાઝેદ મિયાં જે એક ન્યુક્લિયર સાયન્ટીસ્ટ હતા. એમણે રાજનીતિથી દૂર રહેવાનું નક્કી કર્યું હોવા છતાં એમને અને મારા પરિવારને સતાવવામાં આવ્યો. એનર્જી કમિશન સાથે જોડાયેલા સન્માનપૂર્વકનો વ્યવસાય કરતા અને યુનિવર્સિટી ઓફ ઢાકાના પ્રોફેસર હોવા છતાં એમને અવારનવાર રાત્રે જગાડવામાં આવતા. મારાં બાળકો સાઝીદ અને સાયમા નાના હોવા છતાં એમને પણ સ્કૂલમાં અને બીજી રીતે પજવવામાં આવતા. જોકે, મારા પતિનો સહકાર ભરપૂર હતો. એમણે મને કોઈ દિવસ રાજનીતિથી દૂર રહેવાનું કહ્યું નથી... મારા સંઘર્ષમાં મારી જોડાજોડ ઊભેલા એક મજબૂત છતાં મૌન સાથી તરીકે એમણે મને સહકાર આપ્યો છે. ૧૯૮૪ના અંતમાં મને છોડી ત્યારે મારાં બાળકો ત્રસ્ત હતાં. મારા પતિએ કશું કહ્યું નહીં, પરંતુ હું જાણું છું કે એમને પણ જે આ ચાલી રહ્યું છે એનાથી ચિંતા અને તકલીફ થતા હતા. અમે બાંગ્લાદેશ છોડવાનો નિર્ણય કરી જ રહ્યા હતા કે, આવામી લીગના મારા કાર્યકર સભ્યોએ મને વિનંતી કરી... એમનું કહેવું હતું કે, હું બાંગ્લાદેશની લોકશાહી અને લોકતંત્રની અંતિમ ઉમ્મિદ છું. જો હું પણ દેશ છોડીને અમેરિકા ચાલી જઈશ તો આ દેશને હવે કોઈ બચાવી નહીં શકે.

૧૯૮૪-૮૫ના અમારા સંઘર્ષ અને આંદોલનોથી થાકીને માર્શલ લો હોવા છતાં પ્રિલિમનરી ઈલેક્શનની જાહેરાત થઈ. આવામી લીગને સમાવ્યા સિવાય છુટકો નહોતો. સંસદમાં બેસીને જ કશુંક બદલી શકાશે એવું મને પણ સમજાયું હતું, એટલે અમે ચૂંટણીમાં ભાગ લેવાનું નક્કી કર્યું. આવામી લીગને ફરી એક વાર બેઠી કરવા પૂરતી પણ આ ચૂંટણી લડવી જરૂરી હતી. મારા કાર્યકરોનું મોરલ તૂટી ગયું હતું. સંઘર્ષ દરમિયાન ઈર્શાદના સૈનિકોએ કરેલા અત્યાચારથી બધા થાક્યા હતા.

અંતે, ચૂંટણી થઈ. અમે જીતી ન શક્યા, પરંતુ સંસદની અંદર દાખલ ચોક્કસ થઈ શક્યા. મેં પોતે જ વિરોધ પક્ષના નેતા બનવાનું પસંદ કર્યું. હવે અમે માત્ર સંઘર્ષ કરતો એક નબળો પક્ષ નહોતા, બલ્કે એક મજબૂત વિરોધ પક્ષ તરીકે સંસદમાં બેસી શકતા હતા એ વાતે મારા સમર્થકો, કાર્યકરો અને બાંગ્લાદેશના નાગરિકોને એક નવું બળ મળ્યું. અમેરિકા જવાનો વિચાર પડતો મૂકીને મેં ફરી એક વાર બાંગ્લાદેશને માર્શલ લોમાંથી મુક્ત કરવાનું આંદોલન શરૂ કર્યું.

કહેવાય છે ને કે, જ્યારે તકલીફ હોય ત્યારે દુશ્મનો પણ ભેગા થઈ જાય છે... ૧૯૯૦માં ખાલિદા ઝિયા અને બીએનપીએ મને સંપર્ક કર્યો. એ લોકો પણ માનતા હતા કે ઈર્શાદના શાસનને કારણે બાંગ્લાદેશ ખૂબ સમસ્યાઓ અને સંકટોનો સામનો કરી રહ્યો છે. ખાલિદા ઝિયાએ હાથ મેળવવાની વિનંતી કરી... મને પણ સમજાયું હતું કે, સંસદમાં ફક્ત વિરોધ પક્ષમાં બેસવાથી સૈનિક શાસનનો અંત નહીં લાવી શકાય. મેં ખાલિદા ઝિયા અને બીએનપી સાથે હાથ મેળવીને જબરજસ્ત જોઈન્ટ માસ મુવમેન્ટની શરૂઆત કરી. બીએનપી જૂની અને મજબૂત પાર્ટી હતી. એમની પાસે વધુ કાર્યકરો હતા. વધુ આર્થિક બળ હતું. વધુ ફંડિંગ અને સમર્થકો હતા. એમના જોડાવાથી આવામી લીગને પણ એક નવું બળ મળ્યું. પરિણામ એ આવ્યું કે ૧૯૯૦ના ડિસેમ્બરમાં જનરલ ઈર્શાદને રાષ્ટ્રપતિ તરીકે રાજીનામું આપવું પડ્યું અને માર્શલ લો હટી ગયો.

૧૯૯૧માં ફરી ઈલેક્શન થયા. સ્વાભાવિક છે કે, બીએનપી પાસે વધુ સંખ્યા બળ અને વધુ ફંડિંગ હતું. બીએનપીની સરકાર બની. હું ફરી વખત વિરોધ પક્ષની લીડર બની કારણ કે, હાથ મિલાવતી વખતે ખાલિદા ઝિયાએ આપેલાં બધાં વચનો ધીમે ધીમે ખોટાં પડતાં ગયાં. એ વખતે એમણે મને વચન આપ્યું હતું કે, એ પ્રધાનમંત્રી બનીને સૌથી પહેલાં મારા પિતાના હત્યારાઓને સજા અપાવવાનો પ્રયાસ કરશે અને કેસ ખોલાવશે, પરંતુ એ વાત તો જાણે ભૂલાઈ જ ગઈ! થોડા સમય માટે મને લાગ્યું હતું કે, બીએનપી અને આવામી લીગ ભેગા થઈને બાંગ્લાદેશનું કશુંક ભલું કરશે, પરંતુ મને સમજાઈ ગયું કે, ખાલિદા ઝિયાને પ્રધાનમંત્રી બનવા માટે એ વખતે એક વિરોધીને હટાવવાની જરૂરિયાત હતી... મારા મજબૂત સમર્થકોને સાથે લઈને એમણે મારો ઉપયોગ માત્ર કર્યો! દુઃખ થયું, પણ અહીંથી મારા પ્રધાનમંત્રી બનવાનો નિર્ણય પણ દ્રઢ થયો. હું સમજી ગઈ કે, હવે કોઈની મદદ કે સહકારથી કંઈ નહીં થાય, મારે જ મારો રસ્તો જાતે કંડારવાનો છે. બસ!

૧૯૯૧ પછી ૧૯૯૬ની ચૂંટણી આવી... આવામી લીગે પોતાના બળથી પોતાના સમર્થકો અને ફંડર્સની સહાયથી ૧૯૯૬ની ચૂંટણી બહુમતીથી જીતીને બતાવી. હું પહેલી વખત પ્રધાનમંત્રીના પદ પર આવી. હવે હું જાણતી હતી મારે શું કરવાનું છે. બીએનપીના ભ્રષ્ટાચારી નેતાઓ અને મારા પિતાના હત્યારાઓને સજા અપાવવા માટે મેં એક પછી એક કેસ ખોલાવવાની શરૂઆત કરી. બાંગ્લાદેશમાં આર્થિક સમૃદ્ધિ અને રાજકીય સ્થિરતાના પ્રયાસો શરૂ કર્યા...

(ક્રમશઃ)■

# કાફતાન પ્લીઝ

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

કાફતાન એ ખૂબ જ જૂની સ્ટાઇલ છે. કાફતાનની બ્યુટી તેની પેટર્નમાં જ છે. કાફતાનમાં આખું ફેબ્રિક જ વપરાય છે.જેમકે, વી શેપની નેકલાઇન હોય અને તમારા બોડી મેઝરમેન્ટ પ્રમાણે સાઈડ પરથી સિલાઈ કરી લેવી. કાફતાનમાં ફેબ્રિક કટ ન કરવાનું હોય તેથી સાઈડ પરથી ઓરિજિનલ લંબાઈ કરતાં લાંબું લાગે છે. કોટન ફેબ્રિકમાં કાફતાન બરાબર બેસે છે. જો ફલોઈ ફેબ્રિકમાં કાફતાન પહેરવું હોય તો લાઇનિંગ નાખવી જરૂરી છે. કાફતાનમાં વી નેકલાઇન સુંદર લાગે છે. કાફતાનનો ઓવર ઓલ લૂક બ્રોડ હોય છે જેથી જો વી નેકલાઇન હોય તો થોડો નેરો લૂક આવે. કાફતાનની લેન્થ અલગ અલગ હોય છે. અલગ અલગ લેન્થના કાફતાન જુદી જુદી રીતે પહેરી શકાય. કાફતાન પહેર્યા પછી ખૂબ જ સ્માર્ટ લૂક આપે છે શર્ત માત્ર આટલી જ કે, મહિલાઓ કાફતાનને બંધેજ, ગજ્જી, ચીન્ના-સ્ટીચ, મિરર વર્ક, ગોલ્ડ-સિલ્વર ઝરી અને બ્લોક પ્રિન્ટ સાથે કસ્ટમાઈઝ કરાવે છે. નવરાત્રિ-દિવાળી કે લગ્નના પ્રસંગ સમયે ભારે ઝરીવાળા વેલ્વેટ કાફતાન અને ગરમીમાં હલકા ચીફોન-જ્યોર્જેટ કાફતાન ખૂબ ચાલે છે. કાફતાન કેરી કરતા આવડવું જોઈએ. ચાલો જાણીયે કે કાફતાન કઈ કઈ રીતે પહેરી શકાય.

પેન્ટ સાથે - જો તમારે પેન્ટ સાથે કાફતાન પહેરવું હોય તો, હિપ લેન્થનું કાફતાન પહેરી શકાય. ફેબ્રિક પ્રમાણે તમે કેઝ્યુઅલ અને ફોર્મલ લૂક આપી શકો. જો કોટન પેન્ટ સાથે કાફતાન પહેરવું હોય તો, કોટન પ્રિન્ટેડ ફેબ્રિકનું કાફતાન પહેરી શકાય. કફતાનની લેન્થ તમે તમારી ચોઈસ મુજબ રાખી શકો. જો પાર્ટીમાં જવું હોય તો, સિગાર પેન્ટ સાથે ચિનોન કે સિલ્ક ફેબ્રિકનું કફ લેન્થનું કફતાન પહેરી શકાય. પાર્ટી વેર માટે જો પ્લેન ફેબ્રિકમાં કાફતાન હશે તો વધુ અટ્રેક્ટિવ લાગશે. માત્ર નેકલાઈનમાં કોઈ હેવી બોર્ડર અથવા હેન્ડવર્ક કરાવવું જેથી ઓવરઓલ લૂક હાઈલાઈટ થાય. કોફતાનમાં બે પેટર્ન આવે છે. એક બોડી મેપ પ્રમાણે સાઈડમાં સિલાઈ હોય અને બીજા ટાઈપમાં કાફતાન આખું લૂઝ હોય અને કમર પર દોરી હોય, દોરીને ખેંચીને કાફતાનને માપસર કરવાનું હોય છે. આ સ્ટાઇલ મોટે ભાગે કોટન ફેબ્રિકમાં કે પછી ફલોઈન્ગ ફેબ્રિકમાં હોય છે. કમર પાર જે દોરી હોય એ કાફતાન પહેરવાથી કેઝ્યુઅલ લૂક આપે છે. કલાસિક લૂક માટે તમે સ્ટ્રેટ ફિટિંગવાળા કાફતાન પહેરી શકો. જો તમારો કમર અને પેટનો ભાગ થોડો વધારે હોય તો, કાફતાન પહેરવાનું ટાળવું. કાફતાનનો લુક બ્રોડ હોય છે તેથી વધારે પહોળા લગાશે. જો તમે તમારા ઓવરઓલ લૂક સાથે કમ્ફર્ટેબલ હોવ તો પહેરી શકો. જેમનું શરીર ભારે છે તેમને ખાસ કરીને ઊભી ડિઝાઈન વાળા કાફતાન પહેરવા જેથી વધારે પડતા પહોળા ન લગાય.અથવા તો એવું ફેબ્રિક પસંદ કરવું કે જેમાં પ્રિન્ટ અથવા મોટિફ હેમલાઇન પાસે હોય જેથી કરી અપ્પર બોડી હાઈલાઈટ ન થાય.


કાફ લેન્થ - મોટાભાગે કાફ લેન્થ કાફતાન મહિલાઓ પહેરે છે. લેન્થ પણ સારી એવી હોય અને આખું કવર થયેલું પણ હોય. જો કાફ લેન્થ હોય તો બોટમમાં લેગિંગ કે પેન્ટ પહેરી શકાય. કાફ લેન્થ કાફતાન મોટેભાગે બધીજ બોડી ટાઈપ પર સારા લાગે છે. ફેબ્રિકને અનુરૂપ કાફતાન કેઝ્યુઅલ અને ફોર્મલ લુક આપે છે. જો તમે લેગિંગ સાથે હેવી કાફતાન પહેરશો તો બિલકુલ જ સારું નહિ લાગે, પરંતુ જો તમે હેવી કાફતાન સાથે સિગાર પેંટ કે પ્લાઝો પહેરશો તો ડ્રેસી લાગશે. તમારી હાઈટ પ્રમાણે ટોપ ટુ બોટમ સેમ કલર કોમ્બિનેશન પહેરવા કે કોન્ટ્રાસ્ટ એ તમારી પર્સનલ ચોઈસ પર આધાર રાખે છે. કાફતાં જેટલા પ્લેન હશે તેટલા જ અટ્રેક્ટિવ લાગશે. પ્લેન કાફતાનમાં માત્ર નેકલાઈન હોવી જોઈએ, તેનાથી જ આખો લૂક આવશે. કાફતાન એન્કલ લેન્થના પેન્ટ સાથે ખૂબ જ સુંદર લાગશે. અને તેની સાથે હાઈ હિલ્સ એક કમ્પ્લીટ લૂક ક્રિએટ કરી શકે. કાફતાન સાથે વધારે કોઈ એકસેસરીઝની જરૂર નથી હોતી. કોઈ સ્ટેટમેન્ટ ઇઅર રિંગ પહેરી શકાય. હેરમાં ઓપન હર સારા લાગશે અથવા હાઈ બન પણ વાળી શકાય.

મેક્સી - કાફતાનની મેક્સી તો બધી જ મહિલાઓમાં પ્રિય હોય છે. પહેલા માત્ર કોટનમાં જ બાટિક પ્રિન્ટની કાફતાન સ્ટાઈલની મેક્સી આવતી, પરંતુ હવે અલગ અલગ પ્રિન્ટ તેમજ જુદા જુદા ફેબ્રિકમાં પણ મેક્સી આવે છે. જેમકે, કાફતાન પેટર્ન હોઝિયરી ફેબ્રિકમાં પણ આવે છે. કાફતાન પહેરવામાં ખૂબ જ આરામદાયક હોય છે. અને જો કોટન કે હોઝિયરીમાં હોય તો સુવા માટે આરામદાયક નાઈટ ડ્રેસ છે. આમ જોઈએ તો પહેલા કાફતાનમાં માત્ર મેક્સી જ બનતી હતી. અને હવે એસમય બદલાતા, નવા નવા ટ્રેન્ડ આવતા કાફતાનની લેન્થ ઓછી થઇ ગઈ અને ડ્રેસમાં રૂપાંતર થઇ ગઈ. ■



ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# શુભ મંગલમ્ઃ એવા પેરન્ટ્સની લાગણીને ભૂલશો નહીં



સમયે કરવટ બદલી છે.

આજની યુવતીઓ શિક્ષિત બનીને હવે સ્વનિર્ભર બની ગઈ છે તો મોટા ભાગની યુવતીઓ એવું કરતી હોય છે કે પોતાના મેરેજનો ખર્ચ તે ખુદ જ કાઢતી હોય છે. આ બહુજ સારી બાબત છે.

- માતા-પિતાએ શિક્ષણ, તાલીમ આપીને એ યોગ્ય બનાવ્યા છે તો જોબ કરીને પોતાના મેરેજની તૈયારી કરી લેવી તેમાં કંઈ ખોટું નથી.

- આવું કરવાથી પેરેન્ટ્સનો બોજ હળવો થાય છે.

- જો કે, લગ્નનો ખર્ચ તમે તમારા પોકેટમાંથી આપીને કોઈ ઉપકાર, અહેસાન કરો છો અથવા તો હું જાતે જ બધું મેનેજ કરી શકું છું એવો ભાવ પેરેન્ટસ સામે ક્યારેય વ્યક્ત ન કરો.

- પેરેન્ટ્સમાં પણ લાડલીના લગ્નને લઈને અનેક અરમાન હોય છે. તે પણ તેમની દીકરી માટે તેમના બજેટ પ્રમાણે કરવા માગતા હોય છે.

- તો પેરેન્ટ્સની લાગણીને ઠેસ ન પહોંચે તે રીતે તેમના તરફથી મળતી ભેટનો પણ સપ્રેમ સ્વીકાર કરવો જોઈએ અને ક્યારેય એ ભાવ પ્રગટ કરવો જોઈએ નહીં કે મેં તો લગ્નનો ખર્ચ પણ પેરેન્ટ્સ પાસેથી લીધો નથી.

- આવું કરવાથી પેરેન્ટ્સની લાગણી દુભાય છે.

- જેમણે તમને શિક્ષિત કરીને સ્વનિર્ભર કર્યા છે તો તમારું ધન પણ તેના થકી જ છે તે ભૂલવું જોઈએ નહીં.

- એજ પ્રમાણે મેરેજના ફંકશનમાં વચ્ચે ક્યાંય ખોટી ગલતફહમી, ગેરસમજ ન થાય તે માટે પહેલેથી જ બધી લેવડ-દેવડની સ્પષ્ટતા કરી લો જેથી ફંકશનમાં ક્યાંય સમસ્યા ન સર્જાય.

લાડકી પૂર્તિની વ્હાલી વાચક બહેનો! બંને પરિવારનાં રીત-રિવાજ અલગઅલગ હોઈ શકે છે.

- જો પહેલેથી જ રીત-રિવાજ વિશે જાણી લીધું હોય તો તે પ્રમાણે શોપિંગ કરી શકાય છે.

- તદુપરાંત શોપિંગ સિવાયનું પ્રિપ્લાનિંગ કરવામાં પણ સરળતા રહે છે.

- ઘણી વાર એવું બને છે કે રીત-રિવાજની ચર્ચા કર્યા વગર આપણે આપણે કુટુંબ, પરિવારમાં ચાલતાં રીત-રિવાજ પ્રમાણે તૈયારી કરીએ છીએ, પણ જ્યારે મેરેજની સેરેમની શરૂ થઈ જાય પછી તેમનાં અલગ રીત-રિવાજ તો ચાલુ ફંકશને બધું જ મેનેજ કરવું અઘરું થઈ પડે છે. તેથી રીત-રિવાજ સહિતની બધી જ પરંપરા પણ સામેના પક્ષની જાણી લેવી અનિવાર્ય છે.

- બીજું તમારા લગ્નની તૈયારી આવતી હોય તો તમે પણ તમારા ગમા અને અણગમાને રજૂ કરો.

- બની શકે કે તમને કોઈ ખોટાં રીત-રિવાજને ફોલો કરવા ન ગમતાં હોય તો!

- આંધળું અનુકરણ કરીને આવા બોજ વધારતાં રીત-રિવાજને ફોલો કરવા કરતાં તેને તિલાંજલિ આપવાનું સૂચન નમ્રપણે કરી શકો છો.

- એવી માન્યતા છે કે વિધવાએ લગ્નની વિધિમાં ભાગ લેવો ન જોઈએ.

- આવી ખોટી માન્યતા સામે તમે નમ્રપણે સૂચન કરીને તિલાંજલિ આપી શકો છો અને સ્ત્રીના વ્યક્તિત્વની ગરિમાને જાળવી શકો છો.

વેડિંગ બજેટ માટે વિશેષ ટિપ્સ પ્રસ્તુત લેખના આવતા અંકના ત્રીજા અને છેલ્લાં ભાગમાં વાંચીશું. ■

# પુરુષ

## બ્રો કોડઃ પુરુષ ને તેના મિત્રો...

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com



પુરુષના જીવનમાં મિત્રતા એ માત્ર એક સામાજિક સંબંધ નથી, પણ એક અઘોષિત 'સેફ હેવન' છે , જ્યાં તેને દુનિયાના તમામ માપદંડોમાંથી મુક્તિ મળે છે. સામાન્ય રીતે સમાજ પુરુષ પાસેથી હંમેશાં મજબૂત, જવાબદાર અને ગંભીર રહેવાની અપેક્ષા રાખે છે. ઘરના ઉંબરાની અંદર તે એક પિતા, પતિ કે પુત્રની જવાબદારીઓના બોજ હેઠળ દબાયેલો હોય છે, પરંતુ જ્યારે તે તેના 'બ્રો' એટલે કે મિત્રોના સર્કલમાં પહોંચે છે ત્યારે તે વર્ષો જૂના એ જ બાળક જેવો બની જાય છે, જેની પાસે કોઈ માસ્ક નથી. 'બ્રો કોડ' એ કોઈ પુસ્તકમાં લખાયેલા નિયમો નથી, પણ એક એવી મૌન સમજૂતી છે, જેમાં જજમેન્ટને કોઈ સ્થાન નથીષ જ્યારે પુરુષ તેના મિત્રો સાથે હોય છે, ત્યારે તે શા માટે અત્યંત રાજીરાજી હોય છે તેનું સૌથી મોટું કારણ એ છે કે ત્યાં તેને પોતાની નબળાઈઓ છુપાવવાની જરૂર પડતી નથી. મિત્રોની વચ્ચે તે પોતાની નિષ્ફળતાઓ પર હસી શકે છે અને પોતાની મૂર્ખામીઓને ગર્વથી વ્યક્ત કરી શકે છે. આ એક એવી જગ્યા છે જ્યાં મૌન પણ અર્થસભર હોય છે. બે મિત્ર કલાકો સુધી સાથે બેસીને કંઈ પણ બોલ્યા વગર માત્ર એક કપ ચા પીતા હોય તો પણ તે એકબીજાની લાગણીઓ સમજી લેતા હોય છે.

પુરુષની મિત્રતાની શૈલી સ્ત્રી કરતાં ઘણી અલગ હોય છે. સ્ત્રી મોટે ભાગે વાતચીત દ્વારા ભાવનાત્મક જોડાણ સાધે છે, જ્યારે પુરુષ 'સાઇડ-બાય-સાઇડ' એટલે કે સાથે મળીને કોઈ પ્રવૃત્તિ કરીને જોડાય છે. પછી તે રમતગમત જોવી હોય, વીડિયો ગેમ રમવી હોય, બાઈક રાઈડ પર જવું હોય કે પછી ગાડીના એન્જિનમાં માથું મારીને રિપેરિંગ કરવું હોય... આવી બધી સંયુક્ત પ્રવૃત્તિઓ દરમિયાન જે બોન્ડિંગ રચાય છે તે અજોડ હોય છે. મિત્રો સાથે હોવા પર પુરુષના મગજમાં જે ડોપામાઈન અને ઓક્સિટોસિનનું સ્તર વધે છે, તે તેને દુનિયાભરના સ્ટ્રેસ સામે લડવાની શક્તિ આપે છે. ઑફિસનું ટેન્શન, આર્થિક ભીંસ કે અંગત જીવનની ગડમથલો મિત્રોના ગ્રૂપમાં આવતા જ ક્ષણભર માટે વિલાઈ જાય છે. મિત્રો વચ્ચે થતી 'રોસ્ટિંગ' એટલે કે એકબીજાની મજાક ઉડાવવાની પરંપરા વાસ્તવમાં એક પ્રકારની થેરાપી છે. એકબીજાની ખામીઓ પર હસવું એ એ વાતની સાબિતી છે કે ''હું તને જેવો છે તેવો સ્વીકારું છું.'' આ મજાક પાછળ જે ગાઢ સ્નેહ છુપાયેલો હોય છે, તે જ પુરુષને આંતરિક સંતોષ આપે છે.

'બ્રો કોડ'માં વફાદારીનું સ્થાન સર્વોપરી છે. મુશ્કેલીના સમયે જ્યારે આખી દુનિયા તર્ક રજૂ કરતી હોય ત્યારે મિત્ર જ એવો હોય છે જે કોઈપણ સવાલ પૂછ્યા વગર પડખે આવીને ઊભો રહી જાય છે. ''હું છું ને, ચિંતા ન કર'' આ પાંચ શબ્દો પુરુષ માટે કોઈપણ મોંઘી કાઉન્સેલિંગ સેશન કરતા વધુ અસરકારક હોય છે. પુરુષ ઘણીવાર પોતાની તકલીફો શબ્દોમાં વ્યક્ત કરી શકતા નથી, પરંતુ તેના મિત્રો તેના અવાજના ટોન કે તેની ચાલ પરથી સમજી જાય છે કે કંઈક ગરબડ છે. મિત્રો સાથેના સત્સંગમાં જે હાસ્યના ફુવારા છૂટે છે, તે કોઈ લક્ઝરી વેકેશન કરતા પણ વધુ રિફ્રેશિંગ હોય છે. આ જ કારણ છે કે ગમે તેટલો સફળ કે વ્યસ્ત પુરુષ પણ પોતાના મિત્રો માટે સમય કાઢવા આતુર હોય છે. મિત્રો એ તેના ભૂતકાળના સાક્ષી છે, જે તેને એ યાદ અપાવે છે કે સફળતાના શિખરે પહોંચ્યા પહેલાં તે કોણ હતો.

આજના ડિજિટલ યુગમાં જ્યાં સામાજિક એકલતા વધી રહી છે, ત્યાં આ 'બ્રો કોડ' માનસિક સ્વાસ્થ્ય માટે એક સુરક્ષા કવચ સમાન છે, જ્યારે એક પુરુષ તેના મિત્રો સાથે ક્રિકેટની ચર્ચા કરે છે કે જૂની યાદો તાજી કરે છે ત્યારે તે વાસ્તવમાં પોતાની માનસિક બેટરી રિચાર્જ કરી રહ્યો હોય છે. તેની આ રાજીપાની પાછળનું વિજ્ઞાન એ છે કે ત્યાં કોઈ પ્રતિસ્પર્ધા નથી, માત્ર સહજતા છે. દુનિયા માટે તે ભલે એક સીઈઓ, ડૉક્ટર કે એન્જિનિયર હોય, પણ તેના મિત્રો માટે તો તે આજે પણ એ જ જૂના નામે બોલાવાતો 'લંગોટિયો યાર' છે. આ નિર્વ્યાજ પ્રેમ અને સ્વીકૃતિ જ પુરુષને તેના મિત્રોના સાંનિધ્યમાં દુનિયાનો સૌથી સુખી માણસ બનાવે છે. અંતે, પુરુષની મિત્રતા એ એક એવું રોકાણ છે, જેનું વળતર માત્ર અને માત્ર નિર્ભેળ આનંદમાં જ મળે છે. ■

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
લાડકી
પુરુષ
વીક એન્ડ
તન-મન-ધનથી રહો
તરોતાજા
મેટિની
ઉત્સવ
ઈન્ટરવલ
દરરોજ કંઈક નવું-દરરોજ કશું અનોખું!



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## પરફેક્ટ દેખાવાના અભરખા જાગે છે કેમ...

ડિયર હની,

હમણા મેં લેખિકા જેસિકા ગ્રોસનો એક લેખ વાંચ્યો અને એમાં માતા બન્યા બાદ સ્ત્રીઓ એકદમ ફીટ દેખાવા માટે જે કઈ કરે છે એના વિશે ટિપ્પણી છે. સોશિયલ મીડિયામાં આ અંગે એક ટ્રેન્ડ ચાલે છે અને ઘણી બધી માતા એ ટ્રેન્ડને ફોલો કરી શરીર પર અખતરા કરે છે પણ એ શરીર જ નહિ પણ માનસિક અને આર્થિક રીતે સમસ્યાજનક છે એ આ માતાઓ સમજતી નથી. ખાસ કરીને ધનિક પરિવારોમાં આ ટ્રેન્ડ વધુ જોવા મળે છે.

માતા બન્યા બાદ સ્ત્રી જો ધ્યાન ના રાખે તો એનું શરીર વધી જતું હોય છે. મોટાભાગના ઘરોમાં માતાની આ સ્થિતિ થતી હોય છે. અને એ જ કારણે તે ટીકાનો ભોગ પણ બનતી હોય છે. એમાં ય કોઈ સેલિબ્રિટી માતા બન્યા બાદ શરીરને એકદમ ફીટ રાખતી જણાય અને એ કોઈ કાર્યક્રમ કે ટીવી, કે ફિલ્મોમાં જોવા મળે ત્યારે ચર્ચા થાય છે.

આપણા બંને વચ્ચે પણ આ ચર્ચા બહુ થઇ છે. તું કહેતી રહે છે એમને ક્યાં ઘરનાં કામ કરવાના હોય છે. અમારે તો ઘરનું કામ પણ કરવું પડે, હજાર પળોજણ હોય છે એમાં શરીરનું ધ્યાન રાખવાનો સમય જ રહેતો નથી.

આમે ય પરણ્યા પછી સ્ત્રી અને પુરુષ પોતાના શરીર પ્રત્યે ઓછું ધ્યાન આપે છે અને બંનેનાં શરીર વધે છે. દેશમાં શ્વેત ક્રાંતિ લાવનારા ડૉ. વર્ગીસ કુરિયને ગુજરાતની ગૃહિણીઓની કમર વિષે ટિપ્પણી કરેલી ત્યારે એ મુદે વિવાદ થયો હતો. એ પણ વાત તો સાચી છે અને એમાં ગૃહિણી જ નહિ પણ ઘરના પુરુષ પણ આવી જાય છે. એમાંય સ્ત્રીને કોઈ શરીર ટકોર કરે તો એને લાગી આવે છે અને એ શરીરને ફીટ રાખવા માટે આડાઅવળા ઉપાય આદરી દે છે.

જેસિકા લખે છે કે, પહેલાં માતાઓની છબી સાદી અને સંઘર્ષમય ગણાતી, પરંતુ હવે સ્કૂલ ફંક્શન કે જાહેર જગ્યાઓ પર માતાઓ કોઈ ફેશન શોની સ્પર્ધક હોય તે રીતે તૈયાર થઈને જાય છે. તે એક સામાજિક અપેક્ષા બની ગઈ છે. એમાં સોશિયલ મીડિયાનાં કારણે યંગ અને ફીટ દેખાવાની હોડ જામી છે. ૫૦ની ઉંમરે પણ મતા પર એવું દબાણ છે કે એ વૃદ્ધ ન દેખાય.

આ કારણે માતા પર માનસિક બોજ વધે છે. હવે માતા પાસે માત્ર બાળકોને ઉછેરવાની જ નહીં, પણ સાથે સાથે સુપર મોડેલ જેવા દેખાવાની પણ અપેક્ષા રાખવામાં આવે છે. આ 'ટુ-ડુ લિસ્ટ' માં સતત વધારો થઈ રહ્યો છે, જે માનસિક થાકનું કારણ બને છે. અને પછી શરૂ થાય છે કોસ્મેટિક ટ્રીટમેન્ટ. બોટોક્સ, ફિલર્સ અને એન્ટી-એજિંગ ટ્રીટમેન્ટનો ટ્રેન્ડ વધ્યો છે. ઘણી માતા જીમમાં જવાની સાથે હવે મોંઘી સ્કિન ટ્રીટમેન્ટ પાછળ પણ સમય અને પૈસા ખર્ચી રહી છે.

જોકે જેસિકા આવી માતાઓને સલાહ આપતા કહે છે, અસલી સુંદરતા આત્મવિશ્વાસમાં છે. માતાએ પરફેક્ટ દેખાવાને બદલે વાસ્તવિક બનવું જોઈએ. સપોર્ટ સિસ્ટમ બનાવવી અને આરામને મહત્ત્વ આપવું જરૂરી છે.

પહેલાના સમયમાં 'પરફેક્ટ મધર' તેને ગણવામાં આવતી જે સંતાનોના સંસ્કાર અને ઘરના સંચાલનમાં નિપુણ હોય. આજે સોશ્યલ મીડિયાએ આ વ્યાખ્યા બદલીને એના બાહ્ય દેખાવ પર કેન્દ્રિત કરી દીધી છે. 'ઈન્સ્ટાગ્રામ મોમ' બનવાની લ્હાયમાં સ્ત્રીઓ પોતે શું છે તે ભૂલીને, દુનિયા શું જોવા માગે છે તે બનવાનો પ્રયત્ન કરે છે. વળી, બોટોક્સ કે મોંઘી કોસ્મેટિક ટ્રીટમેન્ટ્સ માત્ર મોંઘી જ નથી, પણ તેની પાછળ સતત યુવાન દેખાવાની જે દોડ છે તે માનસિક રીતે ખૂબ જ થકવી નાખનારી છે. આને 'મેન્ટેનન્સ ટ્રેપ' કહી શકાય, જેમાંથી બહાર નીકળવું અઘરું થઈ જાય છે.

બીજી તરફ જ્યારે કોઈ સ્ત્રી દબાણ વગર પોતાની ઓળખ સાથે જીવે છે, ત્યારે જ તે સાચા અર્થમા ગ્લો કરે છે. સાચું કહું તો તારે અને દરેક માતાએ આ વાક્ય ગાંઠે બાંધવા જેવું છે. આ જ સમસ્યાનો સાચો ઉકેલ છે. આત્મવિશ્વાસ એ સૌથી મોટું મેકઅપ છે. જે માતા હસતી, સ્વસ્થ અને માનસિક રીતે શાંત છે, તે પોતાના બાળકોને વધુ સારું જીવન આપી શકશે.

હું તો તને ઘણીવાર કહું છું. બીજા શું કરે છે એમાં પડવા જેવું નથી. સ્ત્રીઓ કોઈક કાર્યક્રમ કે પ્રસંગમાં એકત્ર થાય ત્યારે શરીર અને ડ્રેસિંગ વિષે વધુ વાતો કરતી હોય છે. અને એમાં મેક અપ એટલો કર્યો કર્યો હોય તે સારા દેખાવાના બદલે બહુ ખરાબ લાગતા હોય છે. અહી ગોસીપ પણ ચાલે છે. કોના ઘરમાં શું ચાલે છે એની વાતો થાય છે. એના કરતાં પોઝિટિવ વાતો કેમ ના થાય? ખરી સુંદરતા મનની હોવી જોઈએ એ આપણે સમજવું પડશે. ખાસ કરીને માતાઓએ સમજવું રહ્યું.

તારો બન્ની.

## સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## એમને બહુ આનંદ થાય!




'જન સેવા એ જ પ્રભુ સેવા' આવી એક ઉક્તિ પ્રચલિત છે અને મને આ વાત ગમે છે- સાચી લાગે છે. પથ્થરના દેવની પૂજા કરીએ તેના કરતાં જીવતાજાગતા માનવીની સેવા ન કરીએ? કોઈ જરૂરિયાતમંદને મદદ કરીએ તો ઈશ્વર ખુશ જ થાય. મદદ ફકત આર્થિક જ કરવાની હોય એવું નથી. ઉંમર લાયક વૃદ્ધ કે પછી અંધ કે અપંગને જરૂરી મદદ કરો તો તે પણ સમાજસેવા જ છે. પૈસા તો કોઈ પણ આપીને છૂટી જાય, પણ માનવીની રોજ-બરોજની જિંદગીમાં જે મદદની જરૂર હોય તે આપણે કરીએ તો તેમની જિંદગીમાં આનંદની લહેર આવે. કેટલાંય લોકો માનવસેવાને જ પ્રભુસેવા માને છે એ જ કારણે કેટલીયે સંસ્થાઓ અસ્તિત્વમાં આવી. જેમાં નિઃસ્વાર્થ ભાવે લોકોની સેવા કરવામાં આવે છે. એમાંનું એક નામ છે 'મધર ટેરેસા.

આજે વાચકો સાથે એવી જ એક મહિલાનો પરિચય કરાવવો છે. આરતીબહેન એમનું નામ. આરતીબહેનની ઉંમર ૬૨ વર્ષ. આમ તો સિનિયર સિટિઝન છે, પણ ફીટ એન્ડ ફાઈન છે. આરતીબહેનનો સ્વભાવ સેવાભાવી. આડોશપાડોશમાં રહેતા વયસ્ક કે વિકલાંગ લોકોને જે મદદની જરૂર હોય તે કરવા આરતીબહેન હંમેશાં તત્પર રહે. આરતીબહેનની પડોશમાં ૮૦ વર્ષના વૃદ્ધ માજી રસીલાબહેન રહે. એકલાં રહેતાં હોવાને લીધે એ રસલીબાના ઘેર થોડીવાર બેસે વાતો કરે. આમ આત્મિયતા બંધાઈ ગઈ. પછી તો રસીલાબા પોતાનાં દિલની વાતો કરતાં થઈ ગયાં. એમની વાત સાંભળીને આરતીબહેન કહેતા, ''બા, તમારે મૂંઝાવાનું નહીં. તમને જે કાંઈ જોઈતું કરતું હોય તે મને કહી દેવાનું. હું બજાર જઈશ ત્યારે લઈ આવીશ...' પછી તો રસીલાબાને જે જોઈતું હોય તે આરતીબહેનને કહે. આરતીબહેન લઈ આવે... ક્યારેક ડૉક્ટર પાસે જવાનું હોય તો હાથ પકડીને ટેક્સીમાં બેસાડીને ડૉક્ટર પાસે પણ આરતીબહેન લઈ જાય. હા, પૈસા રસીલાબા ક્યારેય આરતીબહેનને ખર્ચવા ન દે અને પોતે જે કંઈ ફ્રુટસ, મીઠાઈ, ડ્રાયફ્રુટ મંગાવે તે કદી એકલા ન ખાય. આરતીબહેન પ્રત્યે એમને દીકરી જેવી લાગણી થઈ ગઈ હતી.

એકલાં રહેતાં રસીલાબાને બોલવા પણ બહુ જોઈએ. પણ એકલાં એકલાં કોની સાથે વાત કરે? હા, ટેલિફોન કરીને વાતો કરતા રહે. પણ સામસામે વાત કરવાની જેટલી મજા આવે તેટલી મજા ફોનમાં વાત કરવાની થોડી આવે? વ્યક્તિ સામે હોય તો વાત કરતી વખતે તેના ચહેરાના હાવભાવ, શરીરનું હલનચલન બધું જોઈ શકાય. આરતીબહેન લગભગ રોજ રસીલાબાના ઘરે ૧૫-૨૦ મિનિટ બેસે અને તેમની સાથે વાતો કરે. તેમની વાતો સાંભળે.

આરતીબહેન સાંજે બગીચામાં ચાલવા જાય. બગીચામાં તેમને ૭૫ વર્ષના કિરણભાઈ અને તેમના પત્ની કોકીલાબહેન મળતા. જયશ્રીકૃષ્ણ અને હાય, હલ્લો કરતા આ દંપતી સાથે આરતીબહેનને માયા બંધાઈ ગઈ. આ નિઃસંતાન દંપતી વ્યવસાય-નોકરીમાંથી રિટાયર્ડ થઈ ગયું હતું. ઉંમરને કારણે તબિયતની નાની મોટી તકલીફ રહ્યા કરતી હતી. ડૉક્ટરને ત્યાં જવા માટે કે રિપોટર્સ કઢાવવા જવા માટે તેમને કોઈની મદદની જરૂર રહેતી. આરતીબહેન તરત તેમની સાથે જવા માટે તૈયાર રહેતા. એ લોકો પણ આરતી બહેનને નાની બહેન માનવા લાગ્યા... સમય જતા કિરણભાઈનું અવસાન થયું. કોકીલાબહેન એકલાં રહી ગયાં. હવે આરતીબહેન જ તેમનો સહારો બની ગયાં. રસીલાબા-કોકિલાબહેન અને એમના જેવાં જ બીજા વૃદ્ધો અને એક વિકલાંગ દંપતીને પણ આરતીબહેન મદદ કરતા રહે છે. આરતીબહેનના પરિવારમાં પતિ-પુત્ર-પુત્રવધૂ છે તેથી તેમને ઘરની કોઈ જવાબદારી નથી. તેથી પોતાનો સમય આરતીબહેન જેમને જરૂર છે તેમને આપે છે અને આ બધાંને મદદ કરીને આરતીબહેનને બહુ જ આનંદ થાય છે.

આરતીબહેનની વાત અહીં એટલા માટે રજૂ કરીકે કારણ કે એમની માફક જ કોઈ સિનિયર સિટિઝન જે ફીટ એન્ડ ફાઈન હોય અને પરિવારમાં તેમની સેવાની બહુ જરૂર ન રહી હોય તો બીજાને આ રીતે મદદ કરીને કાંઈક કર્યાનો આત્મ સંતોષ અને જેમણે મદદ લીધી હોય તેમના આશીર્વાદ મેળવી શકે છે.■

# ભારતીયોને આકરો ફટકો: ટેક્સાસે એચ-વનબીની અરજીઓ અટકાવી

હ્યુસ્ટન (અમેરિકા): ટેક્સાસના ગવર્નર ગ્રેગ અબોટે રાજ્યની એજન્સીઓ અને પબ્લિક યુનિવર્સિટીઓને એચ-વનબી વિઝાની નવી અરજીઓ તાત્કાલિક અટકાવવાનો આદેશ આપ્યો હતો અને કરદાતાઓના (સરકારી) ભંડોળથી ચાલતી સંસ્થાઓમાં નોકરીને લગતા કાયદા વધુ કડક બનાવ્યા હતા. તેની માઠી અસર ભારતીય વ્યાવસાયિકોને થશે.

ટેક્સાસના ગવર્નરનો સંબંધિત આદેશ ૨૦૨૭ના મે સુધી અમલમાં રહેશે. ગવર્નરે મંગળવારે આપેલા આદેશમાં જણાવ્યું હતું કે રાજ્યની એજન્સીઓ અને પબ્લિક યુનિવર્સિટીઓએ ટેક્સાસ વર્કફોર્સ કમિશનની લેખિત પરવાનગી વિના એચ-વનબી વિઝાની નવી અરજીઓ કરવાનું બંધ કરવું પડશે.

ગવર્નરના આ આદેશથી રાજ્યમાંના હજારો એચ-વનબી વિઝા ધારકો મુશ્કેલીમાં મુકાઇ ગયા છે. ટ્રમ્પનું વહીવટીતંત્ર પણ વિઝા પ્રૉગ્રામમાં વિવિધ સુધારા કરી રહ્યું હોવાથી અનેક વિદેશી નાગરિકો અગાઉથી જ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ગવર્નરે જણાવ્યું હતું કે એચ-વનબી વિઝા પ્રૉગ્રામનો દુરુપયોગ કરાઇ રહ્યો હોવાના તાજેતરના અહેવાલને પગલે અને અમેરિકામાંની નોકરી અમેરિકાના નાગરિકોને જ મળી રહે, તે માટે રાજ્યની બધી એજન્સીઓને એચ-વનબી વિઝાની નવી અરજીઓ અટકાવી દેવાનો આદેશ આપું છું.

તેમણે સંબંધિત સંસ્થાઓને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે સંસ્થાઓએ એચ-વનબી વિઝાની અરજીઓની સંખ્યા, કામનો પ્રકાર, વિદેશી કર્મચારીઓના દેશનું નામ અને પૂરી થતી વિઝાની તારીખો જેવી માહિતી રાજ્યને નવેસરથી તાત્કાલિક આપવી પડશે. (એજન્સી) ■

# ઍમેઝોને એક ઝાટકે ૧૬,૦૦૦ કર્મચારીને છૂટા કર્યા

ન્યૂ યૉર્ક: તાજેતરના ટેક ઈન્ડસ્ટ્રીના સામૂહિક છટણીનાં રાઉન્ડમાં ઍમેઝોને ૧૬,૦૦૦ કર્મચારીને નોકરીમાંથી છૂટા કર્યા છે.

ઈ-કોમર્સ કંપની ખાતે સિનિયર વાઈસ પ્રેસિડન્ટ બૅથ ગજલૅટ્ટીએ બુધવારે બ્લૉગ પૉસ્ટ પર આ જાહેરાત કરી હતી.

ઑક્ટોબરમાં ૧૪,૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કર્યા બાદ ઍમેઝોને તાજેતરમાં વધુ ૧૬,૦૦૦ કર્મચારીને છૂટા કરવાનો નિર્ણય લીધો હતો. કર્મચારીઓને છૂટા કરવાની પ્રક્રિયા ભવિષ્યમાં પણ ચાલુ રહેશે એવા સંકેત કંપનીએ ઑક્ટોબરમાં પણ આપ્યા હતા. અમેરિકાસ્થિત કર્મચારીઓને આઉટ પ્લેસમેન્ટ સર્વિસ, આરોગ્ય વીમાના લાભ તેમ જ નોકરીમાંથી રાજીનામું આપવા સામેનું વળતરનો પ્રસ્તાવ અને કંપનીમાં બદલાતી નવી આંતરિક ભૂમિકા માટે ૯૦ દિવસનો સમય આપવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. અમલદારશાહી નાબૂદ કરવા, માલિકીનો હિસ્સો વધારવા અને વિવિધ સ્તરે કંપનીને વધુ મજબૂત કરવાના પ્રયાસના ભાગરૂપ આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# દેશની સુરક્ષા, સ્વદેશી જેવા મુદ્દે સાંસદો એકતા દાખવે: રાષ્ટ્રપ્રમુખ

## ગાંધીજી, નહેરુ, સરદાર અને વાજપેયીને યાદ કર્યા

નવી દિલ્હી: રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ સંસદના બન્ને ગૃહના સંયુક્ત સત્રને સંબોધતા જણાવ્યું હતું કે સાંસદોએ દેશની સલામતી, સ્વદેશી માટેની ઝુંબેશ જેવા મુદ્દે એકતા દાખવીને ‘વિકસિત ભારત’ માટે યોગદાન આપવું જોઇએ. દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો હતો કે મુર્મૂએ સંસદના સંયુક્ત સત્રને સંબોધતા દેશે તાજેતરના સમયમાં કરેલા નોંધપાત્ર વિકાસની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રપ્રમુખે સંસદના અંદાજપત્ર સત્રને સંબોધતા જણાવ્યું હતું કે સરકાર ‘રિફૉર્મ એક્સપ્રેસ’ની ગતિ વધુ ને વધુ ઝડપી બનાવવા કાર્ય કરી રહી છે. દેશને ૨૦૪૭ સુધીમાં વિકસેલો બનાવવા માટે સરકાર દ્વારા વિવિધ આર્થિક અને સામાજિક પગલાં લેવાઇ રહ્યા છે. મુર્મૂએ જણાવ્યું હતું કે દુનિયાએ ઑપરેશન સિંદૂરમાં ભારતીય સશસ્ત્ર દળોની બહાદુરી જોઇ હતી. ભારતીય લશ્કરે સ્વદેશી શસ્ત્રોનો ઉપયોગ કરીને ત્રાસવાદીઓની છાવણીઓનો નાશ કર્યો હતો. ત્રાસવાદની કોઇ પણ પ્રવૃત્તિનો જવાબ હવે ‘નિર્ણાયક કાર્યવાહી’ દ્વારા અપાશે. તેમણે જણાવ્યું હતું કે ભારતે દુનિયાને બતાવી દીધું હતું કે જવાબદારી અને હોશિયારીની સાથે શક્તિનો ઉપયોગ કરી શકાય છે. રાષ્ટ્ર કરતાં કોઇ મહાન નથી. મુર્મૂએ જણાવ્યું હતું કે મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ, બાબાસાહેબ આંબેડકર, સરદાર વલ્લભભાઇ પટેલ, જયપ્રકાશ નારાયણ, રામ મનોહર લોહિયા, પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને અટલ બિહારી વાજપેયી જેવા નેતાઓ દૃઢપણે માનતા હતા કે લોકશાહીમાં મતભેદ હોવા સામાન્ય બાબત છે, પરંતુ દેશ હિતના મુદ્દે કોઇ મતભેદ ન હોવા જોઇએ. (એજન્સી) ■

# ઝટ ડીલ કરો, નહીં તો વિનાશ પાકો: ટ્રમ્પની ઈરાનને ધમકી

દુબઈ : અમેરિકાએ ઈરાનની નજીક બીજા મોટા યુદ્ધવાહક જહાજ કાફલાને મોકલતાં ઈરાન પર હુમલાનો ભય વધી ગયો છે. અમેરિકાએ આ અગાઉ ઈરાનની નજીક બૉમ્બર યુએસએસ અબ્રાહમ લિન્કન અને અનેક ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર ગોઠવી દીધાં હતાં. અમેરિકા આની મદદથી સમુદ્રમાર્ગે ઈરાન પર હુમલો કરી શકે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બુધવારે માહિતી આપી હતી કે જંગી યુદ્ધવાહક જહાજનો કાફલો ઈરાન તરફ જઈ રહ્યો છે. ટ્રમ્પે આ માહિત આપતી વખતે વેનેઝુએલાનો ઉલ્લેખ કર્યો હતો. વેનેઝુએલામાં અમેરિકાએ આ મહિનાની શરૂઆતમાં લશ્કરી હુમલો કરીને તેના પ્રમુખ નિકોલસ માદુરોને પકડીને અમેરિકા લઈ ગયા હતા. ટ્રમ્પે ઈરાનને વાતચીતના ટેબલ પર આવીને અણુ હથિયારો પર ડીલ કરવાની વાત કરી હતી. ટ્રમ્પે ઈરાનને ચીમકી આપી હતી કે નહીં તો બીજો હુમલો વધુ ખરાબ હશે.

ટ્રમ્પે તેમના ટ્રુથ સોશ્યલ અકાઉન્ટમાં બુધવારે લખ્યું હતું કે વિરાટ કાફલો ઈરાન તરફ જઈ રહ્યું છે. તે મહાન તાકાત, ઉત્સાહ અને હેતુ સાથે ઈરાનની નજીક જઈ રહ્યું છે. તે તેનું મિશન જરૂર પડે તો હિંસા વડે ઝડપથી પાર કરવા તૈયાર અને સજ્જ છે. ■

# વેપાર કરારે યુરોપના દેશોમાં આયુર્વેદિક ડોક્ટરો માટે દરવાજા ખોલ્યા: મોદી

નવી દિલ્હી: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે જણાવ્યું હતું કે ઐતિહાસિક ભારત-યુરોપિયન યુનિયન (ઈયુ) વેપાર કરાર બાદ ભારતીય પરંપરાગત સારવાર પદ્ધતિના તબીબો હવે યુરોપિયન યુનિયનના દેશોમાં તેમની સેવાઓ આપી શકશે. કેરળમાં આર્ય વૈદ્યશાલા ચેરિટેબલ હોસ્પિટલના શતાબ્દી સમારોહમાં મોદીએ કહ્યું હતું કે આયુષ પ્રેક્ટિશનરો (આયુર્વેદિક ડોક્ટરો) ભારતમાં પ્રાપ્ત વ્યાવસાયિક લાયકાતના આધારે યુરોપિયન યુનિયન (ઈયુ) સભ્ય દેશોમાં તેમની સેવાઓ આપી શકશે, જેનાથી આયુર્વેદ અને યોગ સાથે સંકળાયેલા યુવાનોને ઘણો ફાયદો થશે. એક વીડિયો સંદેશમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે ઈયુ સાથે તાજેતરમાં કરવામાં આવેલા ઐતિહાસિક વેપાર કરાર ભારતીય પરંપરાગત સારવાર પદ્ધતિ અને તેના તબીબોને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે. તેમણે કહ્યું હતું કે આ કરાર યુરોપમાં આયુષ આરોગ્ય કેન્દ્રો સ્થાપિત કરવામાં પણ મદદ કરશે અને આ સિદ્ધિ માટે આયુર્વેદ અને આયુષ સાથે સંકળાયેલા તમામ મુલાકાતીઓને અભિનંદન આપ્યા હતા.

મોદીએ કહ્યું હતું કે ભારત સદીઓથી આયુર્વેદ મારફતે લોકોની સારવાર કરી રહ્યું છે, પરંતુ તે દુર્ભાગ્યપૂર્ણ છે કે દેશ અને વિદેશમાં મોટા પાયે તેનું મહત્ત્વ સમજાવવા માટે પ્રયાસો કરવામાં આવ્યા નથી. ■

# ‘યુવાઓ માટે ઢગલો તકો’

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું કે ભારતે અનેક દેશો સાથે કરેલા મુક્ત વેપાર કરારો અને એક દિવસ પહેલા દિલ્હીમાં ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે થયેલા ઐતિહાસિક એફટીએ લાખો ભારતીય યુવાનો માટે અસંખ્ય તકો ખોલશે. દિલ્હી કેન્ટોનમેન્ટ ખાતે વાર્ષિક રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ પીએમ રેલીમાં એક સભાને સંબોધતા, વડા પ્રધાને એમ પણ કહ્યું કે આખું વિશ્વ ભારતના યુવાનોને ખૂબ વિશ્વાસથી જોઈ રહ્યું છે અને તે વિશ્વાસ પાછળનું કારણ કૌશલ્ય અને સંસ્કાર છે. મેં લાલ કિલ્લા પરથી સંબોધન કર્યું હતું કે યહી સમય હૈ, સહી સમય હૈ. દેશના યુવાનો માટે, આ મહત્તમ તકોનો સમય છે, એમ મોદીએ કહ્યું. ■

# રખડતા શ્વાનને મામલે રાજ્યો હવા મહેલ ચણી રહ્યા છે: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: રખડતા કૂતરાઓ મામલે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે કહ્યું હતું કે રાજ્ય સરકારો આ મુદ્દા પર ફક્ત હવામાં વાતો કરી રહી છે. જમીન પર કોઈ નક્કર કાર્યવાહી દેખાઈ રહી નથી. કોર્ટના સલાહકાર ગૌરવ અગ્રવાલે કોર્ટ સમક્ષ અનેક રાજ્યોના અહેવાલો રજૂ કર્યા હતા. બુધવારની સુનાવણી દરમિયાન કોર્ટે રાજ્યો સામે ખૂબ જ કડક વલણ અપનાવ્યું હતું. જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ સંદીપ મહેતા અને જસ્ટિસ એનવી અંજારિયાની બનેલી બેન્ચે આ મામલાને ગંભીરતાથી લીધો હતો.

સુપ્રીમ કોર્ટે બુધવારે રાજ્ય સરકારો દ્વારા રખડતા કૂતરાઓની નસબંધીની ક્ષમતા વધારવા માટેના તેના નિર્દેશોનું પાલન ન કરવા અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, તેઓ બધા હવામાં વાતો કરી રહ્યા છે. આ મામલે એમિકસ ક્યુરીએ અનેક રાજ્યોની કાર્યવાહીમાં રહેતી ખામીઓને ઉજાગર કરી હતી. તેમણે ધ્યાન દોર્યું કે કેટલાક રાજ્યોએ સર્વોચ્ચ અદાલતના નિર્દેશો સાથે સુસંગત પગલાં લીધાં છે, પરંતુ સંપૂર્ણ પાલન માટે હજુ પણ ઘણો લાંબો રસ્તો કાપવાનો બાકી છે. ■

# યુરોપ સાથેની ટ્રેડ ડીલમાં ભારતને લાભ જ લાભ: અમેરિકા

ન્યૂયોર્ક: અમેરિકાના વેપાર પ્રતિનિધિ જેમિસન ગ્રીરે મુક્ત વેપાર કરાર પર ટ્રમ્પ વહીવટીતંત્રની પ્રથમ પ્રતિક્રિયામાં કહ્યું હતું કે ભારત યુરોપિયન યુનિયન સાથેના વેપાર કરારમાં ફાયદામાં રહ્યું છે અને તેનાથી ભારતનો સારો સમય આવશે. ગ્રીર મંગળવારે ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે થયેલા મધર ઓફ ઓલ ડીલ્સ તરીકે ઓળખાતા વેપાર કરાર અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. ગ્રીરે મંગળવારે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે મે અત્યાર સુધી ડિલ્સની થોડી જાણકારી મેળવી છે. મને લાગે છે કે ભારતને તેમાં સૌથી વધુ ફાયદો થયો છે. તેને યુરોપમાં વધુ માર્કેટનો લાભ મળશે. એવું લાગે છે કે તેમને (ભારત) કેટલાક વધારાના ઇમિગ્રેશન અધિકારો મળ્યા છે. હું વિશ્વાસ સાથે કહી શકું નહીં પરંતુ ઈયુના પ્રેસિડેન્ટ (ઉર્સુલા) વોન ડેર લેયેને ભારતીય કામદારો માટે યુરોપમાં ગતિશીલતા વિશે વાત કરી છે. તેથી મને લાગે છે કે કુલ મળીને ભારતનો સારો સમય આવવાનો છે. તેમની પાસે ઓછા ખર્ચમાં લેબર છે.

તેમણે કહ્યું હતું કે એવું લાગે છે કે ઈયુ વૈશ્વિકરણ પર ધ્યાન આપી રહ્યું છે જ્યારે અમેરિકા અહીં અમેરિકામાં વૈશ્વિકરણની કેટલીક સમસ્યાઓને ઠીક કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેમની પાસે ભારત-ઈયુ વેપાર કરાર પર કોઈ પ્રતિક્રિયા છે ત્યારે ગ્રીરે કહ્યું હતું કે એ સમજવું જરૂરી છે કે પ્રમુખ ટ્રમ્પે સ્થાનિક ઉત્પાદનને પ્રાથમિકતા આપી છે અને અન્ય દેશો પાસેથી અમેરિકન બજાર સુધી પહોંચવા માટે ફી વસૂલવાનું શરૂ કર્યું છે, તેથી આ દેશો તેમના વધુ ઉત્પાદન માટે અન્ય રસ્તાઓ શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેથી ઈયુ રસ્તો શોધવાનો પ્રયાસ કરવા માટે ભારત તરફ વળ્યું છે. ■

# અમદાવાદ ઍર ઈન્ડિયા પ્લેન ક્રેશ પરની અરજીની સુપ્રીમ કોર્ટ સુનાવણી કરશે

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે બુધવારે એક એનજીઓની પીઆઈએલ પર સુનાવણી કરવા સંમતિ આપી હતી જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ૧૨ જૂનના એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાની સત્તાવાર તપાસ નાગરિકોના જીવન, સમાનતા અને સત્ય માહિતીની પહોંચના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે. બુધવારે, પીઆઈએલ અરજદાર એનજીઓ ‘સેફ્ટી મેટર્સ ફાઉન્ડેશન’ વતી હાજર રહેલા વકીલ પ્રશાંત ભૂષણ દ્વારા ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમલ્યા બાગચીની બનેલી ખંડપીઠને કહેવામાં આવ્યું હતું કે, અત્યાર સુધી, કેન્દ્ર કે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બોર્ડ (એએઆઈબી)એ અરજી પર તેમના જવાબો દાખલ કર્યા નથી.સમગ્ર પાઇલટ્સ એસોસિએશન કહી રહ્યું છે કે બોઇંગ ૭૮૭ વિમાનમાં સમસ્યા છે. ભૂષણે એવી રજૂઆત કરી હતી. ભૂષણે કહ્યું કે આટલા મોટા પાયે થયેલા અકસ્માતની કોર્ટ ઓફ ઇન્ક્વાયરીની જેમ સમાંતર તપાસ થવી જોઈએ. તેમણે રજૂઆત કરી હતી કે ગંભીર અકસ્માતો માટે ફક્ત એએઆઈબી દ્વારા તપાસ નહીં પણ કોર્ટ ઓફ ઇન્ક્વાયરીની જરૂર છે. ■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| चाट | ખાટલો |
| चाप | મસો |
| चामखीळ | ચકિત |
| चारपायी | ગતિ |
| चालना | ધનુષ્ય |

### જાણવા જેવું

પાંચ દિવસની ટેસ્ટ મેચ પછી વન - ડે ક્રિકેટનો પ્રારંભ ૧૯૬૩માં ઈંગ્લેન્ડમાં થયો જ્યારે ટી - ૨૦ ક્રિકેટની શરૂઆત પણ ઈંગ્લેન્ડમાં જ ૨૦૦૩ની સાલમાં થઈ હતી. વધુ દર્શકો મેચ જોવા આવે અને રમત વધુ ઝપાટાબંધ રમાય અને વધુ રસપ્રદ બને એ આશય સાથે ૧૩ જૂન, ૨૦૦૩ના દિવસે હેમ્પશાયર અને સસેક્સ વચ્ચે પ્રથમ ટી - ૨૦ કપ મેચનું આયોજન થયું હતું.

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધ ઓળખી કાઢો. પુરુષના એકમાત્ર ભત્રીજાના પિતાના સસરાની એકમાત્ર દીકરી પુરુષના સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભાભી બ) કાકી
ક) માસી ડ) સાળી

### નોંધી રાખો

રહસ્યનો તાગ મેળવવાની મનુષ્યની ઘેલછાની કોઈ સીમા નથી હોતી, પણ વર્ષોની જહેમત પછી ખૂલેલી મુઠ્ઠીમાંથી ચપટી ધૂળ મળતી હોય છે.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| | | ૭ | | | ૮ | | | | |
| ૯ | ૧૦ | | ૧૧ | ૧૨ | | | | ૧૩ | |
| | ૧૪ | ૧૫ | | | | | ૧૬ | | ૧૭ |
| ૧૮ | | ૧૯ | | | | ૨૦ | | ૨૧ | |
| ૨૨ | ૨૩ | | | | ૨૪ | | ૨૫ | | |
| ૨૬ | | | | | ૨૭ | | | ૨૮ | |
| | | | ૨૯ | | ૩૦ | | | ૩૧ | ૩૨ |
| ૩૩ | | ૩૪ | | | | ૩૫ | ૩૬ | | |
| ૩૭ | | | | | | ૩૮ | | | |

#### આડી ચાવી

૧. પડછાયો (૪)
૪. કેડી, પગથી (૪)
૭. ---નું ઓસડ દહાડા (૨)
૮. એક હલકી - તુચ્છ ધાતુ (૩)
૯. બારે બુદ્ધિ અને સોળે --- (૨)
૧૧. અસ્થિર (૨)
૧૪. મોટી લડાઈ, યુદ્ધ (૪)
૧૬. રક્ષણ (૩)
૧૯. જાળવણી, સંભાળ (૩)
૨૧. ધૂર્ત, લૂચ્ચું (૨)
૨૨. નાની ખીલી (૨)
૨૪. --- ની ગાયના દાંત ન જોવાય (૩)
૨૬. ઊતરતી કોટીનું, ઓછા વજનનું (૩)
૨૭. મુસલમાનો --- માસમાં રોજા રાખે (૪)
૩૦. શરીર (૨)
૩૧. પરવા, દરકાર (૨)
૩૪. આંખ, ચક્ષુ (૩)
૩૫. વલણ, પક્ષપાત (૨)
૩૭. મોટી લાલચ (૪)
૩૮. છ ખૂણાવાળી આકૃતિ (૪)

#### ઊભી ચાવી

૧. વખાણ (૩)
૨. ટીપું (૨)
૩. ગોટાળો, ઘાલમેલ (૬)
૪. વટેમાર્ગુ (૩)
૫. ફળની અંદરનો માવો (૨)
૬. શરીર, કાયા (૨)
૧૦. નવું (૨)
૧૨. આકાશ (૩)
૧૩. --- કાળે વિપરીત બુદ્ધિ (૩)
૧૫. ઝીણી ધૂળ (૨)
૧૭. ડગલું ભર્યું કે ના ---, ના --- (૩)
૧૮. રીત, પ્રકાર (૩)
૨૦. પરમાત્મા (૬)
૨૩. જગત, દુનિયા (૩)
૨૪. તૃપ્તિ, સંતોષ (૩)
૨૫. આનંદ, લહેર (૨)
૨૮. નમેલું (૨)
૨૯. વેણ, કથન (૩)
૩૨. ભિખારી (૩)
૩૩. બ્રાહ્મણ (૨)
૩૪. --- ને થોભ નહીં (૨)
૩૬. છ (૨)

#### ગયા વખતનો ઉકેલ

### ઓળખાણ પડી?

જાપાનના ઈતિહાસમાં સૌથી લાંબો સમય માટે રહેલા વડા પ્રધાનની ઓળખાણ પડી? એમની ગોળી મારી હત્યા કરવામાં આવી હતી.

અ) હામાગુચી ઓસાચી
બ) શિન્ઝો આબે
ક) તેતસૂયા યામાગામી
ડ) કાન્તારો સુઝુકી



### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

આપેલા વાક્યમાં ઘર બાંધકામની એક વસ્તુ છુપાઈ છે એ શોધી કાઢો.
લીધેલી વસ્તુ તકલાદી હોય તો ઝાઝી ટકે નહીં.

### માઈન્ડ ગેમ

સરિતા જોશીનું પ્રખ્યાત નાટક ‘સંતુ રંગીલી’ વિદેશી નાટક ‘પિગ્મેલિયન’નું રૂપાંતર હતું. ‘પિગ્મેલિયન’ નાટકના લેખકનું નામ શું હતું?

અ) હેન્રીક ઈબસન ૨) પીટર શેફર ૩) બર્નાર્ડ શો ૪) વિલિયમ શેક્સપિયર

### સુડોકુ-૯૨૦૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | | | | ૬ | | ૨ | |
| ૬ | ૯ | | ૨ | ૭ | | | | |
| ૫ | | | | | ૩ | | ૯ | ૭ |
| ૮ | | | | | | ૪ | | |
| | | | ૬ | ૧ | ૮ | | | |
| | | ૯ | | | | | | ૬ |
| ૭ | ૧ | | ૯ | | | | | ૩ |
| | | | | ૫ | ૧ | | ૪ | ૯ |
| | ૫ | | ૪ | | | | ૬ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૦૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૭ | ૪ | ૬ | ૫ | ૨ | ૮ | ૯ |
| ૪ | ૬ | ૨ | ૯ | ૮ | ૧ | ૩ | ૫ | ૭ |
| ૮ | ૫ | ૯ | ૭ | ૨ | ૩ | ૪ | ૧ | ૬ |
| ૬ | ૨ | ૮ | ૫ | ૩ | ૪ | ૭ | ૯ | ૧ |
| ૯ | ૭ | ૪ | ૮ | ૧ | ૨ | ૫ | ૬ | ૩ |
| ૫ | ૧ | ૩ | ૬ | ૯ | ૭ | ૮ | ૨ | ૪ |
| ૨ | ૪ | ૬ | ૩ | ૫ | ૯ | ૧ | ૭ | ૮ |
| ૭ | ૯ | ૧ | ૨ | ૪ | ૮ | ૬ | ૩ | ૫ |
| ૩ | ૮ | ૫ | ૧ | ૭ | ૬ | ૯ | ૪ | ૨ |

### ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| चोख | સ્પષ્ટ |
| चोखंदळ | બારીકાઈ |
| चोप | કાપવું |
| चिमूट | ચપટી |
| चिमणी | ચકલી |

ગુજબરાત મોરી મોરી રે: સસરા
ઓળખાણ પડી? ડેનમાર્ક
માઈન્ડ ગેમ : કાલિદાસ
ચતુર આપો જવાબ માથું ખંજવાળો : દડા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ભારતી બુચ (૨) સુભાષ મોમાય (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) નીતા દેસાઈ (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) હર્ષા મહેતા (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) લજિતા ખોના (૧૩) કિરીટ છેડા (૧૪) ચેતના છેડા (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ સંઘવી (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) ભાવના કર્વે (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૨) તાહેર ઔરંગાબાદવાલા (૨૩) શીરીન ઔરંગાબાદવાલા (૨૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૫) મુલરાજ કપૂર (૨૬) ભરત કજરિયા (૨૭) મનીષા શેઠ (૨૮) ફાલ્ગુની શેઠ (૨૯) મહેન્દ્ર લોઢાવિયા (૩૦) વિણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) જયવંત પદમશી ચિખલ (૩૩) અંજુ ટોલિયા (૩૪) કમલ માતલિયા (૩૫) ડાયના સંતોકે (૩૬) અરવિંદ કામદાર (૩૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) શિલ્પા શ્રોફ (૪૦) વિજય આસર (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) પ્રવીણ વોરા (૪૩) દીપિકા દોશી (૪૪) નિતીન જયંતિલાલ બજરિયા (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) મહેશ દોશી (૫૦) અલકા વાણી (૫૧) જ્યોત્સના ગાંધી (૫૨) રમેશભાઈ દલાલ ઈનાક્ષીબેન દલાલ (૫૪) હિનાબેન દલાલ

# અકસ્માત ને આઘાત





## અજિત પવારનું મુખ્ય પ્રધાન બનવાનું સપનું અધૂરું રહ્યું

મુંબઈઃ હંમેશાં મુખ્ય પ્રધાનની રેસમાં રહેનારા અજિત પવારને ફક્ત નાયબ મુખ્ય પ્રધાનપદેથી સંતોષ માનવો પડ્યો પણ મુખ્ય પ્રધાન તો બની શક્યા નહીં એ પણ સંયોગ હતો. પણ દાદા સીએમ બની શક્યા નહીં એમાંય કાકાના વેણ જવાબદાર હતા કે એ સમગ્ર મુદ્દાને જાણીએ. જુલાઈ, ૨૦૨૩માં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) અને શિવસેનાના ગઠબંધનવાળી સરકારમાં સામેલ થયા પહેલા પણ નવેમ્બર, ૨૦૧૯માં દેવેન્દ્ર ફડણવીસ સીએમ સાથે અજિત પવાર ડેપ્યુટી સીએમ બન્યા હતા. જોકે, એ સરકાર માંડ બે દિવસ ચાલી હતી. અજિત પવાર પ્રભાવશાળી રાજકારણી હતા.

અજિત પવાર એવા નેતા હતા, જેઓ ભાજપ, કોંગ્રેસ, શિવસેનાના કાર્યકાળમાં પણ નાબય મુખ્ય પ્રધાન બન્યા હતા. છેલ્લે છેલ્લે કાકા શરદ પવારથી અલગ થઈને ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિમાં જોડાઈને નાયબ મુખ્ય પ્રધાન બન્યા હતા. જોકે, અજિત પવારે કાકા શરદ પવાર સાથે રાજકીય સંબંધોમાં છેડો ફાડ્યા પછી પણ પારિવારિક સંબંધોમાં સુમેળ જાળવી રાખ્યો હતો. અજિત પવારને કાર્યકરો અને પોતાની પાર્ટીના નેતાઓ સાથે જોરદાર સંબંધો હતો, જેઓ પ્રેમથી અજિત પવારને દાદા (મોટાભાઈ) કહેતા. ■

### શરદ પવારનો દીકરો હોત તો સીએમ બન્યો હોત

એક ઈવેન્ટમાં અજિત પવારે તો એટલે સુધી કહ્યું હતું કે જો તેઓ શરદ પવારના દીકરા હોત તો સીએમ બન્યા હતા. તેમણે એમ પણ કહ્યું હતું કે જો પોતે શરદ પવારના દીકરા હોત તો શું મને તક મળી ના હોત. ચોક્કસ મળી હોત. હું શરદ પવારનો દીકરો નથી, તેથી મને તક મળી નહોતી. આ તો અન્યાય છે.

### બારામતીમાં સફર શરૂ થઈ અને પૂરી પણ થઈ

અજિત પવાર પુણે જિલ્લા સહકારી બેંકના પ્રમુખ બન્યા હતા અને ૧૬ વર્ષ સુધી એ પદે પણ રહ્યા હતા. આ વર્ષે પણ બારામતીથી લોકસભાની ચૂંટણી માટે ચૂંટાયા હતા, પરંતુ કાકા શરદ પવાર માટે છોડી હતી. એના પછી ૧૯૯૧માં બારામતી લોકસભાની સીટ પરથી પણ ચૂંટાયા હતા પછી કાકા શરદ પવાર માટે એ સીટ ખાલી કરી હતી.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટાયા હતા. અજિત પવારે બારામતીમાંથી ૧૯૯૫, ૧૯૯૯, ૨૦૦૯ અને ૨૦૧૪માં જીત્યા હતા. રાજકીય કારકિર્દીમાં તેમણે કૃષિ, બાગાયત, વીજ, જળસંસાધન, નાણા સહિત અન્ય મહત્ત્વપૂર્ણ મંત્રાલયો સંભાળ્યા હતા. મુંબઈમાં આગામી મહિના દરમિયાન વિધાનસભાના બજેટ (૨૦૨૬-૨૭)નું રાજ્યનું બજેટ રજૂ કરવાના હતા, પણ એ કામ અધૂરું રહેશે. ■

## ‘દાદા’ની ઓળખ કેવી રીતે થઈ?

દુર્ઘટના બાદ વિમાનના ટૂકડેટૂકડા થઈ ગયા હતા એવામાં મૃતદેહોને ઓળખવા અત્યંત મુશ્કેલ હતા. રિપોર્ટ્સમાં કરવામાં આવેલા દાવા મુજબ, અજિત પવારના હાથમાં રહેલી તેમની લાક્ષણિક ઘડિયાળ સુરક્ષિત હતી. જેના પરથી તેમની ઓળખ પક્કી કરવામાં આવી હતી. આ ઓળખ બાદ તેમના મૃતદેહને તાત્કાલિક સ્થાનિક હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

અકસ્માત સ્થળેથી થોડે દૂર વિમાનના ટુકડા અને સીટની સાથે સાથે કેટલાક અડધાં બળી ગયેલાં કાગળો અને એક ડાયરી મળી આવી છે. ચોંકાવનારી વાત તો એ છે કે દુર્ઘટનામાં આખું વિમાન બળીને ખાખ થઈ ગયું હોવા છતાં કેટલાક મહત્ત્વના દસ્તાવેજો એકદમ સુરક્ષિત રીતે બહાર ફેંકાઈ ગયા હતા. ■

## ‘લિયરજેટ ૪૫’ મોડેલનાં વિમાન અગાઉ પણ ક્રેશ થયાં છે!

મુંબઈઃ લીઅરજેટ ૪૫ ટ્વિન-એન્જિન લાઇટ બિઝનેસ જેટ છે, જેમાં સામાન્ય રીતે આઠ કે નવ મુસાફરો બેસી શકે છે. લીઅરજેટ ૪૫માં બે ટર્બોફેન એન્જિન લાગેલા હોય છે. લીઅરજેટ ૪૫ ઉત્પાદન કેનેડાની એક એરક્રાફ્ટ મેન્યુફેક્ચરર બોમ્બાર્ડિયર એરોસ્પેસે દ્વારા કરવામાં આવે છે.

બોમ્બાર્ડિયર એરોસ્પેસે ૧૯૯૦ ના દાયકાના અંતમાં લીઅરજેટ ૪૫ મોડલ લોન્ચ કર્યું હતું, જે ખુબજ સફળ રહ્યું. વર્ષ ૨૦૧૩માં તેના રેન્જ વેરિઅન્ટ રજૂ કરવામાં આવ્યા. તેની એવિઓનિક્સ અને પર્ફોર્મન્સ સિસ્ટમ્સ ટૂંકા અને મધ્યમ અંતરની ફ્લાઇટ્સ માટે ડિઝાઇન કરવામાં આવી છે.

સામાન્ય રીતે લિયરજેટ ૪૫ ને ખુબજ સલામત માનવામાં આવે છે, છતાં તે કેટલાક અકસ્માતોનું ભોગ બન્યું છે.

### ■ વોલોપ્સ આઇલેન્ડ, યુનાઇટેડ સ્ટેટ્સ, સપ્ટેમ્બર ૧૯૯૮

વોલોપ્સ ફ્લાઇટ ફેસિલિટી ખાતે ટેસ્ટીંગ દરમિયાન એક લિયરજેટ ૪૫ વિમાને નિયંત્રણ ગુમાવીને ગ્રાઉન્ડ વિહિકલ સાથે અથડાયું. વિમાન સંપૂર્ણ પાને નાશ પામ્યું હતું, પરંતુ કોઈ જાનહાનિ નોંધાઈ ન હતી.

### ■ મિલાન, ઇટલી, ૧ જૂન, ૨૦૨૩

લિયરજેટ ૪૫ મિલાનના લિનેટ એરપોર્ટ પરથી ટેકઓફ કર્યાના તુરંત બાદ પક્ષીના ટોળા સાથે અથડાયું હતું, જેના કારણે પાઈલોટે નિયંત્રણ ગુમાવ્યું અને એરપોર્ટ પર પરત ફરવાના પ્રયાસ દરમિયાન ક્રેશ થયું, જેમાં બંને પાઇલટના મોત થયા હતાં

### ■ મેક્સિકો સિટી, મેક્સિકો, ૪ નવેમ્બર, ૨૦૦૮

મેક્સિકો સરકારનું લિયરજેટ ૪૫ મેક્સિકો સિટીના ઇન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડિંગ કરતી વખતે ક્રેશ થયું, જેમાં સવાર તમામ નવ લોકો અને જમીન પર રહેલા સાત લોકોના મોત થયા હતાં. આ દુર્ઘટના બાદ બિઝનેસ જેટ માટે વેક-ટર્બ્યુલન્સ અલગ કરવાના ધોરણોની નવેસરથી ચકાસણી શરૂ થઈ.

### ■ ટેલુરાઇડ, યુનાઇટેડ સ્ટેટ્સ, જુલાઈ ૨૦૦૯

ઊંચાઈવાળા વિસ્તારમાં આવેલા ટેલુરાઇડ એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન લિયરજેટ 45XR ક્રેશ થયું હતું, સદભાગ્યે તમામ મુસાફરો બચી ગયા. પણ વિમાનને ખુબજ નુકસાન પહોંચ્યું હતું.

### ■ વેરાક્રુઝ, મેક્સિકો, ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૧

મેક્સીકોની વાયુસેનાનું એક લિયરજેટ ૪૫ એલ લેન્સેરો એરપોર્ટ પરથી ટેકઓફ કર્યા બાદ તુરંત જ ક્રેશ થયું હતું, આ ઘટનામાં છ લશ્કરી કર્મચારીઓના મોત થયા.

### ■ મુંબઈ, ભારત, ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૩

ભારે વરસાદ દરમિયાન મુંબઈ એરપોર્ટ પર લેન્ડિંગ કરતી વખતે એક લિયરજેટ ૪૫ રનવે પરથી સરકી ગયું હતું, તમામ મુસાફરો બચી ગયા હતાં. વિમાનને નોંધપાત્ર નુકસાન થયું હતું. ■

## અજિતદાદાની છેલ્લી કેબિનેટ બેઠકમાં લેવાયા મહત્ત્વના નિર્ણય

મુંબઈઃ ૨૭ જાન્યુઆરીના રોજ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મુંબઈમાં કેબિનેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ હાજરી આપી હતી. આ બેઠકમાં છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથકને મેટ્રો લાઇન ૮ દ્વારા નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક સાથે જોડવા માટે મંજૂરી આપવામાં આવી હતી. સાથે કુંભ મેળાને ધ્યાનમાં રાખીને ૬૬.૧૫ કિમી લાંબા નાસિક શહેર પરિક્રમા માર્ગ બાંધકામને મંજૂરી આપવામાં આવી. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ₹૩,૯૫૪ કરોડ છે. ■

## શિક્ષણ ક્યાંથી લીધું હતું?

અજિત પવારના બાળપણની વાત કરવામાં આવે તો બારામતીની મહારાષ્ટ્ર એજ્યુકેશન સોસાયટી હાઈસ્કૂલથી અજિત પવારે પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. ત્યારબાદ પિતાનું અવસાન થયું એટલે અજિતે અભ્યાસ છોડી દીધો હતો. અભ્યાસ છોડીને અજિત પવારે રાજનીતિ અને સમાજ સેવાનો રસ્તો પસંદ કર્યો હતો. અજિતને આ પ્રેરણા તેમના કાકા શરદ પવારથી મળી હતી. તેમના કારણે અજિત પવારે આ રસ્તો પસંદ કર્યો હતો. અજિત પવારે ૧૯૮૨થી જ રાજનીતિ શરૂ કરી દીધી હતી. ■

## છેલ્લી મુસાફરી પર જતાં પહેલાં ફાઈલો તપાસી, મીટિંગ કરી અને પછી...

મુંબઈઃ અજિત પવાર તેમની કાર્યશૈલી અને વહેલી સવારે કામ શરૂ કરવાની આદત માટે જાણીતા હતા. ૨૭ જાન્યુઆરી (મંગળવાર) ના રોજ તેમના છેલ્લા દિવસની દિનચર્યા વિશે વાત કરીએ તો તેઓ દરરોજની જેમ સવારે ૮.૩૦ કલાકે મંત્રાલય પહોંચી ગયા હતા અને તમામ પેન્ડિંગ ફાઈલોનો નિકાલ કર્યો હતો. આ સિવાય તેમણે નાણાં વિભાગ, મહેસૂલ સચિવ, જીએસટી કમિશનર અને એક્સાઈઝ કમિશનર સાથે દોઢ કલાક સુધી બેઠક કરી હતી. રાજ્યની આવક કેવી રીતે વધારવી તે અંગે તેમણે સચિવોને મહત્વની સૂચનાઓ આપી હતી.

સચિવો સાથેની બેઠક બાદ અજિત પવારે રાષ્ટ્રવાદીના પ્રધાનો સાથે ચર્ચા કરી કેબિનેટ બેઠકમાં સામેલ થયા હતા. બપોરે ૨.૩૦ કલાકે પ્રધાન ચંદ્રકાંત પાટીલ સાથે મુલાકાત કર્યા બાદ એજિત પવાર ‘દેવગિરી’ નિવાસસ્થાને જવા રવાના થયા હતા. ■

## રમજી સ્વભાવ માટે જાણીતા હતા દાદા

### સીએમ બનવાનો મોકો ક્યારેક તો આવશે...

૬૭ વર્ષના અજિત પવાર પોતાની લીડરશિપ ક્વોલિટીને લઈને ખૂબ જ આશાસ્પદ અને આત્મવિશ્વાસથી ભરપૂર હતા. ગયા વર્ષે જ્યારે મહારાષ્ટ્રમાં મહિલા સીએમ કેન્ડિડેટને લઈને વાતો થઈ રહી હતી ત્યારે તેમણે પોતાની ઈચ્છા રજૂ કરી હતી. મહારાષ્ટ્ર દિવસે એનસીપીએ ગૌરવશાળી મહારાષ્ટ્ર નામના એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ જ સમયે એક પત્રકારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રને એક મહિલા મુખ્ય પ્રધાન મળવા જોઈએ. વાત તો ખૂબ જ સામાન્ય હતી. પરંતુ અજિત પવારે આ મુદ્દે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે હવે મને પણ ઘણી વખત એવું લાગે છે કે મારે મુખ્ય પ્રધાન બનવું જોઈએ, પણ હજી સુધી આવો યોગ નથી આવ્યો.પણ ક્યારેકને ક્યારેય એ મોકો આવશે...

### હું શપથ લેવાનો છું...

૨૦૨૪માં મહારાષ્ટ્રમાં એનડીએને બંપર બહુમત મળ્યું હતું. પરંતુ સીએમ, ડેપ્યુટી સીએમના નામને લઈને રસાકસી ચાલી રહી હતી ત્યારે યોજાયેલી એક પ્રેસ કોન્ફરન્સમાં દેવેન્દ્ર ફડણવીસ, એકનાથ શિંદે અને અજિત પવાર હાજર હતા. એ સમયે પત્રકારે એકનાથ શિંદેને પૂછ્યું કે શું તમે શપથ લેશો? જેના જવાબમાં શિંદેએ જણાવ્યું કે સાંજ સુધી ખ્યાલ આવી જશે. શિંદેનો આ જવાબ સાંભળીને અજિત પવારે તરત જ જણાવ્યું કે આમનું સાંજ સુધી ખબર પડશે, હું તો શપથ લેવાનો છું... શિંદેએ પણ પવારની મજાક કરતાં જણાવ્યું કે દાદાને અનુભવ છે અને તેઓ સાંજે પણ લે છે અને સવારે પણ લે છે... અજિત દાદાનો આ જવાબ સાંભળીને ફડણવીસ, શિંદે અને હાજર પત્રકારો હસી પડ્યા હતા. દુર્ભાગ્યની વાત છે કે હવે આ તમામ ઘટનાઓ માત્ર યાદોમાં જ રહેશે. અજિત પવારનું હ્યુમર માત્ર બયાનો પૂરતું જ મર્યાદિત નથી, પણ તેમની ફટાફટ સ્ટાઈલ જીવનની અનિશ્ચિતતા પર લાગુ થાય છે. તેઓ હંમેશા કહેતાં કે સમય ના વેડફશો, કામ કરો... આજે તેમની વસમી વિદાય બાદ આ વાત વધારે ઊંડાણવાળી લાગી રહી છે. ■

રાજકારણ એ એક શતરંજ છે અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર આ ખેસના અઠંગ ખિલાડી. અજિત દાદાની સ્ટાઈલ ક્યારેક તિખી તો ક્યારેક એકદમ રમૂજી. રાજકારણની અઘરામાં અઘરી ક્ષણોને દાદા પોતાના રમૂજ સ્વભાવથી લાઈટ અને લાફટરથી ભરી દેતાં હતા. અજિત પવાર બોલવા કરતાં કરવામાં વિશ્વાસ રાખનારા નેતા હતા અને તેમનું હ્યુમર રાજકીય તાણને ચપટી વગાડતાંમાં ગાયબ કરી દેતું હતું.

એક વખત રેલી દરમિયાન અજિત પવારના એક સમર્થકે તેમને દૂરથી આઈ લવ યુ દાદા કહ્યું હતું. આ સાંભળીને અસહજ થવાને બદલે અજિત પવારે પોતાની હાજરજવાબીનો પરિચય આપતાં અનોખા અંદાજમાં જવાબ આપ્યો હતો કે પહેલાં ઘડિયાળનું બટન દબાવો (વોટ આપો)... ઘરે જઈને પત્નીને કહેતાં રહો લવ યુ લવ યુ....

પવાર મહારાષ્ટ્રના રાજકારણના એ ઘડિયાળ હતા જેના કાંટાઓ ક્યારેક રોકાવવાનું નામ નહોતા લેતા. બારામતી સાથે અજિત દાદાની કંઈ કેટલીય યાદો જોડાયેલી છે. ૨૦૨૪માં બારામતીમાં અજિત પવાર કાર્યકર્તાઓ સાથે મીટિંગ કરી રહ્યા હતા. એ સમયે એક કાર્યકર્તાએ નારો લગાવ્યો કે એક ચ વાદા, અજિતદાદા (એક જ વચન અજિત દાદા). અજિત પવાર પણ આ સાંભળીને ક્યાં પાછળ રહેવાના હતા તેમણે તરત જ મજાકમાં કહ્યું કે આ વચન લોકસભા સમયે ક્યાં ગયું હતું?

અજિત પવાર જે હોય તે કહેવામાં વિશ્વાસ રાખતા હતા. થોડાક સમય પહેલાં જ મહારાષ્ટ્રના માલેગાંવ ખાતે યોજાયેલી પ્રચાર સભામાં અજિત પવારનો અનોખો અંદાજ જોવા મળ્યો હતો. આ સમયે અજિત પવારે સભામાં કહ્યું હતું કે તમારી પાસે વોટ છે, મારી પાસે ફંડ છે... જો તમે કટ મારશો તો હું પણ કટ મારીશ... હવે તમે નક્કી કરો કે શું કરવાનું છે. ■

## વિમાન તૂટી પડ્યું ત્યારે સ્પષ્ટ દેખાતું નહોતુંઃ કેન્દ્રીય ઉડ્ડયન પ્રધાન

પુણેઃ કેન્દ્રીય ઉડ્ડયન ખાતાના પ્રધાન કે. રામમોહન નાયડુએ બુધવારે જણાવ્યું હતું કે પ્રાથમિક માહિતી અનુસાર મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને લઈ જતું વિમાન તૂટી પડ્યું ત્યારે બારામતી એરપોર્ટ પર વિઝિબિલિટી નબળી હતી, મતલબ કે સ્પષ્ટપણે બધું જોઈ નહોતું શકાતું.

નાયડુ અને નાગરિક ઉડ્ડયન રાજ્ય પ્રધાન મુરલીધર મોહોળ પવારના અંતિમસંસ્કાર વિધિમાં હાજર થવા દિલ્હીથી પુણે ગયા હતા.

વધુ જાણકારી આપતા નાયડુએ કહ્યું હતું કે ‘ડીજીસીએ (ડિરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિએશન) અને એએઆઈબી (એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો)ની ટીમ અકસ્માતની તપાસ કરવા માટે પહોંચી ગઈ છે. પ્રાથમિક માહિતી સૂચવે છે કે વિમાન રનવે પર ઉતરાણ કરવાની તૈયારીમાં હતું ત્યારે જોવામાં તકલીફ પડી રહી હતી. એટીસી બારામતીએ પાઇલટને પૂછ્યું કે રનવે દેખાય છે કે નહીં, ત્યારે પ્રતિક્રિયા નકારાત્મક હતી, જેના પગલે વિમાને ચકરાવો માર્યો હતો. બીજા ઉતરાણના પ્રયાસ દરમિયાન એટીસીએ ફરીથી પૂછ્યું કે રનવે દેખાય છે? જેના જવાબમાં પાઇલટે હા પાડી હતી. એટીસી દ્વારા વિમાન ઉતરાણની પરવાનગી મળ્યા બાદ વિમાન ક્રેશ થયું હતું. વધુ વિગતો મેળવવામાં આવી રહી છે અને સમગ્ર બાબતની પારદર્શકતાથી તપાસ કરવામાં આવશે. (પીટીઆઈ)■

## બ્લેક બોક્સથી અકસ્માતનું રહસ્ય ખૂલશે

વિમાનમાં બ્લેક બોક્સ હતું. લિયરજેટ ૪૫ વિમાન અત્યંત કડક સલામતી ધોરણો (FAR પાર્ટ ૨૫) અનુસાર બનાવવામાં આવ્યું છે. તેમાં ‘બ્લેક બોક્સ’ હોય છે જેમાં ફ્લાઇટ ડેટા રેકોર્ડર (FDR) અને કોકપિટ વોઇસ રેકોર્ડર (CVR) બંને હોય છે. DGCA ની ટીમ હવે બ્લેક બોક્સ શોધીને તેની તપાસ શરૂ કરશે. અહેવાલો અનુસાર નાના અને ખાનગી વિમાનોમાં બ્લેક બોક્સ ફરજિયાત નથી. પરંતુ જો ચાર્ટર્ડ પ્લેન ચોક્કસ વજન (સામાન્ય રીતે ૫,૭૦૦ કિલોથી વધુ અથવા ઉડ્ડયન નિયમો અનુસાર) કરતાં વધુ હોય અથવા તેનો વ્યાપારી રીતે ઉપયોગ થઈ રહ્યો હોય,તેથી તેમાં ફ્લાઇટ ડેટા રેકોર્ડર (FDR) અને કોકપિટ વોઇસ રેકોર્ડર (CVR) હોવું ફરજિયાત છે. બ્લેક બોક્સ એ વિમાનનો સૌથી મજબૂત ભાગ છે, જે અકસ્માત પછી પણ સુરક્ષિત રહે છે. તેના બે મુખ્ય ભાગો હોય છેઃ

CVR (કોકપીટ વોઇસ રેકોર્ડર): આ પાઇલટ્સ વચ્ચેની છેલ્લી વાતચીત રેકોર્ડ કરે છે. CVR પરથી જાણી શકાય છે કે કોકપીટમાં કયા એલાર્મ વાગ્યા હતા અથવા અકસ્માત પહેલા પાઇલટ્સે કયા કટોકટી સંદેશા મોકલ્યા હતા.

FDR (ફ્લાઇટ ડેટા રેકોર્ડર): તે વિમાનના ટેકનિકલ ડેટા જેમ કે ગતિ, ઊંચાઈ, એન્જિનની સ્થિતિ અને દિશા રેકોર્ડ કરે છે.

નામ પ્રમાણે બ્લેક બોક્સ કાળો નહીં પણ ચમકતો ઓરેન્જ કલરનો હોય છે, જેથી કાટમાળ અથવા ગાઢ જંગલો વચ્ચે સરળતાથી શોધી શકાય. તેમાં એક ’બીકન’ લાગેલું હોય છે જે પાણીની નીચે કે ભૂગર્ભમાં હોય ત્યારે પણ ૩૦ દિવસ સુધી સિગ્નલ મોકલે છે.

બ્લેક બોક્સમાંથી ડેટા કમ્પ્યુટર પર ડીકોડ કરવામાં આવશે. આનાથી સ્પષ્ટ થશે કે અકસ્માત કોઈ ટેકનિકલ ખામી, હવામાન કે માનવીય ભૂલને કારણે થયો છે. આ ૯૭૫૨ કિલો વજનનું વિમાન લેન્ડિંગ સ્ટ્રીપ સુધી કેમ ન પહોંચી શક્યું તેનો જવાબ હવે બ્લેક બોક્સ જ આપી શકે છે. ■

## મંત્રાલયથી લઈને સ્કૂલ-કૉલેજ બધુ બંધ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે બુધવારે ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ સમગ્ર રાજ્યમાં ‘રાજકીય શોક’ જાહેર કર્યો હતો, તેમ જ ત્રણ દિવસનો સરકારી શોક જાહેર કરવામાં આવ્યો હતો. રાજ્યપાલના આદેશ અનુસાર સામાન્ય વહીવટ વિભાગે આ અંગેનો સત્તાવાર સરકારી ઠરાવ જારી કર્યો હતો. રાજ્યની તમામ સરકારી અને અર્ધ-સરકારી ઓફિસો બુધવારે સંપૂર્ણપણે બંધ હતી. રાજ્યની તમામ સરકારી ઇમારતો પરનો રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત સરકાર દ્વારા તમામ મનોરંજન અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રદ કરવામાં આવ્યા હતા.

રાષ્ટ્રીય શોક્માં સરકાર દ્વારા કોઈ સમારંભ કે મનોરંજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવતું નથી. શોકના સમયે, કોઈપણ વિદેશી મહાનુભાવો માટે સત્તાવાર સ્વાગત અથવા ભોજન સમારંભ સામાન્ય રીતે ટાળવામાં આવે છે. સંબંધિત નેતાને ‘રાજ્ય સન્માન’ સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવે છે અને મહત્વપૂર્ણ સરકારી કચેરીઓમાં, નેતાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે. ■

## રાજ્યને જ નહીં, રાષ્ટ્રને ખોટ પડી છેઃ ગડકરી

નાગપુરઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી અને અન્ય કેટલાક નેતાઓએ બુધવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના અકાળ અવસાન પર શોક વ્યક્ત કરી તેમના અવસાનથી માત્ર રાજ્યને જ નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્રને મોટી ખોટ પડી હોવાનું જણાવ્યું હતું. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના નેતા સાથે ખૂબ જ ગાઢ અંગત સંબંધ હોવાનું જણાવી ગડકરીએ ઉમેર્યું હતું કે પવારના અકાળ અવસાનના સમાચાર અત્યંત આઘાતજનક, દુર્ભાગ્યપૂર્ણ અને હૃદયદ્રાવક છે. તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ. ઘણા વર્ષો રાજ્ય વિધાનસભામાં સાથે કામ કર્યું એ દરમિયાન અજિત દાદા સાથે મારા અત્યંત ગાઢ સંબંધ રહ્યા. તેમની વહીવટી કુશળતા, વિકાસલક્ષી દ્રષ્ટિકોણ અને લોકો સાથે જોડાઈ જવાની ક્ષમતાએ મહારાષ્ટ્રના રાજકારણમાં અજિત દાદાનું અચળ સ્થાન બનાવ્યું હતું. દુઃખની આ ઘડીમાં મારી સંવેદનાઓ સમગ્ર પવાર પરિવાર સાથે છે. ભગવાન દિવંગત આત્માને શાંતિ આપે, એમ ભાજપના વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાઉથ આફ્રિકાનો સાત નિષ્ફળ પ્રયાસ બાદ આઠમી ટી-૨૦માં વિજય

પાર્લ (સાઉથ આફ્રિકા): કૅપ્ટન એઇડન માર્કરમ (૮૬ અણનમ, ૪૭ બૉલ, ત્રણ સિક્સર, નવ ફોર) અને લેફ્ટ-આર્મ સ્પિનર જ્યોર્જ લિન્ડે (પચીસ રનમાં ત્રણ વિકેટ)ના પર્ફોર્મન્સની મદદથી સાઉથ આફ્રિકાએ અહીં મંગળવારે વેસ્ટ ઇન્ડિઝને ત્રણ ટી-૨૦ મુકાબલાવાળી પ્રથમ મૅચમાં આસાનીથી હરાવીને ૧-૦થી સરસાઈ મેળવી હતી. સાઉથ આફ્રિકા (વર્લ્ડ કપને બાદ કરતા) સાત ટી-૨૦માં ક્યારેય નહોતું જીતી શક્યું, પરંતુ આઠમા પ્રયાસમાં એને વિજયની સફળતા મળી છે.

સાઉથ આફ્રિકાએ ૧૩ બૉલ અને નવ વિકેટ બાકી રાખીને ૧૭૪ રનનો લક્ષ્યાંક ૧૭.૫ ઓવરમાં ૧/૧૭૬ના સ્કોર સાથે મેળવી લીધો હતો.

માર્કરમ અને બીજા ઓપનર લુઆન-ડ્રે પ્રીટોરિયસ (૪૪ રન) વચ્ચે ૮૩ રનની ભાગીદારી થઈ હતી. ત્યાર બાદ માર્કરમે રાયન રિકલ્ટન (૪૦ અણનમ) સાથે ૯૩ રનની અતૂટ ભાગીદારી કરીને સાઉથ આફ્રિકાને શાનદાર વિજય અપાવ્યો હતો.

રોસ્ટન ચેઝ, જેડન સીલ્ઝ અને જેસન હોલ્ડર સહિત કુલ છ બોલર માર્કરમને વિજય તરફ જતા રોકી નહોતા શક્યા. હવે ગુરુવારે (રાત્રે ૯.૩૦ વાગ્યાથી) બીજી ટી-૨૦ રમાશે. ■

## શિવમ દુબેનો જાદુ ચમત્કારમાં ન ફેરવાયો, ભારત હાર્યું



વિશાખાપટનમઃ અહીં ન્યૂ ઝીલૅન્ડ સામે ટી-૨૦ સિરીઝની ચોથી મૅચમાં ભારતનો ૫૦ રનથી પરાજય થયો હતો. ઑલરાઉન્ડર શિવમ દુબે (૬૫ રન, ૨૩ બૉલ, સાત સિક્સર, ત્રણ ફોર)ને બોલિંગ નહોતી અપાઈ, પરંતુ ૨૧૬ રનનો લક્ષ્યાંક મળ્યા બાદ બૅટિંગમાં તેણે કમાલ બતાવવા પૂરો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે કમનસીબે રનઆઉટ થઈ જતાં તે છગ્ગા-ચોગ્ગા સાથે તે જે જાદુઈ ખેલ બતાવી રહ્યો હતો એ ચમત્કારમાં ન ફેરવાયો અને છેવટે ભારતે પરાજય જોવો પડ્યો હતો. સિરીઝમાં ભારતની ૩-૧થી વિજયી સરસાઈ છે અને અંતિમ ટી-૨૦ શનિવારે (સાંજે ૭.૦૦) તિરુવનંતપુરમમાં રમાશે.

ભારતીય ટીમ ૨૧૬ રનના લક્ષ્યાંક સામે ૧૮.૪ ઓવરમાં ૧૬૫ રનના સ્કોર પર ઑલઆઉટ થતાં પ્રવાસી ટીમનો ૫૦ રનથી વિજય થયો હતો. ઇનિંગ્સના પ્રથમ બૉલ પર અભિષેક શર્મા (૦)ની અને નવમા રને કૅપ્ટન સૂર્યકુમાર યાદવ (આઠ રન)ની વિકેટ પડ્યા બાદ ભારતે પંચાવનમા રને સંજુ સૅમસન (૨૪ રન) અને ૬૩મા રને હાર્દિક પંડ્યા (બે રન)ની વિકેટ ગુમાવી દીધી હતી. રિન્કુ સિંહ (૩૯ રન, ૩૦ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)એ હિંમતથી બોલર્સનો સામનો કર્યો હતો. હર્ષિત રાણા નવ રન કરી શક્યો હતો, જ્યારે બિશ્નોઈ ૧૦ રને અણનમ રહ્યો હતો. સૅન્ટનરે ત્રણ, ડફી અને સોઢીએ બે-બે વિકેટ લીધી હતી.

એ પહેલાં, ન્યૂ ઝીલૅન્ડે બૅટિંગ મળ્યા બાદ સાત વિકેટે ૨૧૫ રન કર્યા હતા. ડેવૉન કૉન્વે (૪૪ રન, ૨૩ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર)એ ટિમ સિફર્ટ (૬૨ રન, ૩૬ બૉલ, ત્રણ સિક્સર, સાત ફોર) સાથે ૧૦૦ની ભાગીદારી બાદ વિકેટ ગુમાવી હતી. અર્શદીપ સિંહે ૩૩ રનમાં બે અને કુલદીપ યાદવે ૩૯ રનમાં બે વિકેટ લીધી હતી. જસપ્રીત બુમરાહ અને રવિ બિશ્નોઈ એક-એક વિકેટ અનુક્રમે ૩૮ અને ૪૯ રનના ખર્ચે લઈ શક્યા હતા. ઇશાન કિશન નજીવી ઈજાને લીધે નહોતો રમ્યો, તેના સ્થાને અર્શદીપને સમાવવામાં આવ્યો હતો. ■

## વર્લ્ડ કપનો તાજ જીતવા રોહિતના બે ફેવરિટ ખેલાડી, અર્શદીપ અને હાર્દિક





નવી દિલ્હીઃ રોહિત શર્મા હવે ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાંથી નિવૃત્ત થઈ ચૂક્યો છે, પણ છેલ્લે ૨૦૨૪માં ભારત તેના જ સુકાનમાં ટી-૨૦ વર્લ્ડ કપનો તાજ જીત્યું હતું અને આ વખતે તેણે પોતાના અનુભવ તેમ જ સાથી ખેલાડીઓની ક્ષમતા પરથી અંદાજ બાંધ્યો છે કે ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહ ભારતને ફરી આ ફૉર્મેટની વર્લ્ડ કપ ટ્રોફી અપાવી શકે એવા ઊજળા સંજોગો છે.

ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારત આ વખતે પણ ટી-૨૦ વિશ્વ કપની ટ્રોફી જીતવા માટે ફેવરિટ છે. એનું કારણ એ છે કે ભારત પાસે બહુ લાંબી બૅટિંગ લાઇન-અપ છે અને બોલિંગમાં પણ ટીમ પાસે બહુ સારા વિકલ્પો છે. એકંદરે ભારતીય ટીમ પાસે અનેક પ્રકારની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ છે.

રોહિતના મતે અર્શદીપ નવા બૉલથી તેમ જ ડેથ ઓવર્સમાં અસરદાર બોલિંગ કરી શકે છે. રોહિત એક જાણીતી ઍપને મુલાકાતમાં કહે છે, ‘ટીમમાં જસપ્રીત બુમરાહ અને અર્શદીપ, બન્ને ધરખમ બોલર છે એ બહુ સારી વાત છે કારણકે તેમના સહિયારા આક્રમણથી ભારતને થોકબંધ વિકેટો મળી શકે. અર્શદીપ નવા બૉલથી બહુ સારા સ્વિંગ કરી જાણે છે અને વહેલી વિકેટો અપાવી શકે છે. ઇનિંગ્સની સારી શરૂઆત અને સારો અંત, ટીમ માટે આ બહુ જરૂરી છે અને અર્શદીપનો એમાં ટીમને બહુ સારો સાથ મળી શકે. તે સ્વિંગમાં લેફ્ટ-હૅન્ડ બૅટ્સમેનોને કૅચઆઉટ કરાવી શકે છે અને રાઇટ-હૅન્ડ બૅટ્સમેનોના પૅડને સફળતાપૂર્વક લક્ષ્યાંક બનાવી શકે છે. દરેક બૉલ પર વિકેટ લેવાનો તેનો પ્રયાસ હોય છે એટલે જ પ્રથમ ઓવર તેને અપાતી હોય છે.’

રોહિતે અર્શદીપની સાથે હાર્દિક વિશે કહ્યું, ‘મને યાદ છે, ૨૦૨૪ના વર્લ્ડ કપની ફાઇનલમાં સાઉથ આફ્રિકાનો ક્વિન્ટન ડિકૉક સેટ થઈ ગયો હતો ત્યારે અર્શદીપે તેની વિકેટ અપાવી હતી. તેની ૧૯મી ઓવરમાં ફક્ત બે કે ત્રણ રન બન્યા હતા જેને લીધે સાઉથ આફ્રિકનો માનસિક દબાણમાં આવી ગયા હતા. હાર્દિકની ટીમમાં બહુ મહત્ત્વની ભૂમિકા હોય છે. તે સતતપણે સારી બૅટિંગ અને બોલિંગ કરી શકે છે. ટીમ અટવાઈ ગઈ હોય ત્યારે તેની બૅટિંગથી ઉકેલ આવી જતો હોય છે. ૧૫-૧૬ ઓવરમાં ટીમનો સ્કોર ૧૬૦ આસપાસ હોય અને જો હાર્દિક બૅટિંગમાં હોય તો તે સ્કોર ૨૧૦-૨૨૦ સુધી પહોંચાડી શકે છે. જો ૫૦ રનમાં ચાર વિકેટ પડી ગઈ હોય ત્યારે પણ હાર્દિક ટીમને સન્માનજનક સ્કોર અપાવી દેતો હોય છે. પાંચમા, છઠ્ઠા કે સાતમા ક્રમે સફળ બૅટિંગ કરવી ખૂબ કપરું કામ છે અને હાર્દિક એમાં ઉપયોગી થઈ જતો હોય છે. તે નવા બૉલથી તેમ જ મધ્યમાં અને છેવટના તબક્કામાં અસરદાર બોલિંગ કરી જાણે છે. હાર્દિકથી ટીમને બહુ સારું સંતુલન મળી જાય છે.’

રોહિતના મતે ‘એક જ મૅચમાં કુલદીપ યાદવ અને વરુણ ચક્રવર્તી, બન્નેને રમાડવા બહુ કપરો અને પડકારરૂપ નિર્ણય બની જાય છે. ટીમમાં જો બે સીમ બોલરને રાખવાનું નક્કી કરાયું હોય તો જ આ બન્ને સ્પિનરને સાથે રમાડી શકાય અને એ નિર્ણય પડકારરૂપ બની જાય છે. હું જો કૅપ્ટન હોઉં તો કુલદીપ અને વરુણ બન્નેને રમાડું, કારણકે ઘણા બૅટ્સમેનો આ વિકેટ-ટેકિંગ બોલર્સના સ્પિનને પારખવામાં ભૂલ કરી બેસતા હોય છે.’ ■

## ડ્રામેબાજ પાકિસ્તાનની હવે નવી ચાલ, આવું થશે તો નહીં રમાય ભારત-પાકિસ્તાન મૅચ



લાહોરઃ પાકિસ્તાનની ક્રિકેટ ટીમ આગામી ટી-૨૦ વર્લ્ડ કપનો કે ભારત સામેની ૧૫મી ફેબ્રુઆરીની મૅચનો બહિષ્કાર કરશે કે નહીં એ બાબતમાં તાજી અપડેટ બહાર આવી છે. પાકિસ્તાને ભારત સામેની મૅચ ન રમવા એક વિકલ્પ વિચારી રાખ્યો છે.

એક અહેવાલમાં જણાવાયું છે કે બાંગ્લાદેશના સપોર્ટમાં પાકિસ્તાન કદાચ આખા ટી-૨૦ વર્લ્ડ કપનો બહિષ્કાર કરશે અને બીજા અહેવાલમાં જણાવાયું છે કે પાકિસ્તાન જો વિશ્વ કપમાં રમશે તો કદાચ ભારત સામેની ૧૫મી ફેબ્રુઆરીની મૅચનો બૉયકૉટ કરશે. હવે એક નવો અહેવાલ એ મળ્યો છે કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ સમગ્ર વર્લ્ડ કપનો કે ભારત સામેના મુકાબલાનો બહિષ્કાર કરવાથી કેવા રાજનૈતિક, કાનૂની અને આર્થિક પરિણામો આવી શકે એનો અભ્યાસ કરી રહ્યું છે.

પીસીબીના અધ્યક્ષ મોહસિન નકવીએ વડા પ્રધાન શેહબાઝ શરીફને મળીને વર્લ્ડ કપ વિશે ચર્ચા કરી છે. કહેવાય છે કે પાકિસ્તાન શુક્રવાર, ૩૦મી જાન્યુઆરી અથવા સોમવાર, બીજી ફેબ્રુઆરી સુધીમાં અંતિમ ફેંસલો કરશે. નકવી હાલમાં રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારી સાથે યુએઇના પ્રવાસે ગયા છે.

એક સમાચાર સંસ્થાના અહેવાલ અનુસાર પાકિસ્તાન વર્લ્ડ કપના ગ્રૂપ-સ્ટેજમાં (નેધરલૅન્ડ્સ અને અમેરિકા સામેની) પહેલી બન્ને મૅચ જીતી લેશે તો ત્યાર પછીની ભારત સામેની ૧૫મી ફેબ્રુઆરીની મૅચનો પાકિસ્તાન બહિષ્કાર કરે એવી સંભાવના વધી જશે. ■

## પાકિસ્તાન માટે વર્લ્ડ કપમાં રમવા સિવાય હવે છૂટકો જ નથી

### બ્રૉડકાસ્ટિંગ કંપનીઓએ ૩૪૮ કરોડ રૂપિયાના વળતરના દાવાની ધમકી આપી

નવી દિલ્હીઃ સાતમી ફેબ્રુઆરીએ શરૂ થનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં ભાગ લેવા સંબંધમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના ચૅરમૅન મોહસિન નકવીએ વડા પ્રધાન શેહબાઝ શરીફની સરકાર જ અંતિમ નિર્ણય લેશે એ બહાને અઠવાડિયાથી નીતનવા વિકલ્પો અપનાવી રહ્યું છે અને ક્રિકેટ જગતને તેમ જ ખાસ કરીને ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ને ગુમરાહ કરવાની કોશિશ કરી રહ્યું છે, પરંતુ ખુદ પાકિસ્તાનના જ ટીવી બ્રૉડકાસ્ટર્સે પીસીબીને ધમકી આપી છે કે જો એ વર્લ્ડ કપમાંથી નીકળી જશે કે ભારત સામેની મૅચનો બહિષ્કાર કરશે તો તેઓ (બ્રૉડકાસ્ટર્સ) પીસીબી વિરુદ્ધ કરોડો રૂપિયાના વળતરનો દાવો માંડશે.


પાકિસ્તાનના મીડિયામાં એવા સમાચારો હતા કે પીસીબી બાંગ્લાદેશના સપોર્ટમાં વર્લ્ડ કપનો બહિષ્કાર કરવા વિચારે છે, પાકિસ્તાનના ખેલાડીઓ વિરોધ પ્રગટ કરવા હાથ પર કાળી પટ્ટી પહેરીને રમશે અને પ્રત્યેક વિજય બાંગ્લાદેશના ક્રિકેટપ્રેમીઓને સમર્પિત કરશે.

પાકિસ્તાન જો વિશ્વ કપનો બહિષ્કાર કરશે તો આઇસીસી એના પર એશિયા કપમાંથી કાઢી મૂકવા સહિતના પ્રતિબંધો લાગુ કરશે અને જો પાકિસ્તાન વિશ્વ કપમાં રમશે તો એણે બાંગ્લાદેશને બહિષ્કારમાં ટેકો આપવાનું જે વચન આપ્યું હતું એ તોડ્યું કહેવાશે. પાકિસ્તાન વર્લ્ડ કપનો કે ભારત સામેની ૧૫મી ફેબ્રુઆરીની મૅચનો બહિષ્કાર કરે એ પીસીબીના હિતમાં નથી.

એક તરફ પાકિસ્તાનની ટીવી પ્રસારણ કંપનીઓના વર્તુળમાંથી જાણવા મળ્યું છે કે જો પાકિસ્તાન વર્લ્ડ કપનો બહિષ્કાર કરશે તો પ્રસારણ કંપનીઓ દેવાદાર બની જશે. બીજી તરફ એવો પણ અહેવાલ છે કે બ્રૉડકાસ્ટિંગ કંપનીએ પીસીબી વિરુદ્ધ ૩૮ મિલિયન ડૉલર (અંદાજે ૩૪૮ કરોડ રૂપિયા)નો દાવો માંડવા વિચારે છે.

હવે બની શકે કે બ્રૉડકાસ્ટર્સની આવી ધમકીને પગલે તેમ જ આઇસીસીએ પ્રતિબંધો લાગુ કરવા આપેલી ચેતવણીને પગલે પીસીબી વર્લ્ડ કપમાં ભાગ લેશે જ અને એ રીતે એ કરોડોના વળતરના કેસનો સામનો કરવાને બદલે બાંગ્લાદેશને દગો આપવાનું વધુ પસંદ કરશે. આઇસીસીએ ગ્રૂપ-સીમાં બાંગ્લાદેશના સ્થાને સ્કૉટલૅન્ડને ગોઠવી દીધું છે. ■

## અનુભવી ખેલાડીઓ વિનાની ‘બી’ ગ્રેડની ઑસ્ટ્રેલિયન ટીમ પહોંચી પાકિસ્તાન



લાહોરઃ એક તરફ પાકિસ્તાન ફેબ્રુઆરી-માર્ચના મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપના સંભવિત બહિષ્કારને લગતા વિવાદમાં ફસાયું છે ત્યાં બીજી તરફ પાકિસ્તાનના ખેલાડીઓ ઘરઆંગણે ઑસ્ટ્રેલિયા સામે ત્રણ મૅચની ટી-૨૦ સિરીઝ રમવાની તૈયારીમાં વ્યસ્ત છે અને આ શ્રેણી માટેની ઑસ્ટ્રેલિયાની ‘બી’ ગ્રેડની ટીમ બુધવારે પાકિસ્તાન પહોંચી હતી.


મિચલ માર્શની કૅપ્ટન્સીમાં ઑસ્ટ્રેલિયાની જે ટીમ લાહોર પહોંચી એ ટીમમાં ઘણા અનુભવી ખેલાડીઓની ગેરહાજરી હતી. ફાસ્ટ બોલર્સ પૅટ કમિન્સ, જૉશ હૅઝલવૂડ તથા નૅથન એલિસ તેમ જ ઑલરાઉન્ડર ગ્લેન મૅક્સવેલ તેમ જ બૅટ્સમૅન ટિમ ડેવિડને પાકિસ્તાનના પ્રવાસમાંથી આરામ આપવામાં આવ્યો છે.

ઑસ્ટ્રેલિયાએ ૨૦૨૨ની સાલ પછી પહેલી વાર પોતાની ટીમને પાકિસ્તાનના પ્રવાસે મોકલી છે. ટ્રૅવિસ હેડ, કૅમેરન ગ્રીન અને જૉશ ઇંગ્લિસ આ ટીમના મુખ્ય ખેલાડીઓમાં ગણાય છે.

### ઑસ્ટ્રેલિયાની ટીમઃ

મિચલ માર્શ (કૅપ્ટન), જૉશ ઇંગ્લિશ (વિકેટકીપર), જૉશ ફિલિપ (વિકેટકીપર), ટ્રૅવિસ હેડ, કૅમેરન ગ્રીન, માર્કસ સ્ટોઇનિસ, શૉન અબૉટ, ઝેવિયર બાર્ટલેટ, માહલી બીયર્ડમૅન, કૂપર કૉનોલી, બેન ડ્વારશુઇસ, જૅક એડવર્ડ્સ, મૅથ્યૂ કુહનેમન, મિચ ઑવેન, મૅથ્યૂ રેન્શૉ, મૅટ શૉર્ટ અને ઍડમ ઝૅમ્પા. ■

## નસીબવંતા જૉકોવિચે ફેડરરના વિશ્વ વિક્રમો તોડ્યા, પહોંચી ગયો ઑસ્ટ્રેલિયન ઓપનની સેમિ ફાઇનલમાં



મેલબર્નઃ સર્બિયાનો ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન નોવાક જૉકોવિચ બુધવારે અહીં નસીબનો સાથ મળ્યા બાદ ઑસ્ટ્રેલિયન ઓપનની સેમિ ફાઇનલમાં પહોંચી ગયો હતો અને એ સાથે તેણે ભૂતપૂર્વ ટેનિસ ખેલાડી રોજર ફેડરરના અનેક વિશ્વ વિક્રમો તોડ્યા છે.

ખુદ જૉકોવિચે ક્વૉર્ટર ફાઇનલ પછી પોતાને નસીબવાન ગણાવ્યો હતો. કારણ એ છે કે ક્વૉર્ટરનો તેનો હરીફ ખેલાડી ઇટલીનો લૉરેન્ઝો મુસેટી ૬-૪, ૬-૩થી આગળ હતો અને જૉકોવિચ આ મૅચમાં પરાજિત થઈ શક્યો હોત અને એ સાથે પચીસમું ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતવાનું તેનું સપનું ત્યાં જ ચકનાચૂર થઈ ગયું હોત. જોકે ત્રીજા સેટમાં મુસેટી ૧-૩થી પાછળ હતો ત્યારે તેને પગની ઈજા નડી હતી અને સારવાર છતાં તે ફરી રમવાની સ્થિતિમાં નહોતો એટલે જૉકોવિચને વધુ સંઘર્ષ કર્યા વગર સેમિ ફાઇનલમાં એન્ટ્રી મળી ગઈ હતી.

નવાઈની વાત એ છે કે જૉકોવિચ એક પણ સેટ જીત્યા વગર સેમિ ફાઇનલમાં પહોંચી ગયો. પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં પણ તેને નસીબનો સાથ મળ્યો હતો, કારણકે યાકુબ મેન્સિક ઈજાને કારણે એ મૅચમાંથી નીકળી ગયો હતો. એ રીતે, જૉકોવિચ એ મૅચમાં એકેય સેટ જીત્યા વિના ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચ્યો હતો અને હવે એક પણ સેટ જીત્યા વગર સેમિ ફાઇનલમાં પહોંચી ગયો છે.

જૉકોવિચ ઑસ્ટ્રેલિયન ઓપનમાં ૧૦૩ મૅચ જીત્યો છે અને તેણે ૧૦૨ મૅચ જીતનાર સ્વિટ્ઝરલૅન્ડના રોજર ફેડરરનો વર્લ્ડ રેકૉર્ડ તોડ્યો છે. ફેડરર અને જૉકોવિચ માત્ર એવા બે ખેલાડી છે જેઓ ઑસ્ટ્રેલિયન ઓપનમાં ૧૦૦થી વધુ મૅચ જીત્યા છે. આ યાદીમાં રાફેલ નડાલ (૭૭ જીત) ત્રીજા નંબરે, સ્ટીફન એડબર્ગ (૫૬ જીત) ચોથા નંબરે અને ઍન્ડી મરે (૫૧) પાંચમા ક્રમે છે.

ત્રણ ગ્રૅન્ડ સ્લૅમ ટૂર્નામેન્ટમાં ૧૦૦ મૅચ જીતનાર જૉકોવિચ વિશ્વનો એકમાત્ર ટેનિસ ખેલાડી છે. તમામ ગ્રૅન્ડ સ્લૅમ ચૅમ્પિયનશિપ્સમાં કુલ ૪૦૦ વિજય મેળવનાર પણ જૉકોવિચ પહેલો ખેલાડી બન્યો છે. એ ઉપરાંત, જૉકોવિચ ૧૯ સીઝનમાં ઓછામાં ઓછી એક ગ્રૅન્ડ સ્લૅમ ટૂર્નામેન્ટની સેમિ ફાઇનલમાં પહોંચ્યો છે અને એ પણ તેનો વિશ્વ વિક્રમ છે. તેણે ફેડરરનો વર્લ્ડ રેકૉર્ડ તોડી નાખ્યો છે. ફેડરર ૧૮ સીઝનમાં ઓછામાં ઓછી એક ગ્રૅન્ડ સ્લૅમ સ્પર્ધાની સેમિ ફાઇનલમાં પહોંચ્યો હતો.

જૉકોવિચ ૨૧મી સદીમાં ઑસ્ટ્રેલિયન ઓપનની સેમિ ફાઇનલમાં પહોંચનારો વિશ્વનો સૌથી મોટી ઉંમરનો ખેલાડી બન્યો છે. બુધવારે તેની ઉંમર ૩૮ વર્ષ અને ૨૫૨ દિવસ હતી. ફેડરરે ૨૦૨૦માં આ સિદ્ધિ મેળવી હતી ત્યારે તેની ઉંમર ૩૮ વર્ષ અને ૧૬૪ દિવસ હતી.

જૉકોવિચની આ ૫૪મી ગ્રૅન્ડ સ્લૅમ સેમિ ફાઇનલ છે. તે બીજા નંબરના ફેડરર (૪૬ સેમિ ફાઇનલ)થી ઘણો આગળ છે. ■

## ભારતના પ્રવાસ માટે બાંગ્લાદેશ સરકારે હવે આ નિર્ણય ફટ દઈને લઈ લીધો...

નવી દિલ્હીઃ બાંગ્લાદેશ સરકાર પોતાની ધરતી પર હિન્દુ નાગરિકોની હત્યાનો સિલસિલો રોકી નથી શકતું ત્યાં એણે ક્રિકેટમાં થયેલા કડવા અનુભવ બાદ હવે નિશાનબાજીની રમતમાં ખૂબ સાવચેત થઈને પગલું ભર્યું છે જેમાં એણે પોતાના શૂટર્સને એશિયન રાઇફલ ઍન્ડ પિસ્તોલ ચૅમ્પિયનશિપ્સ માટે આવતા મહિને ભારતના પ્રવાસે મોકલવાનો નિર્ણય તરત લઈ લીધો છે.

આવતા મહિને (સાતમી તારીખથી) ટી-૨૦નો વર્લ્ડ કપ ભારત અને શ્રીલંકામાં રમાવાનો છે અને એ માટે બાંગ્લાદેશની ક્રિકેટ ટીમે લીગ રાઉન્ડની મૅચો માટે કોલકાતા અને મુંબઈ આવવાનું હતું. જોકે નિશાનબાજીની ચૅમ્પિયનશિપ ૨-૧૪ ફેબ્રુઆરી દરમ્યાન માત્ર દિલ્હીમાં રમાવાની છે. આ સ્પર્ધાના મુકાબલા ડૉ. કરણી સિંહ શૂટિંગ રેન્જમાં યોજાશે.

કુલ મળીને ૧૭ દેશના ૩૦૦ જેટલા સ્પર્ધકો શૂટિંગ ચૅમ્પિયનશિપ માટે ભારત આવી રહ્યા છે. બાંગ્લાદેશના માત્ર બે રાઇફલ શૂટર ચૅમ્પિયનશિપમાં ભાગ લેશે. તેઓ કુલ ત્રણ ઇવેન્ટમાં ભાગ લેવાના છે. બાંગ્લાદેશ સરકારનું માનવું છે કે એના બે નિશાનબાજોને દિલ્હીમાં સલામતીને લગતી કોઈ જ સમસ્યા નહીં નડે. અગાઉ એવી ચર્ચા હતી કે બાંગ્લાદેશ પોતાના ક્રિકેટરોને ભારત નથી મોકલી રહ્યું એટલે હવે શૂટિંગની સ્પર્ધા માટે પણ નહીં મોકલે. ■

## ફિફા ૨૦૩૦ વર્લ્ડ કપની ફાઈનલ સ્પેનમાં રમાશે

મેડ્રિડ : વિશ્વ ફૂટબોલ સર્વોચ્ચ સંસ્થા ફિફાએ હજુ સુધી જાહેર કર્યું નથી કે ૨૦૩૦માં યોજાનારા વર્લ્ડ કપની નોકઆઉટ મેચ ક્યાં રમાશે પરંતુ સ્પેનિશ ફૂટબોલ ફેડરેશનના પ્રમુખે દાવો કર્યો હતો કે સ્પેન ફિફા વર્લ્ડ કપની ફાઇનલનું આયોજન કરશે. નોંધનીય છે કે સ્પેન, પોર્ટુગલ અને મોરક્કો વર્લ્ડ કપના સંયુક્ત યજમાન છે, જ્યારે ઉરુગ્વે, આર્જેન્ટિના અને પેરુગ્વે પણ એક-એક મેચનું આયોજન કરશે.

સ્પેનિશ ફૂટબોલ ફેડરેશનના પ્રમુખ રાફેલ લુજાને પત્રકારોને જણાવ્યું હતું કે ફાઇનલ સ્પેનમાં રમાશે પરંતુ તેમણે એ સ્પષ્ટ કર્યું નહોતું કે ફાઈનલ ક્યા શહેર અને સ્થળ પર રમાશે. તેમણે કહ્યું હતું કે, ‘‘સ્પેન વર્લ્ડ કપમાં ટોચનો ક્રમાંક ધરાવતો દેશ હશે અને ફાઇનલ અહીં રમાશે.’’ મોરક્કો પણ ફાઇનલનું આયોજન કરવા માગે છે. ■

## વર્લ્ડ કપમાંથી પાકિસ્તાન હટી જશે તો બાંગ્લાદેશને આઇસીસી કદાચ પાછું બોલાવશે!

નવી દિલ્હીઃ સાતમી ફેબ્રુઆરીએ ભારત અને શ્રીલંકામાં શરૂ થનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાંથી બાંગ્લાદેશને આઈસીસીએ બહાર કરીને સ્કોટલેન્ડને એના સ્થાને ગોઠવી દીધું ત્યાર બાદ બદમાશ પાકિસ્તાન ડબલ ગેમ રમી રહ્યું છે જેનું એણે બહુ ખરાબ પરિણામ ભોગવવું પડશે એવું કેટલાક અહેવાલો કરતી જાણવા મળે છે. એવું પણ મનાય છે કે જો પાકિસ્તાન આ ટૂર્નામેન્ટમાંથી હટી જશે તો આઈસીસી બાંગ્લાદેશને કદાચ પાછું બોલાવશે.

### પાકિસ્તાનને ભારત સામેની મેચ નથી રમવી?

બાંગ્લાદેશ પોતાના ખેલાડીઓને ભારતના પ્રવાસે મોકલવા નહોતું માગતું એટલે આઈસીસીએ એને વર્લ્ડ કપમાંથી કાઢી મૂક્યું. બાંગ્લાદેશની વર્લ્ડ કપમાંથી બાદબાકી થઈ જશે તો પોતે પણ એમાંથી નીકળી જશે એવી અગાઉ જોરશોરથી જાહેરાત કરનાર નફ્ફટ પાકિસ્તાને હજી સુધી એવો કોઈ નિર્ણય લીધો. કહેવાય છે કે પાકિસ્તાન જો વર્લ્ડ કપમાં રમવા તૈયાર થઈ જશે તો પણ ૧૫મી ફેબ્રુઆરીની કોલંબો ખાતેની ભારત સામેની મેચનો બહિષ્કાર કરવા પાકિસ્તાન વિચારી રહ્યું છે.

### બીજી ફેબ્રુઆરી સુધીમાં પાકિસ્તાનનો ફેંસલો

પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે કહેવડાવ્યું છે કે વડા પ્રધાન શેહબાઝ શરીફની સલાહ બાદ ક્રિકેટ બોર્ડ સોમવાર, બીજી ફેબ્રુઆરી સુધીમાં આખરી નિર્ણય જણાવશે કે વર્લ્ડ કપમાં પાકિસ્તાન રમશે કે નહીં.

### આઈસીસીની પાકિસ્તાનને પ્રતિબંધોની ચેતવણી

આઈસીસીએ બે દિવસ પહેલાં જ જાહેર કર્યું હતું કે જો બાંગ્લાદેશના સપોર્ટમાં પાકિસ્તાન વર્લ્ડ કપમાંથી નીકળી જશે તો પાકિસ્તાન પર આકરા પ્રતિબંધો લાગુ કરવામાં આવશે જેમ કે એશિયા કપમાંથી પાકિસ્તાનની બાદબાકી થઈ શકે, પાકિસ્તાનની વિપક્ષી સિરીઝો પણ અટકી શકે અને પાકિસ્તાન સુપર લીગમાં રમવા આવતા વિદેશી ખેલાડીઓને પોતપોતાના દેશના ક્રિકેટ બોર્ડના નો ઑબ્જેકશન સર્ટિફિકેટ (એનઓસી) ન પણ મળી શકે.

### આઈસીસી કેવી રીતે બાંગ્લાદેશને ફરી બોલાવશે?

પાકિસ્તાન વર્લ્ડ કપનો બાંગ્લા દેશને કારણે બહિષ્કાર કરે એ ખુદ પાકિસ્તાનના હિતમાં નથી, કારણ કે એની પોતાની બધી મેચો શ્રીલંકામાં જ રમાવાની છે.

એક જાણીતી ક્રિકેટ વેબસાઈટના અહેવાલ અનુસાર પાકિસ્તાન જો વર્લ્ડ કપમાં નહીં રમવાનો નિર્ણય લેશે તો આઈસીસી બાંગ્લાદેશને પાછું બોલાવશે.

એનું કારણ એ છે કે પાકિસ્તાન આઉટ થઈ જતાં શ્રીલંકામાં રમાનારી પાકિસ્તાનની બધી મેચોના સ્લોટ ખાલી પડી જશે એટલે આઇસીસી એ સ્થાનો પર બાંગ્લાદેશને ગોઠવી દેશે.

### પાકિસ્તાન બંને રીતે બદનામ થઈ શકે

એવું થશે તો (આઇસીસી જો બાંગ્લાદેશને પાછું બોલાવશે તો) પાકિસ્તાન મૂરખ બની જશે અને બાંગ્લાદેશ ફાવી જશે. જો પાકિસ્તાન વર્લ્ડ કપમાં રમશે તો અગાઉ બાંગ્લાદેશને એણે આપેલા પોતાના બહિષ્કારના સપોર્ટનું સુરસુરિયું થઈ જશે. બીજી રીતે કહીએ તો પાકિસ્તાને બાંગ્લાદેશને દગો આપ્યો કહેવાશે. ■

# ભારત-ઈયુ એફટીએના આશાવાદ વચ્ચે સેન્સેક્સ સતત બીજા દિવસે ઊછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારત-ઇયુ વચ્ચેના સીમાચિહ્નરૂપ મુક્ત વેપાર કરારને કારણે સર્જાયેલા આશાવાદને કારણે, ઇક્વિટી બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી બુધવારે સતત બીજા દિવસે ઊંચા સ્તરે બંધ થયા હતા. સેન્સેક્સ ૪૮૭.૨૦ પોઈન્ટ અથવા ૦.૬૦ ટકા ઉછળીને ૮૨,૩૪૪.૬૮ પર સ્થિર થયો. દિવસ દરમિયાન, તે ૬૪૬.૪૯ પોઈન્ટ અથવા ૦.૭૮ ટકા વધીને ૮૨,૫૦૩.૯૭ને સ્પર્શ્યો હતો. એ જ સાથે નિફ્ટી ૧૬૭.૩૫ પોઈન્ટ અથવા ૦.૬૬ ટકા વધીને ૨૫,૩૪૨.૭૫ પર બંધ થયો હતો.

ભારત ઇલેક્ટ્રોનિક્સમાં ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામ બાદ લગભગ નવ ટકા જેટલો ઉછાળો હતો. સેન્સેક્સના અન્ય સૌથી વધુ વધનારા શેરોમાં ઇટર્નલ, બજાજ ફાઇનાન્સ, પાવર ગ્રીડ, ટ્રેન્ટ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને અલ્ટ્રા ટેક સિમેન્ટનો સમાવેશ હતો. જ્યારે નબળા પરિણામ જાહેર કરનાર એશિયન પેઇન્ટ્સના શેરમાં ચાર ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. અન્ય ટોપ લુઝર્સ શેરોમાં મારુતિ, સન ફાર્મા, ઇન્ફોસિસ અને ભારતી એરટેલનો સમાવેશ હતો.

કોર્પોરેટ પરિણામ મિશ્ર રહ્યા છે. અરવિંદ ફેશનનો નફો ૨૨.૪૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૬.૧૧ કરોડ, જ્યારે ટીવીએસ મોટરનો નફો ૪૬.૨૬ ટકા વધીને રૂ. ૮૯૧.૨૬ કરોડ નોંધાયો હતો. એસીસીનો ડિસેમ્બર ક્વાર્ટરનો કોન્સોલિડેટેડ નફો ૬૩ ટકા ઘટીને રૂ. ૪૦૪.૨૫ કરોડ, જ્યારે મારુતિ સુઝુકીનો નફો ચાર ટકા વધીને રૂ. ૩૮૭૯ કરોડ નોંધાયો હતો. મિરાઇ એસેટ ઇન્વેસ્ટમેન્ટ મેનેજર્સે મિરાઇ એસેટનિફ્ટી ૫૦૦ હેલ્થકેર ઇટીએફ અને મિરાઇ એસેટ નિફ્ટી ઇન્ડિયા ઇન્ફ્રાસ્ટ્રકચર એન્ડ લોજિસ્ટિક ઇટીએફ લોન્ચ કર્યું છે, બંને ઓપન એન્ડેડ સ્કીમ છે.

મેટલ્સ, ફાઇનાન્શિયલ્સ અને ઓઇલ એન્ડ ગેસમાં મજબૂતાઈને કારણે વ્યાપક શેરઆંકોએ સારો દેખાવ કર્યો, જ્યારે રોકાણકારો ચક્રીય ક્ષેત્રો તરફ વળ્યા હોવા છતાં એફએમસીજી શેરોમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું. રોકાણકારો યુએસ ફેડરલના નીતિગત નિર્ણયની રાહ જોઈ રહ્યા હોવાથી વૈશ્વિક બજારોમાં મિશ્ર વેપાર થયો. વ્યાપક અપેક્ષા દરો યથાવત રહેવાની છે, જોકે આ વર્ષના અંતમાં સંભવિત દર ઘટાડા અંગે ફેડ અધ્યક્ષના માર્ગદર્શન પર રોકાણકારોનું ધ્યાન કેન્દ્રિત રહેશે. તે જ સમયે, વધતા યુએસ-ઈરાન તણાવ અને વૈશ્વિક ટેરિફ પર અનિશ્ચિતતાને કારણે સાવચેત સેન્ટિમેન્ટ રહેવાની ધારણા છે. ભારત અને યુરોપે મંગળવારે મધર ઓફ ઓલ ડીલ તરીકે ઓળખાવવામાં આવેલા




મહત્ત્વાકાંક્ષી મુક્ત વેપાર કરાર પર મહોર મારવાની જાહેરાત કરી છે. વોશિંગ્ટનની વિવાદાસ્પદ ટેરિફ નીતિને કારણે વૈશ્વિક વાતાવરણ અને વેપારમાં જે વિક્ષેપો સર્જાયા છે તેની પૃષ્ઠભૂમિમાં આ કરાર કરવામાં આવ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૭ દેશોના બ્લોકના ટોચના નેતાઓ, ઉર્સુલા વોન ડેર લેયન અને એન્ટોનિયો કોસ્ટા સાથે શિખર મંત્રણા કર્યા બાદ જણાવ્યું હતું કે, આજે, ભારતે યુરોપિયન યુનિયન સાથે તેના ઇતિહાસમાં સૌથી મોટો મુક્ત વેપાર કરાર (એફટીએ) પૂર્ણ કર્યો છે. આ કરાર ભારતીય અર્થતંત્રને પાંચ ટ્રિલિયન ડોલર તરફ લઇ જનારું એક મહત્ત્વનું પગલું બનશે.

એશિયન પેઇન્ટ્સનો નફો ૪.૮૩ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૦૭૩.૯૨ કરોડ અને ટીસીપીએલનો નફો ૩૬.૪૦ ટકા વધીને રૂ. ૩૮૪.૫૨ કરોડ નોંધાયો છે. બીપીસીએલએ ત્રીજા ક્વાર્ટરમાં ૬૨ ટકાના વધારા સાથે રૂ. ૭૫૪૫.૨૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. બેન્ક ઓફ ઇન્ડિયાના ત્રિમાસિક નફામાં સાત ટકાના વધારો, જ્યારે સિપ્લાના નફામાં ૫૭ ટકા અને અદાણી ગ્રીન એનર્જીના નફામાં ૯૯ ટકાનો કડાકો નોંધાયો હતો.

ઝી એન્ટરટેન્મેન્ટ એન્ટરપ્રાઇસના નફામાં પાંચ ટકાનો ઘટાડો થયો છે. વારી એનર્જીએ બમણીથી વધુ વૃદ્ધિ, જ્યારે યુનાઇટેડ સ્પિરિટના નફામાં ૨૪.૭૭ ટકાનો વધારો અને શોપર્સ સ્ટોપના નફામાં ૬૯ ટકાનો જોરદાર કડાકો થયો હતો. આ અગાઉ રિઝલ્ટની મોસમની શરૂઆતમાં ઇન્ડેક્સ હેવીવેઇટ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટીસીએસ, વિપ્રો, એલટીઆઇ માઇન્ડટ્રીએ રોકાણકારોને નિરાશ કર્યા હતા જોકે, આઇટીસીનો નફો ૯.૬૦ ટકા, એસઆરએફએ નફો ૫૯.૬૦ ટકા, આઇઆરએફસીનો નફો ૧૦.૫૧ ટકા અને પીએનબીનો નફો ૧૩ ટકા વધ્યો હતો.

એક્સચેન્જના ડેટા અનુસાર મંગળવારે પાછલા સત્રમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) રૂ. ૩૦૬૮.૪૯ કરોડની વેચવાલી નોંધાવી હતી, જેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૮,૯૯૯.૭૧ કરોડની લેવાલી નોંધાવી હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડના ભાવ ૦.૬૨ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૬૭.૨૫ ડોલર બોલાયા હતા. એશિયાઇ બજારોમાં સાઉથ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, સિંગાપોરનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ સુધારા સાથે બંધ થયો હતો. જ્યારે યુરોપના બજારો નીચી મથાળે ટ્રેડ થઇ રહ્યા હતા. અમેરિકાના બજારો મંગળવારે પોઝિટિવ ઝોનમાં બંધ થયા હતા.

## ડૉલર સામે રૂપિયો ૨૪ પૈસા નરમ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં પણ એક તબક્કે ડૉલર સામે રૂપિયામાં જોવા મળેલો ૧૮ પૈસાનો સુધારો ધોવાઈ ગયો હતો અને સત્રના અંતે રૂપિયો ગઈકાલના બંધ સામે ૨૪ પૈસાના ઘટાડા સાથે ૯૧.૯૨ની સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલી નરમાઈ ઉપરાંત ભારત-ઈયુ વચ્ચેની ટ્રેડ ડીલને અંતિમ ઓપના અહેવાલો સાથે રૂપિયામાં સુધારા તરફી વલણ જોવા મળ્યું હતું, પરંતુ ડૉલરમાં ઘટ્યા મથાળેથી આવેલો સુધારો, વિદેશી ફંડોની ઈક્વિટીમાં વેચવાલીના નિર્દેશો અને વૈશ્વિક ભૂરાજકીય તણાવને કારણે રૂપિયો પુનઃ દબાણ હેઠળ આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૧.૬૮ના બંધ સામે સુધારા સાથે ૯૧.૬૦ની સપાટીએ ખૂલ્યા બાદ ઉપરમાં ૯૧.૫૦ અને નીચામાં ૯૧.૮૩ સુધી ગબડ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૪ પૈસાના ઘટાડા સાથે ૯૧.૯૨ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસાના બાઉન્સબૅક સાથે ઐતિહાસિક નીચી સપાટીએથી પાછો ફર્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૭ ટકા ઘટીને ૯૬.૧૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૩ ટકા વધીને બેરલદીઠ ૬૭.૨૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૪૮૭.૨૦ પૉઈન્ટ અને ૧૬૭.૩૫ પૉઈન્ટ વધીને બંધ રહ્યો હતો અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૦૬૮.૪૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

### વૈશ્વિક સોનું ૫૩૦૦ ડૉલરની વિક્રમ સપાટીએથી પાછું ફર્યું

## સ્થાનિક ચાંદીમાં ₹ ૧૩,૭૦૩ની અને સોનામાં ₹ ૫૭૩૪ની તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને અમેરિકી ફેડરલ રિઝર્વની સ્વાયત્તતાની ચિંતા વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં રોકાણકારોની સલામતી માટેની આક્રમક લેવાલી રહેતાં એક તબક્કે ભાવ ઔંસદીઠ ૫૩૧૧.૩૧ ડૉલરની નવી ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ સાધારણ પીછેહઠ જોવા મળી હતી. તેમ જ ચાંદીમાં પણ વધ્યા મથાળેથી ઘટાડો આવ્યો હતો. તેમ છતાં આજે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૩,૭૦૩ની અને સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૭૧૧થી ૫૭૩૪ની તેજી આગળ ધપી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં રોકાણકારો અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગને ટેકે હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૩,૭૦૩ વધીને રૂ. ૩,૫૮,૨૬૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૫૭૧૧ વધીને રૂ. ૧,૬૩,૯૭૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૭૩૪ વધીને રૂ. ૧,૬૪,૬૩૫ના મથાળે રહ્યા




હતા. જોકે, સોનામાં રોકાણકારો, સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૫૩૧૧.૩૧ ડૉલર સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ૧.૩ ટકા વધીને ૫૨૫૫.૯૫ ડૉલર અને ફેબ્રુઆરી ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૩.૩ ટકા વધીને ૫૨૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૧૧૧.૭૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે સોનામાં વૈશ્વિક સોનામાં માત્ર બજારની ચિંતાને કારણે નહીં, પરંતુ વૈશ્વિક રાજકોષીય વ્યવસ્થામાં વિશ્વાસ ડગમગ્યો હોવાથી તમામ બજારોમાં સાવચેતીનું વલણ રહેતાં સોનામાં સલામતી માટેની માગ પ્રબળ રહેતી હોવાનું એક્સએસ ડૉટ કૉમનાં વિશ્લેષક લિન્હ ટ્રાને જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે હાલમાં ડૉલર ઈન્ડેક્સ ચાર વર્ષની નીચી સપાટી આસપાસ સ્થિર થવા મથી રહ્યો છે અને ડૉલર નબળો પડતાં સોનાની તેજીને ટેકો મળી રહ્યો છે. તાજેતરમાં ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ ટૂંક સમયમાં ફેડરલના નવા અધ્યક્ષની પસંદગી કરશે અને તે હોદ્દો ગ્રહણ કરતાં વ્યાજદરમાં ઘટાડો થશે. આથી નવા અધ્યક્ષ જૅરોમ પૉવેલની તુલનામાં વધુ હળવી નાણાનીતિ અખત્યાર કરે તેવા હોવાની શક્યતા પ્રબળ બની હોવાથી પણ સોનામાં તેજી આગળ ધપી હોવાનું વિસ્ડમ ટ્રી કૉમૉડિટીઝનાં સ્ટ્રેટેજિસસ્ટ નિતેશ શાહે જણાવ્યું હતું.

આજે રોકાણકારોની નજર મોડી સાંજે સમાપન થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ છે. જોકે, વ્યાજદર યથાવત્ રાખવામાં આવે એવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. તેમ છતાં બેઠકના અંતે ફેડરલના અધ્યક્ષ ભવિષ્યની નાણાનીતિ અંગે કોઈ અણસાર આપે છે કે નહીં તેના પર મંડાયેલી છે.

આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૨૦ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે અને આ વર્ષ દરમિયાન રોકાણલક્ષી માગને ટેકે સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૬૦૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા ડૉઈશ બૅન્કે એક નોટ્સમાં વ્યક્ત કરી છે.

## ટીન સિવાયની ધાતુઓમાં જળવાતી આગેકૂચ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારોના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે એકમાત્ર ટીનમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોન નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૩૪નો ઘટાડો આવ્યો હતો. આ સિવાયની તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૧ સુધીની આગેકૂચ જળવાઈ રહી હતી.

લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે મુખ્યત્વે કોપર અને એલ્યુમિનિયમમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ટીન સિવાયની તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં તેજી આગળ ધપી હતી.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ઝિન્ક સ્લેબ, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની લેવાલી પ્રબળ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૩૩૬, રૂ. ૧૦ વધીને રૂ. ૧૭૨૦ અને રૂ. છ વધીને રૂ. ૧૨૮૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૩૦ અને રૂ. ૩૨૮, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૧૦૪, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૨૦૮, કોપર સ્ક્રેપ હેવી, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૧૧૯૮, રૂ. ૭૩૦, રૂ. ૨૩૭ અને રૂ. ૧૯૫ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૧૧૮૪ના મથાળે રહ્યા હતા.

જોકે અગાઉના ત્રણ સત્રમાં ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૫૨૫નો ચમકારો આવ્યો હોવાથી આજે વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહ્યું હતું. તેમ જ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ પણ મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૩૪ના ઘટાડા સાથે રૂ. ૫૨૩૩ના મથાળે રહ્યા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

## ભારત-ઈયુ મુક્ત વેપાર કરાર, ભારત માટે ક્રેડિટ પૉઝિટીવઃ મૂડીઝ

### ઉત્પાદન પ્રોત્સાહિત થશે અને રોકાણ આકર્ષિત થશે

નવી દિલ્હીઃ ભારતના યુરોપિયન યુનિયન(ઈયુ) સાથેના મુક્ત વેપાર કરાર ભારત માટે ક્રેડિટ પૉઝિટીવ રહેશે. ખાસ કરીને યુરોપમાં ટૅરિફના નીચા દર સાથે બજારમાં પ્રવેશ મળતાં ભારતના શ્રમલક્ષી ક્ષેત્રોના ઉત્પાદનો વધુ સ્પર્ધાત્મક બનતાં ઉત્પાદન ક્ષેત્ર પ્રોત્સાહિત થશે અને રોકાણો પણ આકર્ષાશે, એમ મૂડીઝ રેટિંગ્સે આજે જણાવ્યું હતું.

ગત બુધવારે ભારત અને ઈયુ વચ્ચેની વાટાઘાટો પૂર્ણ થવાની જાહેરાત કરી હતી અને આ ડીલને 'મધર ઑફ ડીલ'ની ઉપમાં આપવામાં આવી છે. જેમાં ૨૭ રાષ્ટ્રોના આ સમૂહમાં ૯૩ ટકા ભારતીય શિપમેન્ટને ડ્યૂટી મુક્ત બજાર પ્રવેશનો લાભ મળશે, જ્યારે ઈયુથી ભારતમાં આયાત થતી લક્ઝરી કાર અને વાઈનની કિંમતમાં ઘટાડો થશે. નોંધનીય બાબત એ છે કે બે દાયકાની વાટાઘાટો બાદ આ ડીલ સંપન્ન થઈ છે. આ ડીલ થકી વિશ્વના બીજા ક્રમાંકના અર્થતંત્ર ઈયુ અને ચોથા ક્રમાંકના અર્થતંત્ર ભારતને બે અબજ લોકોની બજારનું એક્સેસ મળશે.

મૂડીઝ રેટિંગ્સે યાદીમાં જણાવ્યું હતું કે ભારતનો ઈયુ સાથેની વાટાઘાટોનો નિષ્કર્ષ વેપાર સંબંધમાં પસંદગીયુક્ત ધોરણે વૈવિધ્યકરણ લાવવાના સતત પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે અને આ કરાર અમલમાં આવશે ત્યારે તે ભારત માટે ક્રેડિટ પૉઝિટીવ રહેશે.

ખાસ કરીને ટૅરિફના નીચા દર અને વધુ સારી બજાર પહોંચ સાથે ભારતનાં ઉત્પાદન ક્ષેત્રને વિકસાવવા, વિદેશી રોકાણ આકર્ષવા અને ભારતની શ્રમલક્ષી માલની નિકાસ સ્પર્ધાત્મકતાને મજબૂત બનાવવાની મહત્ત્વાકાંક્ષાને ટેકો મળશે, એમ મૂડીઝે યાદીમાં ઉમેર્યું હતું. જોકે, આ મુક્ત વેપાર કરાર પર ઔપચારિક હસ્તાક્ષર અને અમલ આ વર્ષે થવાની અપેક્ષા મૂડીઝે વ્યક્ત કરી છે.

વધુમાં મૂડીઝ રેટિંગ્સે કહ્યું હતું કે ભારતમાં ઈયુથી થતી આયાત સામેના ટૅરિફના દર નીચા હોવાથી ભાવમાં ઘટાડો જોવા મળશે. જોકે, ભારતમાં થતી આવી ચીજોનો આયાત હિસ્સો ઓછો છે. યુરોપિયન કાર ઉત્પાદકોને વિશ્વની ત્રીજા ક્રમાંકની કાર બજારમાં સરળતાપૂર્વક પ્રવેશ મળતા તેઓ વધુ ઈયુ બ્રાન્ડનાં નવાં મૉડેલ રજૂ કરશે અલબત્ત તેને કારણે ભારતીય કાર ઉત્પાદકોમાં સ્પર્ધા વધશે.

મુક્ત વેપાર કરારના વ્યાપક લાભો મુખ્યત્વે વેપાર મૈત્રીમાં સુધારો અને નિયમોને સુવ્યવસ્થિત કરવા જેવાં પૂરક ક્ષેત્રોમાં પ્રગતિ પર આધાર રાખશે, એમ મૂડીઝે જણાવતાં ઉમેર્યું હતું કે એક વખત કરાર અમલમાં આવ્યા પછી ઑટો અને સ્ટીલ સિવાય ભારતમાંથી નિકાસ થતાં તમામ ૯૩ ટકાથી વધુ માલ સામાનને ઈયુમાં શૂન્ય ટકા ડ્યૂટી ધોરણે બજાર પ્રવેશ મળશે અને બાકીના છ ટકા આસપાસના માલો પર ડ્યૂટી ઘટાડો અને ક્વૉટા આધારિત ડ્યૂટી છૂટછાટો મળશે. જોકે, ઈયુ ખાતે ભારતીય માલ સામાન પર ટૅરિફના દર જે હાલ ૩.૮ ટકા જેટલા છે તે ઘટીને ૦.૧ ટકા જેટલા થશે.

પરંતુ અમુક ક્ષેત્ર એવા છે જેમાં ડ્યૂટીના દર ઊંચા છે તેમાં ખાસ કરીને દરિયાઈ ઉત્પાદનો (૦થી ૨૬ ટકા), રસાયણ (૧૨.૮ ટકા સુધી), પ્લાસ્ટિક અને રબર (૬.૫ ટકા સુધી), લેધર અને ફૂટવૅર (૧૭ ટકા સુધી), ટેક્સ્ટાઈલ, એપરલ અને ક્લોધિંગ (૧૨ ટકા સુધી), જેમ્સ અને જ્વેલરી (ચાર ટકા સુધી), રેલવે કોમ્પોનન્ટ્સ, એરક્રાફ્ટના પાર્ટસ, શિપ અને બોટ્સ (૭.૭ ટકા સુધી), ફર્નિચર અને લાઈટ કન્ઝ્યુમર ગૂડ્સ (૧૦.૫ ટકા સુધી), રમકડાં (૪.૭ ટકા સુધી) અને રમતગમતના સામાનો (૪.૭ ટકા)નો સમાવેશ થાય છે.

આ તમામ ચીજો પરની ભારત સામેની ડ્યૂટી દૂર થશે. જ્યારે બીજી તરફ ઈયુને તેના ૯૦ ટકા માલને દસ વર્ષના સમયગાળા સુધી ડ્યૂટી મુક્ત ધોરણે પ્રવેશ મળશે. જોકે, ભારત કરારના અમલીકરના પહેલા દિવસથી જ યુરોપીયન સામાનો પૈકી ૩૦ ટકા સામાનો પરની ડ્યૂટી દૂર કરશે.

## ડિસેમ્બરમાં ઔદ્યોગિક ઉત્પાદન બે વર્ષના ઉચ્ચ સ્તરે ૭.૮ ટકા વધ્યું

નવી દિલ્હીઃ ખાણકામ, ઉત્પાદન અને વીજળી ક્ષેત્રની મજબૂત કામગીરીને પરિણામે ડિસેમ્બર ૨૦૨૫માં ભારતનો ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ દર ૭.૮ ટકાના બે વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચ્યો હોવાનું બુધવારે જાહેર કરાયેલી સત્તાવાર આંકડાકીય માહિતીમાં જણાવાયું છે. ડિસેમ્બર ૨૦૨૪માં ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંકના સંદર્ભમાં માપવામાં આવતા ફેક્ટરી ઉત્પાદનમાં ૩.૭ ટકાનો વધારો થયો છે. ડિસેમ્બર ૨૦૨૫માં ઉદ્યોગ ગતિ વધુ મજબૂત બની, કારણ કે ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક ૭.૮ ટકા વધ્યો, જે નવેમ્બર ૨૦૨૫માં ૭.૨ ટકા (આરઇ)ની ઊંચી વૃદ્ધિ નોંધાવ્યા પછી બે વર્ષમાં તેના ઉચ્ચતમ સ્તરે પહોંચ્યો હોવાનું એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે.

## ભારત-ઈયુ કરાર, ત્રણ વર્ષમાં જેમ અને જ્વેલરીની નિકાસ બમણી થશેઃ જીજેઈપીસી

નવી દિલ્હીઃ ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેના મુક્ત વેપાર કરાર હેઠળ શૂન્ય ટકા ડ્યૂટી ધોરણે બજાર પ્રવેશ મળતાં આગામી ત્રણ વર્ષમાં ભારત-ઈયુ વચ્ચે જેમ્સ અને જ્વેલરીનો દ્વીપક્ષીય વેપાર બમણો થઈને ૧૦ અબજ ડૉલર (રૂ. ૯૧,૦૦૦ કરોડ) સુધી પહોંચે તેવો આશાવાદ જેમ ઍન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઈપીસી)એ વ્યક્ત કર્યો છે. આ કરાર અંતર્ગત કિંમતી આભૂષણો પરની બેથી ચાર ટકા ડ્યૂટી દૂર થતાં ૨૭ રાષ્ટ્રોના સમૂહ ઈયુમાં નિકાસની પ્રચૂર તકો ખૂલશે. તેમ જ આ મુક્ત વેપાર કરાર દેશનાં જેમ અને જ્વેલરી ઉદ્યોગના વૈવિધ્યકરણને સુપરચાર્જ કરશે અને આ પરિવર્તનશીલ કરારથી ત્રણ વર્ષમાં દ્વીપક્ષીય વેપાર બમણો કરીને રૂ. ૯૧,૦૦૦ કરોડ સુધી પહોંચાડવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે. વિશ્વની સૌથી મોટી ગ્રાહક બજારમાં શૂન્ય ટકા ડ્યૂટીથી પ્રવેશને કારણે ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળના નિકાસ મથકોને પ્લેન અને સ્ટડેડ કિંમતી આભૂષણો, ઈમિટેશન જ્વેલરીના નિકાસ શિપમેન્ટમાં વધારો થશે, એમ કાઉન્સિલના ચેરમેન કિરીટ ભણસાળીએ જણાવ્યું હતું.

અધિકૃત આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૨૪માં ભારતની યુરોપિયન યુનિયન ખાતે જેમ અને જ્વેલરીની નિકાસ ૩૦ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. તેમ જ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારત-ઈયુ વચ્ચે દ્વીપક્ષીય વેપાર ૧૯૦ અબજ ડૉલરનો રહ્યો હતો, જેમાં ભારતની માલ-સામાનની નિકાસ ૭૫.૯ અબજ ડૉલરની અને સર્વિસીસની નિકાસ ૩૦ અબજ ડૉલરની રહી હતી, જ્યારે ભારતની ઈયુ ખાતેથી માલ-સામાનની આયાત ૬૦.૭ અબજ ડૉલરની અને સર્વિસીસ આયાત ૨૩ અબજ ડૉલરની થઈ હતી. જોકે ઈયુની ભારતથી જ્વેલરીની આયાત ૬૨.૮ કરોડ ડૉલર સુધીની મર્યાદિત રહી હતી, જેમાં કિંમતી આભૂષણોની આયાત ૫૭.૩ કરોડ ડૉલરની અને ઈમિટેશન જ્વેલરી અથવા તો ફેશન જ્વેલરીની આયાત ૫.૫ કરોડ ડૉલરની રહી હતી. આ ચીજો પર હાલમાં બેથી ચાર ટકા ડ્યૂટી લાદવામાં આવે છે.

એકંદરે હાલને તબક્કે યુએસ ખાતેની નિકાસમાં ૪૪ ટકા જેટલો ઘટાડો થયો છે ત્યારે ઈયુ સાથે થયેલા આ કરાર સમયસરના છે, જેથી અમેરિકા ખાતેની નિકાસ ઘટ ઈયુથી અમુક અંશે સરભર થશે, એમ તેમણે ઉમેર્યું હતું.



જૂનાગઢના જાણીતા કલાકાર પદ્મશ્રી હાજી રમકડું (મીર હાજી કાસમ)નું મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે સ્ટેજ પર ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. હાજી રમકડુંએ આ સન્માન સ્વીકારતા કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. (તસ્વીરઃ હરેશ સોની, જૂનાગઢ)

# કિડાણામાં કરોડોની સરકારી જમીન પરના રીઢા આરોપીના દબાણને હટાવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાતમાં ફાવી ગયેલા અસામાજિક તત્ત્વો વિરુદ્ધ પોલીસ દ્વારા ધાક બેસાડતી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે જે અંતર્ગત પાકિસ્તાનને અડકીને આવેલા કચ્છમાં પણ વારંવાર ગુના આચરવાની ટેવ ધરાવતાં માથાભારે શખસો વિરુદ્ધ જુદા-જુદા પ્રકારની કાર્યવાહી જારી રાખી છે અને ગાંધીધામ સંકુલના કિડાણામાં વધુ એક ગુનેગારના દબાણોને મહાપાલિકા સાથે મળીને પોલીસે ધૂળ ભેગાં કરી દીધા હતા.

તાજેતરમાં રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા માથાભારે શખસોની ૧૦૦ કલાકની અંદર તૈયાર કરેલી યાદી મુજબ, પૂર્વ કચ્છ પોલીસે ૧૯૦૦ જેટલા અસામાજિક તત્ત્વો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી અને તેમના બિનઅધિકૃત દબાણો, વીજ જોડાણો કાપી નાખવામાં આવ્યાં હતાં. પોલીસે આ કામગીરી સમયાંતરે ચાલુ રાખીને ઝુંબેશ જારી રાખી છે. કિડાણામાં રહેનાર મુસ્તાક કાસમ નાગિયા (કકલ) નામના શખસ સામે અગાઉ બી-ડિવિઝન પોલીસ મથકે શરીર સંબંધી, રાયોટિંગ જેવા ત્રણેક જેટલા ભારે ગુના નોંધાયેલા છે. આ શખસના બિનઅધિકૃત દબાણો અંગે મહાપાલિકા પાસેથી માહિતી મેળવાઇ હતી. કિડાણા-ભારાપર ચાર રસ્તાથી અડધો કિ.મી. દૂર કંડલા સ્પેશિયલ ઇકોનોમિક ઝોન તરફ જતાં માર્ગની આસપાસ સરકારી જમીન પર ૧૮૬૦ વાર ચોરસ ફૂટ જેટલું ઓરડીઓ બનાવીને દબાણ કર્યું હતું.

અંદાજિત રૂપિયા ૧,૮૬,૦૦,૦૦૦ના હાલના મૂલ્યની આ સરકારી જમીનને ખુલ્લી કરવા માટે મનપાના અધિકારીઓને સાથે રાખીને પોલીસ અહીં પહોંચી હતી અને આ બિનઅધિકૃત દબાણો તોડી પાડી સરકારી જમીન ખાલી કરાવાઇ હતી. ઉલ્લેખનીય છે કે, કચ્છ પોલીસે આરોપીઓનું જાહેર ઇન્ટરોગેશન કરીને સ્વેચ્છાએ અતિક્રમણોને હટાવી લેવાની કડક સૂચના આપી હતી, તેવામાં અચાનક દબાણ હટાવ કાર્યવાહી શરૂ કરાતાં આવા લુખ્ખા તત્ત્વોમાં સોપો પડી ગયો છે. ■

# ભાવનગરમાં રખડતાં ઢોરનો ત્રાસ યથાવત્: લોકોને પરેશાની

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં મહાપાલિકા દ્વારા રખડતાં ઢોરને પકડવાના દાવા વચ્ચે શહેરના દરેક વિસ્તારમાં રખડતાં ઢોરનો ત્રાસ યથાવત્ રહેવા પામ્યો છે. શહેરના કુંભારવાડામાં ખૂંટિયાઓનુ ધિંગાણું જામ્યું હતું. આથી પગપાળા નીકળતા લોકો અને વાહનચાલકો ભયભીત થયા હતા. લાંબા સમય સુધી આ ધીંગાણું શરૂ રહેતા અનેક વાહનચાલકોને રસ્તા પર સલામત રીતે થોભી જવું પડયું હતું. ખૂંટિયાઓ ઉપરાંત ગાયો પણ રસ્તા પર અડીંગો જમાવી દે છે. આથી લોકોને પરેશાનીનો સામનો કરવો પડે છે. ■

# ગાંધીધામમાં આંગડિયા પેઢીમાં કામે રાખેલા પિતરાઈ ભાઈએ કરી રૂ.૭૦ લાખની ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના આર્થિક પાટનગર ગાંધીધામ ખાતે કાર્યરત એક આંગડિયા પેઢીમાં કામ કરનારા પિતરાઈ ભાઈએ, તેના કૌટુંબિક ભાઈ સાથે રૂા.૬૯,૭૯,૮૯૦ રૂપિયાની ઠગાઈ કરતાં શહેરભરમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ બનાવ અંગે ગુરુકુળ વિસ્તારમાં રહેનાર જિગરકુમાર જયંતીલાલ ઠક્કરે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ગાંધીમાર્કેટ સામે પાર્વતી ચેમ્બરમાં ઓફિસ નંબર ૧૯માં પ્રાઈમ એન્ટરપ્રાઈઝ નામની આંગડિયા પેઢી ચલાવે છે. અગાઉ સામખિયાળી ખાતે આંગડિયા પેઢી ચલાવનાર તેના સગા કાકા જિતેન્દ્રકુમાર નારાણદાસ ઠક્કર અને કાકી નયનાબેનના કહેવાથી તેમના પુત્ર હર્ષને સામખિયાળીની ઓફિસમાં કામે રાખ્યો હતો. બાદમાં ગાંધીધામ ખાતે પેઢી ચાલુ કરી હતી, જેમાં કામકાજ અર્થે પગારથી હર્ષને નોકરીએ રાખ્યો હતો. શરૂઆતમાં તેનો આ પિતરાઈ ભાઈ વ્યવસ્થિત રીતે વહીવટ સંભાળતો હતો. બાદમાં વર્ષ ૨૦૨૪માં હિસાબની તપાસ કરતાં હિસાબમાં વધઘટ જણાઈ આવી હતી. હર્ષને તે અંગે પૂછતાં તેણે ઉઘરાણી બાકી હોવાનું કહી ઉઘરાણીની યાદી બનાવી હતી. બાદમાં ફરીથી વર્ષ ૨૦૨૫માં હિસાબ માગતાં હર્ષ યોગ્ય જવાબ આપવાને બદલે પોતાનાં ઘરે ગાંધીનગર ચાલ્યો ગયો હતો. હિસાબની માગણી સામે તે બહાના કરતો હોઈ, છેતરપિંડી કરી હોવાનું જણાતાં તેઓએ ઓફિસે આવી ખાતાની ઝીણવટભરી તપાસ કરી હતી અને હર્ષને ફોન કરી ખાતાબુકની પીડીએફ મગાવી હતી, જે યાદીમાં જેના પૈસા બાકી બોલતા હતા તેનો સંપર્ક કરતાં તેમની કોઈ લેવડ-દેવડ બાકી ન હોવાનું તથા અમુક બાકીદારોનાં નામ પણ ખોટાં લખેલાં હોવાનું બહાર આવતાં પોતાના કાકા, કાકીને તેની જાણ કરી હતી.

ત્યારબાદ પિતરાઈ ભાઈએ રૂા. ૭૯,૬૪,૮૯૦માંથી રૂા.પાંચ લાખ પહેલાં અને રૂા. ૪,૯૫,૦૦૦ માફી માંગીને પરત ચૂકવી દીધા હતા. રૂા.૬૯,૭૯,૮૯૦ની બાકી નીકળતી રકમ અંગે વારંવાર ઉઘરાણી કરવા છતાં તે ખોટા વાયદા આપતો હતો. ગાંધીધામ પોલીસે આરોપી ભાઈ વિરુદ્ધ છેતરપિંડી સહિતની કલમો તળે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ભાવનગરમાં પીએસઆઇ સહિત ચાર પોલીસ કર્મી વિરુદ્ધ તેના જ પોલીસ મથકમાં ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લા પોલીસની માઠી બેઠી હોય તેમ એક પછી એક વિવાદોથી ઘેરાયેલી જોવા મળી રહી છે. ચકચારી બગદાણા વિવાદ અને ઘોઘા પોલીસ મથકના પીએસઆઈના ત્રાસથી પોલીસ કર્મચારીના આપઘાતના બનાવમાં અનેક પ્રશ્નોથી ઘેરાયેલી ભાવનગર પોલીસ વધુ એક મામલે ઘેરાઈ છે. ગત તા.૨૧-૧ના રોજ રાત્રિના સમયે જાહેર રસ્તા પર અડચણરૂપ ભેંસો ચલાવવા મુદ્દે ખુંટવડાના યુવકને ભેંસો સાઈડમાં લેવાનું કહેતા યુવકે ખુંટવડા પીએસઆઈ સહિતના કર્મચારીઓ પર હુમલો કર્યા અંગેની અને ફરજ રૂકાવટની પોલીસ ફરિયાદ ખુંટવડા પીએસઆઈ યાદવે ભાવેશ રાઘવભાઈ ચોસલા વિરૂદ્ધ નોંધાવી હતી. જે બાદ ગત રોજ આ મુદ્દે યુવકે પોલીસ સામે ફરિયાદ નોંધાવી હતી. મહુવાના મોટા ખુંટવડા ખાતે રહેતા ભાવેશભાઈ રાઘવભાઈ ચોસલાએ ખુંટવડા પોલીસ મથકમાં ખુંટવડા પીએસઆઈ આર.જે.યાદવ, જસકુભાઈ કામળીયા, જીઆરડી જવાન નાગજીભાઈ અને ૧૧૨માં આવેલા જાડેજા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં ગત તા.૨૧ના રોજ સાંજે તેઓ વાડીએથી ભેંસો લઈને ઘરે જઈ રહ્યાં હતા ત્યારે બોરડી તથા ખુંટવડાની વચ્ચે રોજકી નદીના નાળા પર ભેંસો લઈને પહોંચ્યા ત્યારે પાછળથી ખુંટવડા પીએસઆઈ પાછળથી સરકારી જીપ લઈને આવતા હતા અને તેમણે નીચે ઊતરીને ભેંસો સાઈડમાં લેવાનું કહી ખીજાવા લાગ્યા હતા, આ વખતે રસ્તો સાંકડો હોય ભેંસો સાઈડમાં જઈ શકે તેમ નહીં હોવાથી પહોળો રસ્તો આવે ભેંસો હાકી લવ તેમ કહેતા ઉગ્ર થઈ પીએસઆઈ યાદવ, જસકુભાઈ અને જીઆરડી જવાન નાગજીભાઈએ તેમને માર મારી ઈજા પહોંચાડી હતી. બાદમાં ૧૧૨ ગાડીમાં આવેલા જાડેજા સાહેબે તેમને માર મારી ધમકી આપી હતી. આ અંગે ખુંટવડા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આમ, પોતાના જ પોલીસ મથકમાં પીએસઆઈ સહિતના પોલીસ કર્મચારીઓ આરોપી બની ગયા છે. ■

# ધોરડોના સફેદ રણમાં લહેરાયો ખાદીથી બનેલો વિશ્વનો સૌથી મોટો તિરંગો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દેશના ૭૭મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ભાતીગળ કચ્છને પ્રવાસનની બાબતમાં વૈશ્વિક ખ્યાતિ અપાવનારા ધોરડો ખાતેના શ્વેત રણમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના વારસા સમી ખાદીમાંથી બનેલા વિશ્વના સૌથી મોટા તિરંગાને ફરકાવી દેશભક્તિ અને સ્વદેશી શક્તિનો ઐતિહાસિક સંગમ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.

ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ દ્વારા આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી માટે ડિઝાઇન કરવામાં આવેલો, હાથથી કાંતેલા અને હાથથી વણાયેલા ખાદી કપાસ દ્વારા બનાવાયેલો રાષ્ટ્રીય ધ્વજ ૨૨૫ ફૂટ લાંબો, ૧૫૦ ફૂટ પહોળો અને ૧૪૦૦ કિલોગ્રામ વજનનો છે. ધ્વજમાં અશોકચક્રનો વ્યાસ ૩૦ ફૂટ છે જેને તૈયાર કરવામાં ૭૦ ખાદી કારીગરને ૪૯ દિવસ લાગ્યા હતા.

આ અદ્ભુત પ્રદર્શનનું આયોજન ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય, ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. સફેદ રણમાં પ્રકાશિત વિશ્વનો સૌથી મોટો આ ત્રિરંગો દેશભક્તિ, સ્વદેશી ભાવના અને સાંસ્કૃતિક વારસાનું પ્રતીક બન્યો હતો. દેશભરના ખાદી કારીગરોએ વીડિયો સંદેશાઓ દ્વારા કચ્છમાં સ્થાપિત વિશ્વના સૌથી મોટા ત્રિરંગા ધ્વજને સલામી આપીને એક નવો રેકોર્ડ બનાવ્યો હતો. ભારતીય સેના અને સીમા સુરક્ષા દળના જવાનો દ્વારા ખાદીથી બનેલા વિશ્વના સૌથી મોટા આ ધ્વજને લશ્કરી સન્માન સાથે ફરકાવાયો હતો. ■

# મુંદરાના લુણી ગામ પાસે અજાણ્યા વાહને પગપાળા જતી ચાર મહિલાને હડફેટે લેતાં બેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મુંદરા તાલુકાના લુણી ગામ પાસે આવેલા ગણેશ મંદિરે દર્શનાર્થે પગપાળા જતી ગુંદાલાની ચાર મહિલાને અજાણ્યા વાહને હડફેટે લેતાં માનબાઇ લીલાધરભાઇ દાફડાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું, જ્યારે લાલબાઇ કાયાભાઇ દાફડાએ સારવાર દરમ્યાન છેલ્લા શ્વાસ લીધા હતા.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, ગત ૨૧મી જાન્યુઆરીના રોજ ફરિયાદી એવા ૬૦ વર્ષીય લક્ષ્મીબેન ઉર્ફે લખમાબાઇ ખમુભાઇ દાફડા તથા તેમના જેઠાણી માનબાઇ અને બહેન લાલબાઇ તથા ભત્રીજી ધનબાઇ વેલજી દાફડા (રહે.ચારે ગુંદાલા) લુણીના ગણેશ મંદિરે દર્શન કરવા ગુંદાલાથી રિક્ષામાં બેસીને લુણી ચાર રસ્તા પાસે ઊતર્યા હતા. ત્યાંથી ગણેશ મંદિર જવા પગપાળા નીકળ્યા હતા અને અડધો કિ.મી.ચાલતા ચારેય બહેનોને પાછળથી પૂરપાટ આવતા, વાંસડા ભરેલા સફેદ ટેમ્પાએ ચારેને હડફેટે લેતાં જેઠાણી માનબાઇને માથામાં ગંભીર ઇજા પહોંચતાં તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.

ફરિયાદી લક્ષ્મીબેન અને ધનબાઇને મૂઢમાર જેવી ઇજા પહોંચી હતી અને તેમની બહેન લાલબાઇને માથામાં તેમ જ શરીરે ગંભીર ઇજા પહોંચી હતી. લાલબાઇને વધુ સારવાર અર્થે ભુજ ખસેડાયા હતા, જ્યાં ગઇકાલે સારવાર દરમ્યાન તેમનું મોત નીપજ્યું હતું. મુંદરા મરિન પોલીસે અજાણ્યા સફેદ ટેમ્પાચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. ■



# જૂનાગઢમાં નરસિંહ મહેતા સરોવર મુખ્ય પ્રધાનના હસ્તે ખુલ્લું મુકાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જૂનાગઢ ખાતે નરસિંહ મહેતા સરોવર ખુલ્લું મૂક્યું હતું. રૂ. ૬૮ કરોડના ખર્ચે નૂતનીકરણ થયા બાદ લાંબા સમયે તળાવ ફરી ખુલ્લું મૂકવામાં આવતા જૂનાગઢવાસીઓ અને પર્યટકોને નવું આકર્ષણ મળ્યું હતું. આ સાથે જ તેમણે નવા ફાયર સેફ્ટી વાહનોને લીલી ઝંડી આપી હતી. મુખ્ય પ્રધાને કુલ રૂ. ૨૨૦ કરોડના ખર્ચે ૨૬ જનહીતકારી વિકાસકાર્યોનું લોકાર્પણ તેમ જ ખાતમુહૂર્ત કર્યા હતા. આ વિવિધ પ્રોજક્ટ્સમાં પાણીપુરવઠા, શિક્ષણ, આરોગ્ય, રમતગમત સંકુલ વગેરેનો સમાવેશ થાય છે. નરસિંહ મહેતા સરોવર ખાતે આવેલા શહીદ સ્મારક પર મુખ્યમંત્રીએ તકતી અનાવરણ કરી હતી. તેમણે લોકોને સ્વચ્છતા જાળવવા પણ અપીલ કરી હતી.

તસ્વીરઃ હરેશ સોની, જૂનાગઢ



# રાજકોટના જંગલેશ્વરના રહેવાસીઓને મકાન ખાલી કરવા ફાઈનલ નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના પૂર્વ ઝોન મામલતદારે રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં સરકારી જમીન પર રહેતા રહેવાસીઓને ઘર ખાલી કરાવવાની અંતિમ નોટિસ જારી કરી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં જંગલેશ્વર, નાડોદાનગર, બુદ્ધનગર અને રાધા-કૃષ્ણનગરનો સમાવેશ થાય છે.

મામલતદાર કચેરીના જણાવ્યા અનુસાર, છેલ્લા ત્રણથી ચાર દાયકામાં કલેક્ટરના અંતિમ પ્લોટ પર લગભગ ૧,૩૫૭ અતિક્રમણ થયા છે. જિલ્લા વહીવટીતંત્રે હવે આ અનધિકૃત બાંધકામોને દૂર કરવા માટે એક મોટી ઝુંબેશ શરૂ કરી છે. અગાઉ, કલમ ૬૧ હેઠળ નોટિસ જારી કરવામાં આવી હતી અને રહેવાસીઓને વ્યક્તિગત સુનાવણીની તક આપવામાં આવી હતી. જો કે, મોટાભાગના રહેવાસીઓ ચકાસણી પ્રક્રિયા દરમિયાન માન્ય જમીન માલિકી દસ્તાવેજો રજૂ કરવામાં નિષ્ફળ ગયા હતા.

મંગળવારે, મામલતદારે કલમ ૨૦૨ હેઠળ અંતિમ નોટિસ જારી કરી હતી, જેમાં રહેવાસીઓને સાત દિવસની અંદર જમીન ખાલી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. અધિકારીઓએ ચેતવણી આપી હતી કે જો નિર્ધારિત સમયગાળામાં અતિક્રમણ દૂર કરવામાં નહીં આવે તો તોડી પાડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. લગભગ એક લાખ ચોરસ મીટર સરકારી જમીન પાછી મેળવવા માટે, પૂર્વ ઝોન મામલતદારે શરૂઆતમાં રાજકોટની સ્થાનિક કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. ત્યારબાદ, સરકારની મંજૂરી સાથે, આ મામલો ગુજરાત હાઇ કોર્ટમાં લઈ જવામાં આવ્યો હતો.

વહીવટીતંત્રે ખાલી કરાવવાની અંતિમ નોટિસ જારી કરતા પહેલા પાંચ દિવસ, ૨૯, ૩૦ અને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ અને ૮ અને ૧૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ સુનાવણી પણ કરી હતી.

રહેવાસીઓનો દાવો છે કે લગભગ ૪,૦૦૦ પરિવારો, જેમાં લગભગ ૨૦,૦૦૦ લોકોનો સમાવેશ થાય છે, ઘણા દાયકાઓથી આ વસાહતોમાં રહે છે. સરકાર જો ડિમોલિશન કરશે તો હજારો પરિવારો બેઘર થઈ જશે, આથી તેમણે આ વસાહતોને નિયમિત કરવાની અપીલ પણ કરી હતી.

કોર્ટે અધિકારીઓને રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના હેઠળ આ મામલાની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હોવાનું કહેવાય છે. રહેવાસીઓએ પણ વૈકલ્પિક રહેણાકની માગણી કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# પશ્ચિમ રેલવે ચલાવશે પોરબંદર-જોધપુર વચ્ચે વન-વે સ્પેશિયલ ટ્રેન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ રેલવે દ્વારા બે નવી વન-વે સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, જેમાં એક પોરબંદર-જોધપુર રૂટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વિશેષ ભાડા સાથે આ ટ્રેન ચાલશે. પોરબંદરથી જોધપુર જનારી ટ્રેન જામનગર અને રાજકોટ થઈને પણ જશે, જેથી આ એક વધુ વિકલ્પ સૌરાષ્ટ્રમાં જ અવર-જવર કરનારા લોકોને મળશે.

આ ટ્રેનને મળતી વિગતો અનુસાર ટ્રેન સંખ્યા ૦૯૨૯૧ પોરબંદર-જોધપુર સ્પેશિયલ રવિવાર,૦૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ પોરબંદરથી ૧૯.૪૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૧૩.૦૦ કલાકે જોધપુર પહોંચશે. આ ટ્રેન માર્ગમાં વાંસજાલિયા, લાલપુરજામ, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પટણ, ભીલડી, ધાનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ અને સમદડી સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં સ્લીપર ક્લાસ તથા જનરલ સેકન્ડ ક્લાસના કોચ હશે.

બીજી ટ્રેન સાબરમતી-બીકાનેર વચ્ચે દોડશે. ટ્રેન સંખ્યા ૦૯૪૯૧ સાબરમતી-બીકાનેર વન-વે સ્પેશિયલ શુક્રવાર,૩૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સાબરમતીથી ૧૭.૫૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૦૬.૩૦ કલાકે બીકાનેર પહોંચશે. માર્ગમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, મારવાડ, જોધપુર અને નાગૌર સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર ક્લાસ તથા જનરલ સેકન્ડ ક્લાસના કોચ રહેશે. ૨૯ જાન્યુઆરીથી આ ટ્રેનમાં બુકિંગ શરૂ થશે. ■

# સરકારી બેન્ક કર્મચારીઓની દેશવ્યાપી હડતાળથી કચ્છમાં કરોડોના વ્યવહાર ખોરવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સપ્તાહમાં પાંચ દિવસ બૅન્કો કાર્યરત રહે એ માંગ સાથે યુનાઇટેડ ફોરમ ઓફ બૅન્ક યુનિયન દ્વારા અપાયેલી દેશવ્યાપી હડતાળમાં સરહદી કચ્છ જિલ્લાની તમામ સરકારી બૅન્કના કર્મચારીઓ જોડાતાં કરોડોના વ્યવહાર અટવાયા હતા. અલબત્ત, દ્વિપક્ષીય કરાર સમયે બૅન્ક યુનિયન અને ઇન્ડિયન બૅન્ક એસો. વચ્ચે થયેલા કરાર મુજબ બૅન્કો સપ્તાહમાં પાંચ દિવસ કામ કરશે, તેના બદલામાં ૪૦ મિનિટનો કામકાજના સમયમાં વધારો થશે, આ સમજૂતીને ઇન્ડિયન બૅન્ક એસો. દ્વારા નાણાં વિભાગની મંજૂરી માટે મોકલાઈ હતી. કેન્દ્ર સરકારની કચેરીઓ, વીમા કંપનીઓ, શૅરબજારમાં પાંચ દિવસના સપ્તાહનો અમલ થઇ ગયો છે, પરંતુ બૅન્કમાં આ નિયમનું ધરાર અમલીકરણ ન કરાતાં આ હડતાળનું એલાન અપાયું હતું. ભુજ અને અંજારમાં બૅન્ક ઓફ બરોડા પાસે ૨૦૦થી વધારે કર્મચારીઓએ સૂત્રોચ્ચાર કરી ઉગ્ર દેખાવો કર્યા હતા. શનિ, રવિ અને સોમ બાદ સતત ચોથા દિવસે હડતાળના કારણે બૅન્કિંગ સેવા ખોરવાયેલી રહેતાં ખાતાધારકોને પારાવાર હાલાકી ભોગવવી પડી હતી. ■

# રાજકોટ એઈમ્સ હૉસ્પિટલના ડૉક્ટર ગુમ, પોલીસે શરૂ કરી શોધખોળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની એઈમ્સ હૉસ્પિટલ-કૉલેજમાં અભ્યાસ કરતો એક રેસિડેન્ટ ડોક્ટર અચાનક ગાયબ થઈ ગયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ડૉ. રતનકુમાર મેઘવાલ ભેદી સંજોગોમાં ગુમ થઈ ગયો હતો. આ વાત બહાર આવતા પોલીસે શોધખોળ શરૂ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં રતનકુમાર ભણી રહ્યો હતો. તે સીસીટીવીમાં મંગળવારે મોડી રાત્રે બહાર મેડિકલ હોસ્ટેલમાંથી બહાર નીકળતા દેખાયો હતો ત્યારબાદ પાછો ફર્યો ન હતો.

આ મામલે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. આ રીતે અચાનક ૨૫ વર્ષીય ડૉક્ટર ગુમ થઈ જતા મેડિકલ સ્ટુડન્ટ્સ અને સ્ટાફ પણ ચિંતામાં આવી ગયો હતો. પોલીસે અલગ અલગ ટીમ બનાવી તેની શોધખોળ શરૂ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વિદ્યાર્થી મૂળ રાજસ્થાનનો વતની છે અને ચાર વર્ષથી અહીં રહી અભ્યાસ કરતો હોવાનું જાણવા મળ્યું હતું. ■